RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 313 Dt. 19-05-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# અમેરિકા-ઈરાન વચ્ચે ફરી યુદ્ધના ભણકારા !

## ઈરાનના નકશા પર અમેરિકાનો ઝંડો અને ટ્રમ્પે 'કિલ બટન' દબાવતી તસવીરો કરી પોસ્ટ




નવી દિલ્હી, તા.૧૮

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે મધ્ય પૂર્વમાં ભારે તણાવની સ્થિતિ છે. આ મડાગાંઠ વચ્ચે બંને દેશોમાંથી કોણ પીછેહઠ કરશે તેના પર સમગ્ર વિશ્વની નજર છે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોડી રાત્રે સોશિયલ મીડિયા પર ઈરાનને ખુલ્લી ચેતવણી આપતા અનેક પોસ્ટ કરીને ખળભળાટ મચાવી દીધો છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' (Truth Social) પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા તૈયાર કરાયેલા ૨૦થી વધુ હિંસક અને સૈન્ય હુમલાના ચિત્રોનો મારો ચલાવ્યો હતો.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે થોડા જ કલાકોમાં ૨૦થી વધુ એવા ચિત્રો શેર કર્યા છે, જે અમેરિકા દ્વારા ઈરાન પર મોટા સૈન્ય હુમલાનો સંકેત આપે છે. ઈરાનના નકશા પર અમેરિકન ધ્વજ લહેરાતો જોવા મળ્યો હતો. ટ્રમ્પે શેર કરેલા એક ચિત્રમાં ઈરાનનો નકશો બતાવવામાં આવ્યો છે, જેના પર અમેરિકાનો રાષ્ટ્રધ્વજ મૂકેલો છે અને નકશા પર ચારેય બાજુથી હુમલાના તીર દર્શાવવામાં આવ્યા છે.

અન્ય એક ચિત્રમાં અમેરિકન ડ્રોન ઈરાનની ઝડપી નૌકાઓ (Fast boats) પર હુમલો કરતું દેખાય છે, જેની નીચે કેપ્શન લખવામાં આવ્યું છેઃ ''બાય બાય, ફાસ્ટ બોટ્સ''.તેમણે એક એવો વીડિયો પણ પોસ્ટ કર્યો છે. જેમાં અમેરિકાનું યુદ્ધજહાજ ઈરાનના વિમાનને નિશાન બનાવી રહ્યું છે. આ વીડિયોની બાજુમાં ટ્રમ્પ પોતે ટેબલ પર આંગળીઓ પછાડીને કોમ્પ્યુટર પર ટાઈપ કરવાનો અભિનય કરતા કહી રહ્યા છે, ''બા બા બા... ફાયર, બૂમ.''

એક ચિત્રમાં ટ્રમ્પ અંતરીક્ષમાં સ્પેસ ફોર્સના શીર્ષક હેઠળ સેટેલાઈટ્સથી ઘેરાયેલા જોવા મળે છે. અન્ય એક ચિત્રમાં તેઓ સ્પેસક્રાફ્ટની અંદર હુમલાનું બટન દબાવતા દેખાય છે. જેમાં પાછળની સ્ક્રીન પર મિસાઈલ હુમલા અને પરમાણુ વિસ્ફોટ (Nuclear Blast) જેવો નજારો દેખાઈ રહ્યો છે.

સોશિયલ મીડિયા પર આ ચિત્રો પોસ્ટ કરવા ઉપરાંત ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને કડક શબ્દોમાં ધમકી આપી છે. તેમણે લખ્યું કે, ઈરાને શાંતિ સમજૂતી તરફ ઝડપથી આગળ વધવું પડશે, નહીંતર તેમનું અસ્તિત્વ જ ભૂંસાઈ જશે. ઈરાન માટે ઘડિયાળ ચાલી રહી છે, અને તેઓ ઝડપથી પગલાં ભરે તે તેમના હિતમાં છે, નહીંતર તેમનું નામોનિશાન બાકી નહીં રહે. સમય અત્યંત કિંમતી છે!

અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત દળોએ ૨૮ ફેબ્રુઆરીથી ઈરાન પર હુમલા શરૂ કર્યા હતા. ત્યારથી બંને પક્ષો વચ્ચે ચાલી રહેલા આ ભીષણ યુદ્ધને રોકવા કે શાંતિ સ્થાપવા માટે અત્યાર સુધી કોઈ પ્રગતિ થઈ શકી નથી. આ યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે ઈંધણ અને ક્રૂડ ઓઈલના ભાવ સતત વધી રહ્યા છે.

આ યુદ્ધના પરિણામે વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતી ખાડી સ્ટ્રેટ ઑફ હોર્મુઝ સંપૂર્ણપણે બ્લોક થઈ ગઈ છે. સામાન્ય દિવસોમાં વિશ્વના કુલ તેલ નિકાસનો ૨૦ ટકા હિસ્સો અહીંથી પસાર થાય છે.

ઈરાનની સાથે પડોશી દેશો ઈઝરાયેલ અને લેબેનોન પણ આ જીવલેણ સંઘર્ષમાં ખોટી રીતે ફસાયા છે. ઈરાનનું કટ્ટરપંથી શાસન અને હિઝબુલ્લાહ સંગઠન માગ કરી રહ્યા છે કે, અમેરિકા સાથે કોઈ પણ વ્યાપક કરાર કરતાં પહેલા લેબેનોનમાં કાયમી યુદ્ધવિરામ લાગુ કરવામાં આવે. જોકે, ઈરાન પોતાની શરતો પર સમજૂતી સ્વીકારવાનો ઈન્કાર કરી રહ્યું હોવાથી ડોનાલ્ડ ટ્રમ્પ ભારે નારાજ છે.

## ભાવ વધાર્યો છતાં ઓઈલ કંપનીઓને રોજનું અબજોનું નુકસાન

# પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચવાની વકી




નવી દિલ્હી, તા.૧૮

પેટ્રોલ-ડીઝલના ભાવમાં તાજેતરમાં કરવામાં આવેલા વધારા છતાં સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ હજુ પણ ભારે નાણાકીય દબાણનો સામનો કરી રહી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ સોમવારે જણાવ્યું કે, ભાવવધારા પછી પણ આ કંપનીઓ દૈનિક લગભગ ૭૫૦ કરોડ રૂપિયાનું નુકસાન સહન કરી રહી છે. તેમણે આ માહિતી એવા સમયે આપી છે જ્યારે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે છેલ્લા દોઢ મહિનાથી વૈશ્વિક ઊર્જા સપ્લાય ચેન પ્રભાવિત થઈ છે અને ક્રૂડ ઓઈલ તેમજ LNGની આયાતમાં સતત અવરોધો આવી રહ્યા છે.ભારત પાસે પૂરતો ઈંધણનો સ્ટોક દેશમાં ઈંધણના પુરવઠાની વર્તમાન સ્થિતિ અંગે ખાતરી આપતાં શર્માએ જણાવ્યું કે, ભારત પાસે પૂરતો ઈંધણનો સ્ટોક ઉપલબ્ધ છે અને દેશમાં ક્યાંય પણ અછતના અહેવાલ નથી. તેમણે ઉમેર્યું કે, 'અમારી પાસે પૂરતો ઈન્વેન્ટરી સ્ટોક છે અને ક્યાંય પણ ઈંધણ ખૂટી ગયું હોય તેવી સ્થિતિ નથી. દેશભરમાં પેટ્રોલિયમ પેદાશોનો અવિરત પુરવઠો અને સરળ વિતરણ સુનિશ્ચિત કરવા માટે સરકાર અને ઓઈલ કંપનીઓ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે.'

તેમણે વધુમાં સ્પષ્ટતા કરી કે અગાઉ સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓનું દૈનિક નુકસાન લગભગ ૧૦૦૦ કરોડ રૂપિયા હતું, જે તાજેતરના ભાવવધારા બાદ ઘટીને આશરે ૭૫૦ કરોડ રૂપિયા પ્રતિ દિવસ પર આવી ગયું છે. જો કે, તેમણે સ્પષ્ટ કહ્યું કે, કેન્દ્ર સરકાર હાલના તબક્કે જાહેર ક્ષેત્રની ઈંધણ વિક્રેતા કંપનીઓ માટે કોઈ આર્થિક સહાય આપવા અંગે વિચારી રહી નથી. LPGના પુરવઠા અંગે શર્માએ જણાવ્યું કે, 'વૈશ્વિક પડકારો છતાં ઓઈલ કંપનીઓ સ્થિતિ જાળવવામાં સફળ રહી છે. છેલ્લા ૪ દિવસમાં લગભગ ૧.૬૯ લાખ સિલિન્ડરના બુકિંગ સામે અંદાજે ૧.૭૨ લાખ એલપીજી સિલિન્ડરની ડિલિવરી કરવામાં આવી છે, જે દર્શાવે છે કે સપ્લાય ચેન સંપૂર્ણપણે કાર્યરત અને સ્થિર છે.'

## મિડલ ઈસ્ટમાં યુદ્ધને કારણે નીતિન ગડકરીના પરિવારને કરોડોનું નુકસાન, કન્ટેનર ફસાયા

નવી દિલ્હી, તા.૧૮

અમેરિકા-ઈરાન વચ્ચે મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા વિવાદના કારણે ભારતીય વેપાર સહિત કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના પરિવારના બિઝનેસ પણ મોટું આર્થિક નુકસાન થયું છે. બંને દેશો વચ્ચે તણાવના કારણે ગડકરીના પરિવારના સેંકડો કન્ટેનર રસ્તામાં ફસાઈ જતા કરોડોનું નુકસાન થઈ રહ્યું છે. આ વાતનો ખુલાસો ખુદ ગડકરીએ કર્યો છે.

નાગપુરમાં એક કાર્યક્રમમાં ગડકરીએ યુદ્ધના કારણે તેમના પરિવાર કેવી સમસ્યાનો સામનો કરી રહ્યો છે, તેનો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે, 'મારી કંપની સુગરમાંથી ડિટર્જન્ટ બનાવે છે અને તે કામ મારી વહુ જુએ છે. અમારા ડિટર્જન્ટના લગભગ ૧૦૦ કન્ટેનર દર મહિને અમેરિકામાં મોકલવામાં આવતા હતા, જોકે ત્યાં યુદ્ધ શરૂ થતા અમારા કન્ટેનરો ત્યાં જવાના બંધ થઈ ગયા છે.તેમણે કહ્યું કે, 'મધ્ય-પૂર્વમાં સંકટના કારણે અમારો ધંધો ચોપટ થઈ ગયો છે. આ સંકટ છતાં અમે હાર માની નથી. હવે તેમણે લોકલ માર્કેટમાં માલ-સામાન પહોંચાડવાની શરૂઆત કરી દીધી છે અને તે માટે ઘણો સંઘર્ષ પણ કરી રહ્યા છે.' ગડકરીના પુત્રના આંતરરાષ્ટ્રીય વેપાર પર પણ યુદ્ધની ભારે અસર પડી છે. ગડકરીએ પુત્રના બિઝનેસ અંગે કહ્યું કે, 'મારો પુત્ર ઈરાનમાં મોટો વેપાર કરે છે. આ વેપાર હેઠળ ભારતથી મોટાપ્રમાણમાં કેળાની ઈરાનમાં નિકાસ કરવામાં આવે છે, જ્યારે ઈરાનથી ભારતમાં સફરજન આયાત કરવામાં આવતા હતા. જ્યારથી બંને દેશો વચ્ચે વિવાદ શરૂ થયો છે, આખી સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. આ સંકટના કારણે રસ્તામાં ફસાયેલા ૪૦૦ કન્ટેનરના કેળા સડી ગયા છે અને ઈરાથી ભારત આવી રહેલા ૨૦૦ કન્ટેનરમાં સફરજન પણ ખરાબ થઈ ગયા છે.

# NEET-UG પેપર લીક કાંડમાં ૧૧ની ધરપકડ

## CBI તપાસમાં સામે આવી ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી, બ્યુટીશિયનની એન્ટ્રી!

નવી દિલ્હી, તા.૧૮

નીટ-યુજી પેપર લીક કેસની તપાસ કરી રહેલી સીબીઆઈ એક પછી એક ધરપકડો અને અનેક ચોંકાવનારા ખુલાસાઓ કરી રહી છે. સીબીઆઈને થોડા દિવસ ધરપકડ કરાયેલી મનીષા વાઘમરેને લઈને મહત્ત્વની વિગતો હાથ લાગી છે. સીબીઆઈએ કહ્યું કે, પુણેમાંથી ઝડપાયેલી ૪૬ વર્ષિય બ્યુટીશિયન મનીષા વાઘમરે આખી ઘટનાની 'કોમન લિંક' હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત સીબીઆઈએ મહારાષ્ટ્રના કોચિંગ જગતમાં 'ખ જીર'ના નામે જાણીતા અને RCC ક્લાસીસના ફાઉન્ડર શિવરાજ મોટેગાંવકરની ધરપકડ કરી છે.સીબીઆઈના કહેવા મુજબ, પેપર લીક કેસના મુખ્ય આરોપીઓ, સ્કૂલના શિક્ષકો, ટ્યુશન ક્લાસના સંચાલકો અને વિદ્યાર્થીઓ કે વાલીઓને એકબીજાના સંપર્કમાં ન હતા, પરંતુ વાઘમરે વચેટીયા તરીકે આ બધાના સંપર્કમાં હતી. કમિશનના લાલચમાં આવીને વાઘમરેએ જાણીતી શાળાના શિક્ષકો સાથે ટ્યુશન ટીચરની શોધ કરી રહેલા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની મુલાકાત કરાવી હતી. આ ઉપરાંત તેણીએ આ સંપર્કોનો ઉપયોગ પ્રશ્નપત્ર વેચવા માટે પણ કર્યો હતો.

નીટ પેપર લીક થયા બાદ સીબીઆઈઓ સૌપ્રથમ કાર્યવાહી કરીને ૧૪ મેના રોજ પુણેના સુખસાગર નગરમાં દરોડો પાડ્યો હતો, ત્યાંથી પાર્લર ચલાવનારી મનીષા વાઘમરેની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારપછી સીબીઆઈએ વાઘમરેને ૧૬ મેએ કોર્ટમાં હાજર કરી ૧૦ દિવસની જ્યૂડિશિયલ કસ્ટડીની મંજૂરી મેળવી લીધી છે. આ ઉપરાંત પેપર લીકના મુખ્ય કિંગપિન મનાતા આસિસ્ટન્ટ પ્રોફેસર પી.વી.કુલકર્ણીની પણ જ્યૂડિશિયલ કસ્ટડીની માંગ કરવામાં આવી હતી.

ત્યારબાદ દિલ્હીની એક કોર્ટે કેસની ત્રીજી આરોપી મનીષા ગુરુનાથ મંધારેની ૧૪ દિસની જ્યૂડિશિયલ કસ્ટડીની મંજૂરી આપી દીધી છે.ચોંકાવનારી વાત એ છે કે, ૧૫ મેએ પુણેથી ધરપકડ કરાયેલી મનીષા મંધારે ગઝઅના નીટ-યુજી-૨૦૨૬ના પ્રશ્નપત્ર પેનલની વિશેષ સભ્ય હતી અને તે નીટ યુજીનું પ્રશ્નપત્ર તૈયાર કરવાની પ્રક્રિયામાં સામેલ હતી, તેથી સીબીઆઈ મંધારેને માસ્ટરમાઈન્ડ માની રહી છે. સીબીઆઈએ કોર્ટને કહ્યું કે, મંધારેએ નાણાંકીય લાભ માટે કેટલાક પસંદગીના વિદ્યાર્થીઓ વચ્ચે પેપર લીક કરી દીધું હતું. મંધારે ગઝઅમાં નિષ્ણાત તરીકે સામેલ હોવાના કારણે તેની વનસ્પતિશાસ્ત્ર (Botany) અને પ્રાણીશાસ્ત્ર (Zoology) સુધી પુરી પહોંચ હતી.

ઉલ્લેખનીય છે કે, પેપર લીક કાંડના તાર બિહાર, દિલ્હી બાદ મહારાષ્ટ્ર સુધી પહોંચી ગયા છે. મહારાષ્ટ્રના કોચિંગ જગતમાં 'ખ જીર'ના નામે જાણીતા અને RCC ક્લાસીસના ફાઉન્ડર શિવરાજ મોટેગાંવકર સીબીઆઈના સકંજામાં આવ્યા છે. CBIની ટીમ છેલ્લા કેટલાક દિવસોથી તેમની સઘન પૂછપરછ કરી રહી છે. મેડિકલ અને એન્જિનિયરિંગની તૈયારી કરાવતા ક્ષેત્રમાં મોટેગાંવકર એક બહુ મોટું નામ છે. મોટેગાંવકર પર આક્ષેપ છે કે તેઓ NEET પેપર લીક કાંડના મુખ્ય આરોપી અને રિટાયર્ડ કેમિસ્ટ્રી પ્રોફેસર પી. વી. કુલકર્ણીના સીધા સંપર્કમાં હતા. કુલકર્ણીની તાજેતરમાં જ સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં સામે આવ્યું છે કે પ્રોફેસર કુલકર્ણી ભૂતકાળમાં મોટેગાંવકરની સંસ્થા છઈઈમાં જ કેમિસ્ટ્રી ભણાવતા હતા. આમ આ કેસની તપાસ કરી રહેલી સીબીઆઈએ અત્યાર સુધીમાં કુલ ૧૦ લોકોની ધરપકડ કરી છે.

### મુખ્ય સૂત્રધારો અને મદદગારો

પી.વી. કુલકર્ણીઃ પુણેના કેમિસ્ટ્રી (રસાયણ શાસ્ત્ર)ના પ્રોફેસર અને નેશનલ ટેસ્ટિંગ એજન્સીના સમિતિના સભ્ય. તેઓ આ પેપર લીકના માસ્ટર માઈન્ડ હોવાનું મનાય છે, જેમણે પ્રશ્નો પૂરા પાડ્યા હતા. મનીષા ગુરુનાથ મંધારે : ગઝઅના નીટ-યુજી-૨૦૨૬ના પ્રશ્નપત્ર પેનલની વિશેષ સભ્ય હતી અને તે નીટ યુજીનું પ્રશ્નપત્ર તૈયાર કરવાની પ્રક્રિયામાં સામેલ હતી.મનીષા વાઘમરે (અથવા માંઢરે)ઃ પુણેની બ્યુટી પાર્લર માલિક અને બોટની (વનસ્પતિ શાસ્ત્ર)ના પૂર્વ શિક્ષિકા. તેમના પર બાયોલોજીના પ્રશ્નો લીક કરવાનો આરોપ છે. શુભમ ખૈરનારઃ મહારાષ્ટ્રના નાસિકનો રહેવાસી અને આ કૌભાંડનો મુખ્ય ચહેરો. તેના પર 'ગેસ પેપર' (અંદાજિત પ્રશ્નપત્ર) વહેંચવાનો આરોપ છે. જ્યારે કૌભાંડમાં વચેટિયા અને લાભાર્થીઓમાં માંગીલાલ બિવાલઃ રાજસ્થાનના જયપુરનો રહેવાસી, જેને લીક થયેલું પેપર મળ્યું હોવાનો આરોપ છે.

વિકાસ બિવાલઃ માંગીલાલ બિવાલનો પુત્ર/પરિવારનો સભ્ય, જેની જયપુરથી ધરપકડ કરાઈ છે. દિનેશ બિવાલઃ માંગીલાલ બિવાલના પરિવારનો સભ્ય, જેની પણ જયપુરથી ધરપકડ કરાઈ છે. યશ યાદવઃ હરિયાણાના ગુરુગ્રામનો રહેવાસી, જેના પર બિવાલ પરિવાર સુધી લીક થયેલું મટીરિયલ પહોંચાડવાનો આરોપ છે. મનીષ કુમારઃ બિહારના પટણાથી ધરપકડ. તે આ મલ્ટી-સ્ટેટ (બહુ-રાજ્ય) પેપર લીક નેટવર્કમાં સક્રિય હતો. ધનંજય લોખંડેઃ મહારાષ્ટ્રના અહિલ્યાનગર (અહમદનગર)નો રહેવાસી અને આ કૌભાંડનો સહયોગી.શિવરાજ મોટેગાંવકર : મહારાષ્ટ્રના કોચિંગ જગતમાં 'M Sir'ના નામે જાણીતા અને RCC ક્લાસીસના ફાઉન્ડર, મુખ્ય આરોપીના સંપર્કમાં હતા. આ તમામ અગિયારની ધરપકડ કરીને તમામને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરાઈ છે.

## 'પ્યાર સે નહીં માનેંગે તો દૂસરા તરીકા અપનાયેંગે'

# રસ્તાઓ પર નહીં, શિફ્ટમાં નમાઝ પઢવી જોઈએ : યોગી

નવી દિલ્હી, તા.૧૮

યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે જાહેર વ્યવસ્થા જાળવવી જોઈએ અને રસ્તાઓ પ્રાર્થના (નમાઝ) માટે યોગ્ય નથી. તેમણે સંકેત આપ્યો હતો કે વહીવટીતંત્ર પહેલા આ માર્ગદર્શિકાનું પાલન સુનિશ્ચિત કરવા માટે સમજાવટનો પ્રયાસ કરશે. યોગીએ કહ્યું કે કાયદાનું શાસન બધા નાગરિકોને સમાન રીતે લાગુ પડે છે અને જાહેર જગ્યાઓનો દુરુપયોગ થઈ શકતો નથી.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રવિવારે રસ્તાઓ પર નમાઝ પઢવા સામે તેમની સરકારના કડક વલણ અંગે કહ્યું કે ધાર્મિક પ્રથાઓના નામે જાહેર જગ્યાઓ અવરોધિત કરી શકાતી નથી અને જો જરૂરી હોય તો શિફટમાં પણ ''નિયમિત રીતે'' નમાઝ થવી જોઈએ. લખનૌમાં એક જાહેર સભાને સંબોધતા, મુખ્યમંત્રીએ કહ્યું કે વહીવટીતંત્ર પહેલા સમજાવટ દ્વારા પાલન કરશે પરંતુ તેમણે ચેતવણી આપી હતી કે જાહેર વ્યવસ્થા જાળવવા અને રસ્તાઓ પર અવિરત ગતિવિધિ સુનિશ્ચિત કરવા માટે કડક પગલાં લેવામાં આવી શકે છે.



યોગીએ કહ્યું કે કાયદાનું શાસન બધા નાગરિકોને સમાન રીતે લાગુ પડે છે અને જાહેર જગ્યાઓનો દુરુપયોગ થઈ શકતો નથી

મોદીના કડક પગલાંના આહ્વાનના પ્રતિભાવમાં, યોગી આદિત્યનાથ સહિત ભાજપના મુખ્યમંત્રીઓએ તેમના વાહનોના કાફલામાં ૫૦% ઘટાડો કર્યો છે. તેમને અઠવાડિયામાં ઓછામાં ઓછા એક વખત જાહેર પરિવહનનો ઉપયોગ કરવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવે છે. ડ પર શેર કરેલી પોસ્ટમાં, મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે, ''તમારે નમાઝ અદા કરવી હોય તો તમે તેને તમારી શિફ્ટ દરમિયાન કરી શકો છો... અમે તમને પ્રેમથી સંમત કરાવીશું, જો તમે સંમત ન થાઓ, તો અમે બીજી પદ્ધતિ અપનાવીશું.''

મુખ્યમંત્રી યોગીએ લખનૌમાં એક જાહેર સભાનો એક વિડિઓ પણ શેર કર્યો જેમાં તેમણે આ મુદ્દાને સંબોધિત કરતા કહ્યું કે તેમને વારંવાર પૂછવામાં આવે છે કે શું ઉત્તર પ્રદેશમાં રસ્તાઓ પર નમાઝ અદા કરવામાં આવે છે. મને વારંવાર પૂછવામાં આવે છે કે શું ઉત્તર પ્રદેશમાં લોકો ખરેખર રસ્તાઓ પર નમાઝ પઢતા નથી. હું સ્પષ્ટપણે કહું છું કે આવું બિલકુલ થતું નથી, જાઓ અને જાતે જુઓ. રસ્તાઓ અવરજવર માટે છે. શું કોઈ આવીને તમાશો બનાવી શકે છે અને ટ્રાફિકને અવરોધિત કરી શકે છે? કોઈને જાહેર અવરજવરમાં વિક્ષેપ પાડવાનો શું અધિકાર છે?. તેમણે કહ્યું કે જો જરૂરી હોય તો શિફ્ટમાં વ્યવસ્થા કરી શકાય છે, પરંતુ જાહેર અસુવિધાને મંજૂરી આપી શકાતી નથી. કેટલાક લોકોએ મને કહ્યું, 'તે કેવી રીતે ચાલશે, અમારી સંખ્યા વધુ છે?' અમે જવાબ આપ્યો કે તે શિફ્ટમાં કરી શકાય છે. જો ઘરમાં જગ્યા ન હોય, તો તે મુજબ સંખ્યાઓનું સંચાલન કરો. બિનજરૂરી ભીડ વધારવી જોઈએ નહીં.

યોગીએ વધુમાં કહ્યું કે કાયદાનું શાસન બધા નાગરિકોને સમાન રીતે લાગુ પડે છે અને જાહેર જગ્યાઓનો દુરુપયોગ થઈ શકતો નથી. સરકારનું શાસન કાયદાનું શાસન છે. તે દરેકને સમાન રીતે લાગુ પડે છે. નમાઝ જરૂરી છે અને તમે તમારી શિફ્ટ દરમિયાન તે પાધિ શકો છો. અમે તેને રોકીશું નહીં, પરંતુ રસ્તા પર નહીં.



# ડોલર સામે રૂપિયો ૧૦૦ના સ્તર પર સરકવાના એંધાણ

## ભારતીય રૂપિયો યુએસ ડોલર સામે ૯૫ ના રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો

નવી દિલ્હી, તા.૧૮

સોમવાર, ૩૦ માર્ચ ૨૦૨૬ ના રોજ, રૂપિયો યુએસ ડોલર સામે ૯૫ ને પાર કરી ગયો, ગયા વર્ષે ૩૧ માર્ચના રોજ ૮૫.૪ રૂપિયા પ્રતિ ડોલરના વિનિમય દર કરતાં ૧૧ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. ૧૮ મેના રોજ, શરૂઆતના વેપારમાં રૂપિયો યુએસ ડોલર સામે ૯૬.૨૫ ના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો. છેલ્લા છ મહિનાથી રૂપિયો સતત ઘટી રહ્યો છે. મેં ૨૩ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ એક લેખ લખ્યો હતો, માંડ ૧૫ મહિના પહેલા, જ્યારે રૂપિયો ૮૫ પ્રતિ ડોલરને સ્પર્શ્યો હતો. મને એવું લાગતું હતું કે ૨૦૨૯માં મોદી ૩.૦ સરકારના અંત સુધીમાં રૂપિયો ૧૦૦ પ્રતિ ડોલરને સ્પર્શ કરશે. પરંતુ રૂપિયો ખૂબ જ ઉતાવળમાં હોય તેવું લાગે છે. તે હવે ગમે ત્યારે ૧૦૦ પ્રતિ ડોલરને સ્પર્શવા તરફ આગળ વધી રહ્યો છે. હવે પ્રશ્ન એ છે કે - નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળાના કયા મહિનામાં આવું થશે? પરંતુ રૂપિયો આટલો ખરાબ રીતે કેમ ઘટી રહ્યો છે? શું ભારતીય રિઝર્વ બેંક (RBI) લાચાર છે? અને શું કોઈ અંત છે?




૨૦ માર્ચ ૨૦૨૬ ના રોજ RBI નું વિદેશી વિનિમય અનામત (FER) ૬૯૮.૩ બિલિયન હતું, જે એક અઠવાડિયામાં ૧૧.૪ બિલિયન ઘટી ગયું છે. રસપ્રદ વાત એ છે કે, છઇંઈ ની વિદેશી ચલણ સંપત્તિ (FCA) - જેમાં સોનું, સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (SDRs) અને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) માં ભારતની અનામત સ્થિતિનો સમાવેશ થતો નથી - ૫૫૭.૭ બિલિયન થઈ ગઈ, જેમાં ૨.૧ બિલિયનનો વધારો થયો. સોનાના મૂલ્યમાં ૧૩.૫ બિલિયનનો ઘટાડો થઈને ૧૧૭.૨ બિલિયન થવાથી બધુ નુકસાન થયું છે.

આ FCA એ RBI ની વાસ્તવિક શક્તિ છે. રૂપિયાના વિનિમય વ્યવસ્થાપન માટે સોનાનો ઉપયોગ અશક્ય છે, ખાસ કરીને ભારત માટે, કારણ કે ૧૯૯૧ માં થયેલા સોનાના વેચાણ સાથે એટલી બધી ઓડિયમ જોડાયેલી છે કે RBI તેના સ્વપનમાં પણ સોનું વેચવાનું વિચારશે નહીં. છેલ્લા ચાર વર્ષમાં સોનાની ખરીદી પ્રત્યે RBIનો આકર્ષણ અને સોનાના ભાવમાં મોટી તેજીને કારણે FERdp,, FCAનો હિસ્સો નોંધપાત્ર રીતે ઓછો થઈ ગયો છે. માર્ચ ૨૦૨૨ ના છેલ્લા અઠવાડિયામાં, ભારતનો FER 619.7 બિલિયન હતો, અને FCA, ૫૫૩.૭ બિલિયન (લગભગ હાલના જેટલો જ), FERનો લગભગ ૯૦ ટકા હતો. હાલમાં, FCA કુલ FERના ૮૦ ટકા કરતા ઓછો હિસ્સો ધરાવે છે.

સોનાના સ્ટોક અને તેના ભાવમાં વધારો (માર્ચ ૨૦૨૨ માં ૧,૯૦૦ પ્રતિ ઔંસથી હાલમાં ૪,૪૫૦ પ્રતિ ઔંસ) થવાથી FERમાં સોનાનું મૂલ્ય હાલમાં ૪૨ બિલિયનથી વધીને ૧૧૭ બિલિયન થઈ ગયું છે, ત્યારે છઇંઈને રૂપિયાને સ્થિર કરવા માટે વિદેશી વિનિમય બજારોમાં હસ્તક્ષેપ કરવાની ફરજ પડી છે.

IMF ના ભૂતપૂર્વ પ્રથમ ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર ગીતા ગોપીનાથે તાજેતરના દિવસોમાં RBI ની 'મજબૂત અનામત'ની પ્રશંસા કરતા, ઈરાન પર ઇઝરાયલ-અમેરિકન યુદ્ધના કારણે તેલ, ગેસ અને ચલણ બજારોને નુકસાન થયું હોવા છતાં, 'આ સમયે તેની શક્તિ અનામત રાખવાની સલાહ આપી છે.

ભારતમાં એક મોટું મનોવૈજ્ઞાનિક પરિબળ છે જે RBI ને અનામત માટે મજબૂર કરે છે. ૧૯૯૧ માં ભારત સૌથી વધુ સંવેદનશીલ હતું જ્યારે તેની પાસે ૧૦ બિલિયન અનામત પણ ન હતું. ૨૦૦૩-૦૪ માં જ્યારે અનામત ૧૦૦ બિલિયન સુધી પહોંચી ગયું, ત્યારે ભારતને પૂરતું કવરેજ મળ્યું. ટૂંક સમયમાં, ૨૦૦૭-૦૮ માં, અનામત ૩૦૦ બિલિયનને વટાવી ગયું, જ્યાં તે આગામી ચાર-પાંચ વર્ષ સુધી રહ્યું. જોકે, ૨૦૧૩ માં ભારતે ૨૬ બિલિયન એકત્રિત કરવા માટે મોંઘા ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ બેંક અથવા FCNR(B) ડિપોઝિટ સ્કીમ શરૂ કરવી પડી.

૨૦૧૭-૧૮માં, આપણી પાસે ૪૫૦ અબજ ડોલરથી વધુનું અનામત ભંડોળ હતું. છતાં, ૨૦૧૮-૧૯માં રૂપિયાની અસ્થિરતાનો એક એપિસોડ આવ્યો જ્યારે તેલ ખરીદીનો વધારાનો ખર્ચ (ક્રૂડ માત્ર ૮૦ ડોલરથી વધુ થઈ ગયો હતો) અને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) દ્વારા લગભગ ૫૦ અબજ ડોલર પાછા ખેંચવાથી સરકાર અને RBI એ ફોરેક્સ ડિપોઝિટ/બોન્ડમાં ૫૦ અબજ ડોલર એકત્ર કરવાનું વિચાર્યું.

હાલમાં, આપણી પાસે લગભગ ૭૦૦ અબજ ડોલરનો અનામત ભંડોળ છે - અને ૫૫૦ અબજ ડોલરનો FCA છે. છેલ્લા કેટલાક મહિનામાં, RBI ખરેખર સ્વેપ કામગીરી દ્વારા તેના FCA ને વધારી રહી છે - હવે ડોલર ખરીદીને પછી ડોલર વેચી રહી છે. આવા સ્વેપ લગભગ ૮૦ અબજ ડોલરના છે.

દાયકાઓથી, FCA પર્યાપ્તતા તે કેટલા મહિનાની આયાતને ભંડોળ પૂરું પાડી શકે છે તેના સંદર્ભમાં માપવામાં આવે છે. ૧૦-૧૨ મહિનાનું કવરેજ ખૂબ આરામદાયક માનવામાં આવતું હતું. ૨૦૨૪-૨૫ માટે, ભારતનો ૫૬૭.૫ બિલિયનનો FCA સાડા નવ મહિનાના માલસામાન આયાતને ૭૨૦.૨ બિલિયન અને FER 668.3 બિલિયન લગભગ ૧૧ મહિનાની આયાતને ભંડોળ પૂરું પાડી શકે છે.

ભારતનું FCA/FER મૂળભૂત રીતે મૂડી ખાતામાં રહેલા સરપ્લસ દ્વારા બનાવવામાં આવ્યું છે. મૂડી ખાતાના પ્રવાહે માત્ર ઈઅઉ ને ફાઈનાન્સ કર્યું નથી, પરંતુ અનામત પણ બનાવી છે. આપણા મૂડી ખાતાના બે મોટા અસ્થિર ઘટકો છે - વિદેશી દેવું અને પોર્ટફોલિયો રોકાણ.

રૂપિયો ઘટવા પર વિદેશી દેવું, બાહ્ય વ્યાપારી ઉધાર, વેપાર દેવું, NRI થાપણો, વગેરે સાથે ભારતીય દેવાદારો માટે મોંઘા થઈ જાય છે. તેમના હેજિંગ ખર્ચમાં પણ વધારો થાય છે, અને પુનર્ધિરાણ મુશ્કેલ બની જાય છે. નવો પ્રવાહ બંધ થઈ જાય છે. FPIs માટે, શેરબજારમાં ઘટાડો થાય છે ત્યારે ભારતીય ઇક્વિટીમાં તેમનું રોકાણ અને રૂપિયામાં દેવાનું મોટું નુકસાન થાય છે, જેમ કે હાલમાં થઈ રહ્યું છે - અને રૂપિયો ઘટે છે. આ વર્ષે, રૂપિયામાં લગભગ ૧૧ ટકાનો ઘટાડો થવાથી, FPI રોકાણોએ મોટું નકારાત્મક વળતર આપ્યું છે. માર્ચ મહિનામાં જ FPIs એ ૧ લાખ કરોડ રૂપિયાથી વધુના ઇક્વિટી વેચ્યા છે તેમાં કોઈ આશ્ચર્ય નથી.

કુલ વિદેશી દેવા અને ભારતના પોર્ટફોલિયો જવાબદારી અને તેની વિદેશી ચલણ સંપત્તિનો ગુણોત્તર રૂપિયા-ડોલર વિનિમય દર માટે વધુ સારું બજાર છે. ભારતનું વિદેશી દેવું લગભગ ૭૫૦ બિલિયન છે. FPIs નો પોર્ટફોલિયો રોકાણનો સ્ટોક પણ લગભગ સમાન સ્તરનો છે. અસ્થિર વિદેશી દેવું અને પોર્ટફોલિયો રોકાણ સંપત્તિ લગભગ ૧.૫ ટ્રિલિયન છે. આ RBI ના FCA ના લગભગ ૨.૭ ગણું છે. આ એક મોટી નબળાઈ છે. FCA પ્રત્યે આ અસ્થિર જવાબદારી માટે એક કરતાં વધુ ગુણોત્તર ભારતીય નીતિ નિર્માતાઓ અને RBI ને ચિંતા કરવી જોઈએ.

પશ્ચિમ એશિયામાં તેલ અને ગેસ ઉત્પાદન માળખાને થયેલું નુકસાન, જે વૈશ્વિક તેલના ૨૦ ટકાથી વધુ અને વૈશ્વિક કુદરતી ગેસ પુરવઠાના ૩૦ ટકાથી વધુનું ઉત્પાદન કરે છે, તે વ્યાપક છે અને ટૂંક સમયમાં પુનઃપ્રાપ્ત થવાની શક્યતા ઓછી છે, ભલે યુદ્ધ એક મહિનાના સમયમાં બંધ થઈ જાય. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટને સફળતાપૂર્વક હથિયાર બનાવ્યું છે, અને પશ્ચિમ એશિયામાંથી દરેક તેલ અને ગેસ પુરવઠામાંથી ટોલ ચાર્જ (હાલમાં ૨ મિલિયન પ્રતિ જહાજ જે વધારી શકાય છે) વસૂલ કરી રહ્યું છે.

તેલના ભાવ વધુ રહેવાની શક્યતા છે અને ૨૦૨૬-૨૭માં સરેરાશ ૧૦૦ પ્રતિ બેરલ થઈ શકે છે. ભારતનું તેલ બિલ મોટા પાયે વધશે. FPIs નજીકના ભવિષ્યમાં ભારતીય બજારોમાં સારું દેખાતું નથી. રૂપિયાના ઘટાડા સાથે, તેઓ વેચાણ ચાલુ રાખશે. વિદેશી સીધા રોકાણ (FDI) પ્રવાહ શૂન્યની નજીક છે. ભારતમાં ચીની રોકાણોને બદલે ચીનમાંથી આયાતને પ્રાધાન્ય આપવાની અમારી પસંદગીને કારણે આમાં ફેરફાર થવાની શક્યતા ઓછી છે.

આયાત બિલ વધશે. અને માત્ર તેલ અને ગેસ માટે જ નહીં, કારણ કે ભારત તેના સ્થાનિક મતવિસ્તારને સ્થિર રાખવા માટે કોઈપણ કિંમતે આ ખરીદવા માટે ઝઝૂમતું રહે છે, પરંતુ ભારતની સૌર ઉર્જા ઉપકરણો અને ડિજિટલ ઉત્પાદનો અને મશીનોની આયાત કરવાની પ્રચંડ જરૂરિયાતોને કારણે પણ આયાત બિલ વધશે. આ મુશ્કેલ સમય છે. ડોલર સામે રૂ. ૧૦૦ સુધી પહોંચી શકે છે. ૨૦૨૬-૨૭માં રૂપિયામાં વધુ ૧૦ ટકાનો ઘટાડો થાય છે કે કેમ તેના પર ધ્યાન રાખવું જોઈએ.

# મનપા સંચાલિત સ્વિમિંગ પૂલ ત્રણ દિવસ બંધ



**કર્મચારીઓ વસ્તી ગણતરીની ટ્રેનીંગમાં હોવાથી તંત્રએ લીધો નિર્ણય : સભ્યોમાં રોષ**

રાજકોટ, તા. ૧૮

હાલ વસ્તી ગણતરીની કામગીરી પેલી જુન થી શરૂ થઈ જશે અને અત્યારથી સેલ્ફ એન્યુમરાઈઝેશન કામગીરી શરૂ કરી દેવામાં આવી છે ત્યારે વસ્તી ગણતરી માટે વિવિધ સરકારી વિભાગોના કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે અને તેમાં પણ વર્ગ ત્રણ અને ચાર ના કર્મચારીઓ, વોર્ડ ઓફિસરો સહિતના અધિકારીઓ મળી જ્યાં કામગીરી કરવાના છે તેઓને ત્રણ દિવસની તાલીમમાં મોકલવામાં આવ્યા છે. તો સામે સ્વિમિંગ પૂલ જે કાર્યરત છે મહાનગરપાલિકા ના તેને પણ ત્રણ દિવસ માટે બંધ કરવામાં આવ્યા છે અને તરવૈયાઓમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

મનપાના ૧૮ વોર્ડ ઓફિસર હેઠળ કોર્પો. સહિતના કચેરીઓના ૨૦૦થી ૨૫૦ કર્મચારીઓનો સ્ટાફ રોકવામાં આવ્યો છે. અલગ અલગ સરકારી કર્મચારીઓએ તેમને રીપોટીંગ કરવાનું છે. ત્રણ દિવસ સુધી સવારથી મોડી સાંજ સુધી અટલ બિહારી બાજપેયી ઓડીટોરીયમ, પ્રમુખસ્વામી ઓડીટોરીયમ, મણીયાર હોલમાં આ તાલીમ ચાલવાની છે. આથી ગુરૂવારની રજા બાદ સ્વીમીંગ પુલો તો સીધા શુક્રવારે ખુલશે.

મનપાની આરોગ્ય, મેલેરીયા શાખામાંથી પણ વર્કર સહિતનો સ્ટાફ લેવામાં આવતા ફિલ્ડ કામગીરી પર અસર થાય તેમ છે. જન્મ-મરણ વિભાગમાંથી પણ વર્ગ-૩ના કર્મચારીઓને તાલીમમાં અને તે બાદ તા. ૧થી વસ્તી ગણતરીમાં રોકવાના હોય, આવી અમુક આવશ્યક કામગીરી ખોરંભે પડી શકે છે. ટાઉન પ્લાનિંગ, સોલીડ વેસ્ટ સહિતની શાખાઓમાં કર્મચારીઓની તાલીમ અને તે બાદ કામગીરી પર જવા માટેના ઓર્ડર થનાર હોવાનું જાણવા મળ્યું છે. આમ છતાં ઘણી આવશ્યક કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓને કામગીરીમાંથી મુકિત આપવા પણ ધ્યાન દોરવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે ખુદ મ્યુનિ. કમિશ્નરોને રાજય સરકાર દ્વારા પ્રમુખ વસ્તી ગણતરી અધિકારી તરીકે નિમવામાં આવ્યા છે. આ રીતે મનપાના સ્ટાફ ઉપર મહત્વની જવાબદારી આવી છે. દરમ્યાન મનપા સંચાલિત સ્વિમિંગ પૂલો ત્રણ દિવસ માટે બંધ રાખવાના નિર્ણય સામે સ્વીમર્સે નારાજગી વ્યકત કરી છે. તેઓએ જણાવ્યું હતું કે ટ્રેનિંગ કાર્યક્રમને કારણે શહેરના તમામ મ્યુનિસિપલ સ્વિમિંગ પૂલ બંધ રાખવામાં આવ્યા છે. રાજકોટના વિવિધ સ્વિમિંગ પૂલમાં દરરોજ હજારો લોકો સ્વિમિંગ માટે આવે છે, જેમાં સિનિયર સિટીઝન, વિદ્યાર્થીઓ અને યુવાનોનો સમાવેશ થાય છે. ખાસ કરીને ઉનાળાની રજાઓ દરમિયાન સ્વિમિંગ પૂલ બંધ રાખવાથી વેકેશનમાં ગરમીમાં ઠંડીનો અહેસાસ પણ બંધ થયો છે. સ્વીમીંગ પુલો ચાલુ રખાવવા કમિશ્નર સહિતના અધિકારીઓ કોઇ વૈકલ્પિક વ્યવસ્થા કરાવે તેવી માંગણી તરવૈયાઓએ કરી છે.

**અમદાવાદ-ભાવનગર વચ્ચે દોડતી તમામ પ્રીમીયમ એસી બસો**

# અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ હાઈવે' પરથી દોડશે

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે' ઉપરથી પણ નવી વોલ્વો સેવાનો પ્રારંભ : મુસાફરોના સમય અને ભાડા બંનેમાં થશે બચત

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મુસાફરોની સુવિધામાં વધારો કરતા અમદાવાદથી ભાવનગર તરફ જતી અને આવતી તમામ પ્રીમીયમ એસી બસો હવે નવનિર્મિત 'અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ હાઈવે' ઉપરથી સંચાલિત કરવામાં આવશે. આ ઉપરાંત નવનિર્મિત 'દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે' ઉપરથી પણ નવી વોલ્વો સેવાનો નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં પ્રારંભ કરવામાં આવ્યો છે.


નવીન વ્યવસ્થા હેઠળ, અમદાવાદ તેમજ ભાવનગર તરફથી દૈનિક ધોરણે સવારે ૫:૦૦ કલાકથી સાંજે ૬:૦૦ કલાક સુધી દર કલાકે સંચાલિત થતી કુલ ૨૪ ટ્રીપો, ગાંધીનગરથી દીવ અને ગાંધીનગરથી મહુવા રૂટની તમામ ટ્રીપો પણ આ નવા ધોલેરા એક્સપ્રેસ હાઈવે પરથી દોડશે. આ નિર્ણયના કારણે અમદાવાદથી ભાવનગરનું ભાડું ઘટીને હવે રૂ. ૩૩૬ થશે, જેમાં મુસાફરોને અંદાજે રૂ. ૧૫ જેટલો ભાડા ઘટાડાનો લાભ મળશે. આ ઉપરાંત, ભારત સરકાર દ્વારા નવનિર્મિત 'દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે' ઉપરથી પણ નવી વોલ્વો સેવાનો પ્રારંભ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે સવારે ૬:૪૫ કલાકે નહેરુનગર (અમદાવાદ) થી સુરત અને બપોરે ૧:૦૦ કલાકે સુરતથી નહેરુનગર (અમદાવાદ) વચ્ચે 'નોનસ્ટોપ વોલ્વો સર્વિસ' શરૂ કરવામાં આવી છે. આ નવિન રૂટના કારણે નહેરુનગરથી સુરતનું ભાડું રૂ. ૬૮૭ નિયત કરાયું છે, જેનાથી મુસાફરોને અંદાજે રૂ. ૬૧ જેટલો ફાયદો મળશે. આ તમામ રૂટોનું ઓનલાઈન એડવાન્સ બુકિંગ નિગમની સત્તાવાર વેબસાઈટ . લતર્ભિ.શક્ષ તેમજ ઋજછઝૈ મોબાઈલ એપ્લિકેશન (લતર્ભિફ્રા) ઉપરથી કરી શકાશે. એસ.ટી. નિગમ દ્વારા તમામ મુસાફર જનતાને આ આધુનિક અને સુવિધાજનક પ્રીમીયમ સર્વિસોનો મહત્તમ લાભ લેવા વિનંતી કરવામાં આવી છે.

# પ્રોબેશનરી IAS ઓફિસર્સ મુખ્યમંત્રીની મુલાકાતે

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત કેડરમાં ફાળવાયેલા ૨૦૨૫ની ભારતીય સનદી સેવા બેચના ૮ પ્રોબેશનરી ઓફિસર્સે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત કરી હતી.

આ અજમાયશી ઈઅજ અધિકારીઓ મસુરીની લાલ બહાદુર શાસ્ત્રી વહીવટ અકાદમીમાં ફાઉન્ડેશન કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરીને ગુજરાત કેડરમાં અધિક સહાયક કલેક્ટર તરીકે નિયુક્ત થયા છે તેમને બાવન સપ્તાહની જિલ્લા તાલીમ માટે બનાસકાંઠા, ભરૂચ, અમરેલી, કચ્છ, પંચમહાલ, ગોધરા, વલસાડ, રાજકોટ અને મહીસાગર જિલ્લા ફાળવવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમને મળેલા આ પ્રોબેશનરી આઈ.એ.એસ. ઓફિસર્સને શુભેચ્છાઓ પાઠવી સામાન્ય માનવી, વંચિત ગરીબના કલ્યાણના સેવા સંકલ્પ સાથે સેવારત રહેવાની શિખ આપી હતી. આ અધિકારીઓ જિલ્લા તાલીમ દરમિયાન જાહેર આરોગ્ય અને પોષણ, વન ડિસ્ટ્રિક્ટ - વન પ્રોડક્ટ, સોશિયલ એન્ડ ફાઇનાન્સિયલ ઈન્કલુઝન, ગુડ ગવર્નર્સન્સ, લો એન્ડ ઓર્ડર, મેનેજમેન્ટ જેવા બહુવિધ વિષયો પર તાલીમ મેળવશે. આ તાલીમ પૂર્વે આ અધિકારીઓ ચાર સપ્તાહ માટે સ્પીપા અમદાવાદમાં ઈન્સ્ટિટ્યૂશનલ ટ્રેનિંગ લઈ રહ્યા છે અને તે ૨૬મી મે ના પૂર્ણ થવાની છે.મુખ્યમંત્રીને મળેલા આ પ્રોબેશનરી ઈઅજ અધિકારીઓએ સ્પીપાની તાલીમ તેમની કારકિર્દી ઘડતરમાં મહત્વપૂર્ણ બની હોવાની લાગણી પણ વ્યક્ત કરી હતી. આ સૌજન્ય મુલાકાત વેળાએ સ્પીપાના ડિરેક્ટર જનરલ અને વહિવટી સુધારણા પ્રભાગના અગ્ર સચિવ હારિત શુક્લા, નિયામક ચંદ્રેશ કોટક તથા સ્પીપાના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



# જિલ્લાના ૭,૬૧૦ કર્મચારીઓ કરશે વસ્તી ગણતરી

## રાજકોટમા કામગીરીને સુચારુ રૂપે પૂર્ણ કરવા માટે વિશાળ ટીમની નિમણૂક કરવામાં આવી : કલેકટરે સંબોધી પત્રકાર પરિષદ

રાજકોટ, તા. ૧૮

રાજકોટ જિલ્લા કલેકટર ૧૦ દિવસની રજા પર હતા અને ગઈકાલે આવતા જ તેઓએ વસ્તી ગણતરીની કામગીરી અંગે પત્રકારો સાથે વાતચીત કરી હતી અને જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યમાં જન ગણાના ૨૦૨૭ની કામગીરી ટૂંક સમયમાં શરૂ થશે. જે માટે હાલ અત્યારથી જ તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે અને ખાસ તખતો પણ ઘડાઈ ગયો છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ આગામી ૧લી જૂનથી વસ્તી ગણતરીની કામગીરી હાથ ધરાશે. અને આજ કામગીરીમાં રહેલા કર્મચારીઓ માટેની ટ્રેનિંગ પણ શરૂ કરી દેવામાં આવી છે.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે કે ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી રાષ્ટ્રીય જનગણના પ્રક્રિયા અંતર્ગત ગુજરાત રાજ્યમાં જનગણના ૨૦૨૭ની કામગીરી ટૂંક સમયમાં શરૂ થનાર છે. જનગણના એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્ય છે, જેના દ્વારા વસ્તી, સામાજિક, આર્થિક તથા આવાસ સંબંધિત માહિતી એકત્રિત કરવામાં આવે છે, જે વિવિધ કલ્યાણકારી યોજનાઓ તથા વિકાસકાર્યોના આયોજન અને અમલીકરણ માટે ઉપયોગી બને છે.



જનગણના કાર્યક્રમ અંતર્ગત સ્વ-ગણનાની સુવિધા ૧૭ મે, ૨૦૨૬ થી ૩૧ મે, ૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે. જેના દ્વારા નાગરિકો નિર્ધારિત સ્વ-ગણના પોર્ટલ (તય.ભયક્ષતીત.લજ્ઞદ.શક્ષ) પર પોતાની માહિતી સ્વયં નોંધાવી શકશે સફળ સબમિશન બાદ ૧૧ અંકનો જીઊ ઈંઉ (ઇં થી શરૂ) મળશે. ત્યારબાદ હાઉસ લિસ્ટિંગ ઓપરેશન (ઇંકઘ) ની કામગીરી ૦૧ જૂન, ૨૦૨૬ થી ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવશે, જેમાં જનગણના કર્મચારીઓ ઘર-ઘર જઈ માહિતી એકત્રિત કરશે તે દરમ્યાન ઉક્ત જીઊ ઈંઉ ગણતરીદારને ઘરની મુલાકાત દરમ્યાન આપવાનું રહેશે.

અધિકૃત ગણતરીદારશ્રીઓ તથા સુપરવાઈઝશ્રીઓને નિયત નમુનાનું આઈકાર્ડ આપવામાં આવશે. લોકોને વિનંતી છે કે ઘઝક કે અન્ય કોઈ ડોકયુકમેન્ટ કોઈની સાથે શેર ન કરવો અને ફકત અધિકૃત પોર્ટલનો જ ઉપયોગ કરવો. વધુમાં રાજકોટમાં આ કામગીરીને સુચારુ રૂપે પૂર્ણ કરવા માટે વિશાળ ટીમની નિમણૂક કરવામાં આવી છે. રાજકોટ જિલ્લો (ગ્રામ્ય+નગરપાલિકા) માટે કુલ ૩,૪૭૬ જેમાં ગણતરીદારો-૨૯૮૨ અને સુપરવાઈઝર્સ-૪૯૪ મૂકવામાં આવ્યા છે. રાજકોટ મહાનગરપાલિકા (છખઈ) માટે કુલઃ ૪,૧૩૪ જેમાં ગણતરીદારો-૩૫૨૮ અને સુપરવાઈઝર્સ-૬૦૬ને જવાબદારી સોંપવામાં આવી . હાલ જેવી તો મળી રહી છે તેને જોતા કુલ ૭૬૧૦ કર્મચારીઓને ૬૫૧૦ ગણિતદારો અને ૧૧૦૦ સુપરવાઇઝર નિર્ધારિત થયા છે. જિલ્લાના તમામ નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્યમાં સક્રિય સહભાગી બને અને સાચી તથા સંપૂર્ણ માહિતી આપે. જનગણના અંતર્ગત પ્રાપ્ત થતી તમામ માહિતી જનગણના અધિનિયમ મુજબ સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે અને તેનો ઉપયોગ માત્ર આંકડાકીય તથા વિકાસલક્ષી હેતુઓ માટે જ કરવામાં આવે છે. જિલ્લા વહીવટીતંત્ર તમામ નાગરિકોને અનુરોધ કરે છે કે તેઓ જનગણના અધિકારીઓ અને કર્મચારીઓને સંપૂર્ણ સહકાર આપે અને જનગણના ૨૦૨૭ને સફળ બનાવવા માટે પોતાનું યોગદાન આપે.

# રાજકોટના ૧૬૦૦ ફાર્માસિસ્ટ બુધવારે હડતાલ પર

## ઓનલાઇન વેચાણ થતી દવાઓનું દૂષણ ડામવા સરકારને એસોસિએશનની માંગ : અંકુશ લાદવા યોગ્ય વ્યવસ્થા ઉભી કરાય તેવી રજૂઆત

રાજકોટ, તા. ૧૮

કેન્દ્ર સરકાર સમગ્ર ભારતને ડિજિટલ બનાવવા માટે મથી રહ્યું છે પરંતુ ડિજિટલ કરવા પાછળ ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે. ડિજિટલ ના નામે લોકો સાથે છેતરપિંડી પણ થઈ રહી છે ત્યારે બાકી હતું તો હવે ઓનલાઇન મારફતે જે દવાઓ મંગાવવામાં આવતી હોય તેમાં પણ ડુપ્લીકેટ દવાઓ લોકોને ધાબડી દેવામાં આવે છે જે અંગેની દેશભરમાં વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે. ત્યારે સમગ્ર દેશમાં ૨૦ મીએ દેશભરના દવાના દુકાનદારો હડતાલ પાડશે તેમાં સૌરાષ્ટ્રમાં ૬,૦૦૦ અને રાજકોટના ૧૬૦૦ દુકાનદારો આ દિવસે દુકાનો નહીં ખોલે અને પોતાનો વિરોધ નોંધાવશે.




હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેતા ઇમર્જન્સી માટે ૧૫ જેટલા મેડિકલ સ્ટોર ખુલ્લા રાખવાનો નિર્ણય પણ એસોસિએશન દ્વારા લેવામાં આવ્યો છે. વધુમાં જે વિગતો મળી રહી છે તે મુજબ સરકાર જો ગંભીરતાપૂર્વક વિચાર નહીં કરે તો આવનારા દિવસોમાં દુકાનોની ચાવી પણ સરકારી વિભાગોને સુપરત કરી દેવામાં આવશે કારણ કે હાલ ડિજિટલ પ્લેટફોર્મ મારફતે દવાઓનું જે વેચાણ થઈ રહ્યું છે તે યોગ્ય નથી જેમાં ઘણી ખરી ક્ષતિઓ જોવા મળી રહી છે.

દેશભરમાં ડુપ્લીકેટ દવાઓના વેંચાણને અટકાવવા અને દર્દીઓને અસલી દવા મળી રહે તે માટે તા. ૨૦ને બુધવારે સમગ્ર દેશના કેમીસ્ટ વેપારીઓ સાથે રાજકોટ સહિત રાજયના મેડીકલ સ્ટોરના વેપારીઓ આ આહવાનને સમર્થન પુરૂ પાડી મેડીકલ સ્ટોર બંધ રાખવાનો નિર્ણય લીધો છે. એસોસિએશન દ્વારા પણ દવા બજાર બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એસોસિએશને જણાવ્યા મુજબ દર્દીઓની સુરક્ષા, અસલી દવાઓની ઉપલબ્ધતા અને દવા વ્યવસાયમાં વધતી ગેરરીતિઓના વિરોધમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

વધુમાં જણાવ્યા મુજબ કેન્દ્ર સરકાર દ્વારા ઓનલાઈન દવા વેચાણને મંજૂરી મળ્યા બાદ અનેક બિનનિયમિત પ્લેટફોર્મ દ્વારા નિયમોના ભંગ સાથે દવાઓનું વેચાણ થઈ રહ્યું છે. જેના કારણે ડોક્ટરની યોગ્ય પ્રિસ્ક્રિપ્શન વગર દવાઓ મળવાની શક્યતા, દર્દીઓની ગોપનીય માહિતીનો દુરુપયોગ તેમજ સમયસીમા પૂર્ણ થયેલી કે નકલી દવાઓના વેચાણનો ભય વધી રહ્યો હોવાનું એસોસિએશને જણાવ્યું છે.

સાથો સાથ જે પણ લોકો ઓનલાઈન દવા મંગાવતા હોય તેઓને ઘણી ખરી વખત નકલી દેવાઓ ધાબડી દેવામાં આવે છે જે અંગે એસોસિએશનને પણ ચિંતા વ્યક્ત કરી હતી. એસોસિએશનના જણાવ્યા મુજબ ગેરકાયદેસર સપ્લાય ચેઈન અને શંકાસ્પદ સ્ત્રોતોથી દવાઓના પ્રવેશને કારણે નકલી દવાઓનો ખતરો વધ્યો છે, જે દર્દીઓના આરોગ્ય માટે ગંભીર જોખમરૂપ બની શકે છે. કેમિસ્ટોએ આક્ષેપ કર્યો છે કે મોટા કોર્પોરેટ ગ્રુપ અને ઓનલાઈન પ્લેટફોર્મના વધતા પ્રભાવને કારણે નાના અને મધ્યમ કેમિસ્ટોના વ્યવસાય પર પ્રતિકૂળ અસર પડી રહી છે. સાથે જ સસ્તી દવાઓના નામે ગુણવત્તા અને સેવા ઉપર પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા હોવાનું જણાવ્યું છે. એસોસિએશને દર્દીઓને પડતી અસુવિધા બદલ દિલગીરી વ્યક્ત કરી હતી, પરંતુ દર્દીઓના હિત, અસલી દવાઓની સુરક્ષા અને આરોગ્ય વ્યવસ્થાની વિશ્વસનીયતા જાળવવા આ પગલું જરૂરી હોવાનું જણાવ્યું છે. રાજકોટ કેમીસ્ટ એસો.ના પ્રમુખ મયુરસિંહ એચ. જાડેજા અને માનદ મંત્રી અનિમેષભાઇ એમ. દેસાઇએ જણાવ્યું છે કે તા. ૨૦મીનાં રોજ બંધને ધ્યાનમાં રાખી પોતાની જીવન જરૂરી દવાઓ અગાઉથી મેળવી રાખવી ઇમરજન્સી માટે ૧૫ મેડીકલ સ્ટોર ખુલ્લા રહેશે ઉપરાંત મેડીકલ એસો.ના કારોબારીના પાંચ સભ્યોનો સંપર્ક સાધવાથી દવાની જરૂરી વ્યવસ્થા પુરી પાડવામાં આવશે. દેશવ્યાપી લડતને કેમીસ્ટ એસો. રાજકોટ પુરતુ સમર્થન પુરૂ પાડી બંધમાં જોડાશે.

### ઈમરજન્સી દવા માટે નીચે મુજબની વ્યવસ્થા રાખેલ છે.

ઈમરજન્સી માટે નીચે મુજબના મેડિકલ સ્ટોર વિસ્તાર પ્રમાણે ખુલ્લા રાખવાની વ્યવસ્થા કેમિસ્ટ એસોસિએશન રાજકોટ દ્વારા કરવામાં આવેલ છે.

૧–સ્ટાર સિનરજી હોસ્પિટલ ઇન્ડોર મેડિકલ મવડી મેઈન રોડ
૨–ક્રાઈસ્ટ હોસ્પિટલ માથાપર ચોકડી
૩ એસસીજી હોસ્પિટલ ઇન્ડોર ફાર્મસી અયોધ્યા ચોક
૪ સિનરજી હોસ્પિટલ ઇન્ડોર ફાર્મસી ૧૫૦ ફૂટ રીંગ રોડ
૫–સ્ટર્લીંગ હોસ્પિટલ ઇન્ડોર ફાર્મસી ગાંધીગ્રામ
૬–વોકાર્ડ હોસ્પિટલ ઇન્ડોર ફાર્મસી કાલાવડ રોડ
૭.બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ ઇન્ડોર ફાર્મસી યુનિવર્સિટી રોડ
૮–કેન્સર હોસ્પિટલ નિર્મલા મેઈન રોડ
૯–જી ટી શેઠ ઓર્થોપેડિક હોસ્પિટલ ઇન્ડોર ફાર્મસી
૧૦–એચ જે દોશી હોસ્પિટલ ઇન્ડોર ફાર્મસી મવડી પ્લોટ વિસ્તાર
૧૧–જલારામ હોસ્પિટલ પંચવટી મેઈન રોડ
૧૨ શ્રી ગીરીરાજ હોસ્પિટલ ઇન્ડોર ફાર્મસી કાલાવડ રોડ ૧૫૦ ફૂટ
૧૩–ગોકુલમ હોસ્પિટલ ઇન્ડોર ફાર્મસી રણછોડ નગર
૧૪ ગોકુલ હોસ્પિટલ ઇન્ડોર ફાર્મસી વિદ્યાનગર મેઈન રોડ
૧૫–નક્ષ કિરણ હોસ્પિટલ ઇન્ડોર ફાર્મસી ગાયત્રી નગર મેઈન રોડ

# શુક્રવારે આણંદપર- નવાગામ ખાતે કલેકટર તંત્રનું ડિમોલિશન

રાજકોટ, તા. ૧૮

રાજ્ય સરકાર દ્વારા હાલ ગુજરાતને દબાણ મુક્ત બનાવવા માટેનો નિર્ધાર કરવામાં આવ્યો છે ત્યારે છેલ્લા ઘણા સમયથી વિવિધ સરકારી સંસ્થાઓ દ્વારા સમયાંતરે ડીમોલિશન હાથ ધરવામાં આવી રહ્યું છે હાલ થોડા દિવસ પૂર્વે જ મહાનગરપાલિકા દ્વારા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં અનેકવિધ નાની ડેરીઓ કે જે અવરોધ રૂપ હોય તેને દૂર કરવામાં આવી હતી અને જેને લઈને હિન્દુ સમાજના લોકોની લાગણી પણ દુભાણી હતી. ત્યારે ફરી એક વખત રાજકોટ કલેકટર દ્વારા આવનારી ૨૨મી એ આણંદ પર નવાગામ ખાતે સર્વે નંબર ૨૦૭ પૈકીની સરકારી જમીન પર અનઅધિકૃત રીતે જે દબાણો ખડકી દેવામાં આવ્યા છે ત્યાં મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવશે. જે માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી હોવાનું પણ હાલ જાણવા મળ્યું છે.



**૨૦૭ પૈકીની સરકારી જગ્યા પર છેલ્લા અનેક વર્ષોથી કાચા- પાકા દબાણો : અંતિમ નોટિસની પણ બજવણી**

કલેકટર વિભાગ દ્વારા અંતિમ નોટિસ પણ દબાણ કરતાંઓને પાઠવી દેવામાં આવી છે. જેથી તેઓ સ્વેચ્છિક રીતે દબાણો દૂર કરી શકે. હાલ સુત્રો દ્વારા જે માહિતી મળી રહી છે તેમાં આણંદ પર નવાગામ ખાતે સર્વે નંબર ૨૦૭ પૈકીની આ સરકારી જગ્યા પર છેલ્લા ઘણા વર્ષોથી ૩૫ થી વધુ કાચા પાકા મકાનો તથા ઇટના ખાબકી દેવામાં આવ્યા છે જેને હવે શુક્રવારે દૂર કરવામાં આવશે. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેવામાં આવે તો માત્ર રાજકોટ શહેર જ નહીં પરંતુ તાલુકા અને જિલ્લામાં પણ હજુ પણ ઘણી ખરી સરકારી જગ્યાઓ એવી છે કે જ્યાં અને જેમાં દબાણો અગાઉથી થયેલા હોય પરંતુ ક્યાંક ને ક્યાંક તેને દૂર કરવામાં તંત્ર નિષ્ફળ પુરવાર થયું હોય. અચાનક વર્ષો જુના દબાણો દૂર કરવા માટેની જે નોટિસો આપવામાં આવી રહી છે તે એ જ સૂચવે છે કે અગાઉ સંબંધિત વિભાગના અધિકારીઓ આ પ્રકારના દબાણો દૂર કરી શક્યા નથી અથવા તો ધ્યાને હોવા છતાં પણ યોગ્ય કામગીરી કરવામાં આવી નથી. જો આજ સ્થિતિ યથાવત રહી તો હજુ પણ રાજકોટ તથા સૌરાષ્ટ્રને દબાણ મુક્ત બનાવવું ખૂબ કપરુ પુરવાર થશે.

પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લેતા એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે અત્યારથી જ હાલ તમામ જિલ્લા વહીવટી અધિકારીઓ દ્વારા ડિમોલિશન હાથ ધરવામાં આવી રહ્યું છે જેથી આવનારા દિવસોમાં વિકટ પરિસ્થિતિનો સામનો કરવો ન પડે. આ મામલો કલેકટર તંત્રના ધ્યાને આવતા દબાણકારોને નોટીસ ફટકારી આધાર-પુરાવા માંગી સુનાવણી હાથ ધરવામાં આવી હતી ત્યારબાદ કલેકટર તંત્ર દ્વારા આ દબાણો હટાવવા માટે આખરી નોટીસ ફટકારી સરકારી જમીન ખાલી કરવા માટે આખરી નોટીસ ફટકારી સરકારી જમીન ખાલી કરવા માટે અલ્ટીમેટમ આપી દેવામાં આવેલ હતું. જેમાં અમુક દબાણકારોએ સ્વૈચ્છાએ જમીન ખાલી કરી નાખ્યાનું પણ જાણવા મળ્યું છે.

જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશના માર્ગદર્શન હેઠળ આગામી તા.૨૨ને શુક્રવારના રોજ ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ આ મેગા ઓપરેશન ડીમોલિશન હાથ ધરવામાં આવનાર છે. આ ડીમોલીશન માટે જરૂરી પોલીસ સ્ટાફ પણ વહીવટી તંત્ર દ્વારા માંગી લેવામાં આવેલ હોવાનું સુત્રોએ જણાવ્યું હતુ

# રૂખડીયાપરામાં મકાનો ખાલી કરવા રેલવે તંત્રની નોટિસ

## શહેર કોંગ્રેસ આગેવાનો દ્વારા ડીઆરએમ તથા સેક્શન ઈજનેરને કરાઈ રજૂઆત એક સપ્તાહ નો સમય નહીં પરંતુ એક માસનો સમય આપવા કરી માંગ

રાજકોટ, તા. ૧૮

અગાઉ મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં જે ગેરકાયદે દબાણો હતા તેને તાકીદે દૂર કરી દેવામાં આવ્યા અને તેમાં આજી રિવરફ્રન્ટ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હોય તે કારણ દેખાડવામાં આવ્યું હતું ત્યારે ફરી એક વખત રાજકોટ આજી નદી પાસે અને રૂખડિયા કોલોનીમાં છેલ્લા ૭૦ વર્ષથી જે લોકો રહે છે તેઓને એક સપ્તાહમાં જગ્યા ખાલી કરવા માટે હવે રેલવે તંત્રએ નોટિસ પાઠવી દીધી હોય તેવું જાણવા મળ્યું છે. રેલવેની નોટિસ મળતા જ રહેતા પરિવારોમાં ભય અને ફફડાટ મચી ગયો છે અને એક જ પ્રશ્ન ઊભો થયો છે કે હવે જાવું ક્યાં. આ વાતની જાણ થતા જ કોંગ્રેસના આગેવાનોએ ડીઆરએમને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી અને નોટિસ બાબતે પુનઃ વિચારણા કરવા માંગણી પણ કરી હોય તેવું જાણવા મળ્યું છે. હાલ એ વાતની કોઈ જ સ્પષ્ટતા થઈ નથી કે કયા કારણોસર રેલવે વિભાગ દ્વારા નોટિસ આપવામાં આવેલી છે પરંતુ કોંગ્રેસ પક્ષ દ્વારા રેલવે વિભાગના સેક્શન ઓફિસરને પણ રજૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે અહીં છેલ્લા વર્ષોથી અનેકવિધ પરિવારો વસવાટ કરે છે ત્યારે માત્ર એક સપ્તાહનો જ સમય આપવો ખાલી કરવા તે યોગ્ય નથી જેના માટે ફરી એક વખત વિચારણા કરવામાં આવે અને હાલ ચોમાસાની ઋતુ પણ શરૂ થશે જેથી આ વાતની પણ ગંભીરતા દાખવવામાં આવે તે ખૂબ જરૂરી અને આવશ્યક છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં ગાયત્રીબા વાઘેલા અને પૂર્વ શહેર પ્રમુખ અતુલ રાજાણીએ આપેલા આવેદનપત્રમાં જણાવ્યા પ્રમાણે રૂખડીયા કોલોની અને આજી નદી પાસેના ઝુપડામાં છેલ્લા ૭૦ વર્ષથી ૨૫૦ જેટલા પરિવારો વસવાટ કરે છે. આ બંને સ્થળોએ દિન-૭ દબાણ દુર કરવા રેલ્વેના સિનિયર સેકશન ઈજનેર દ્વારા નોટીસ આપવામાં આવેલ છે. જેમાં પર્યાપ્ત ૩૦ દિવસનો સમય આપવો પ્રથમ સાંભળવાની તક પુરી પાડવી તા.૧૫મી મેથી લઈ ૩૦ ઓકટોબર સુધી પ્રિ મોન્સુન કામગીરી અને ચોમાસુ ઋતુને ધ્યાને લઈ ઓકટોબર સુધીનો સમય આપવો કોર્પોરેશન સાથે સંવાદ કરી પુનવર્સન બાબતે યોગ્ય વિકલ્પ આપી બાદ જ ડિમોલીશનની કાર્યવાહી કરવા માંગણી ઉઠાવી છે.




કોંગ્રેસ પક્ષ દ્વારા સત્તાધિશો સામે અનેકવિધ આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા એટલું જ નહીં હાલ જે ધાર્મિક દબાણો દૂર કરવામાં આવ્યા તેમાં પણ લોકોએ સત્તાધીશો સામે મોરચો માંડ્યો હતો અને જણાવ્યું હતું કે એક પણ ભાજપના આગેવાને આ ડિમોલિશન રોકવા માટેનો કોઈ પ્રયત્ન કર્યો નથી જે ઘણું ખરું સૂચવી જાય છે. ત્યારે રૂખડીયાપરામાં જે ડિમોલિશન કરવાની વાત થઈ રહી છે અને જે નોટિસો પાઠવી દેવામાં આવી છે તેમાં શું ભાજપના સત્તાધીશો રોક લગાવશે કે કેમ તે અંગે પણ હાલ સ્થાનિકોમાં ચર્ચા જાગી છે.

# રાજ્યની ૨૯૩૬ શાળાઓમાં માત્ર એક જ શિક્ષક

## નીતિ આયોગના અહેવાલથી ખળભળાટ : ડ્રોપ આઉટ વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઉતરોતર વધારો




**રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ડ્રોપાઉટ વિદ્યાર્થીઓને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવા જિલ્લા શિક્ષણ અધિકારીઓને સૂચના**

રાજકોટ, તા. ૧૮

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સંયુક્ત રીતે ભાર વગરના ભણતરની વાત કરી રહી છે અને તે દિશામાં અનેકવિધ પગલાંઓ લેવા માટેની પણ હાકલ કરવામાં આવી છે. અનેકવિધ યોજનાઓ પણ હાલ સરકાર દ્વારા અમલી બનાવવામાં આવી છે પરંતુ ક્યાંક ને ક્યાંક વાસ્તવિકતા એ છે કે સરકારના પ્રયાસો છતાં શિક્ષણનું સ્તર ગગડી રહ્યું છે. તેવામાં કેન્દ્ર સરકારના નીતિ આયોગ દ્વારા હાલ જે અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે તેમાં પ્રાથમિક શિક્ષણમાં દર ૨૪ વિદ્યાર્થીઓ સામે એક શિક્ષક , જ્યારે માધ્યમિકમાં ૨૭ વિદ્યાર્થી ઓ સામે એક શિક્ષક હોવાનો ચોકાવનારો ખુલાસો કર્યો છે. મતલબ સ્પષ્ટ છે કે સરકારી શાળાઓમાં પણ હાલ શિક્ષકોની ઘટ ખૂબ વ્યાપક પ્રમાણમાં છે અગાઉ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જ્ઞાન સહાયકોની ભરતી કરવામાં આવી હતી પરંતુ એ ભરતીમાં ઘણા ખરા શિક્ષકો સહભાગી થયા ન હતા અને તેની સીધી જ વિપરીત અસર વિદ્યાર્થીઓના શિક્ષણ પર પડી રહી છે.

કેન્દ્ર સરકારના નીતિ આયોગ દ્વારા સ્કૂલે એજ્યુકેશન સિસ્ટમ ઇન ઇન્ડિયા ટેમ્પલ એનાલિસિસ એન્ડ પોલીસી રોડમેપ ક્વોલિટી એનહાન્સમેન્ટમાં અનેકવિધ વિગતો બહાર આવી હતી. જમા સરકારની દિશા બન અને ભ્રષ્ટાચાર નીતિ સીધી જ જવાબદાર હોવાનું જાણવા મળ્યું હતું.

વિશ્વની સૌથી મોટી શાળા વ્યવસ્થા ૧૪.૭૧ લાખ શાળાઓ, ૧.૦૧ કરોડ શિક્ષકો અને ૨૪.૬૯ કરોડ વિદ્યાર્થીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્યારે અહેવાલ એક કઠોર ચેતવણી પણ આપે છે. મુળ વાત તો બાળકોને શાળામાં ટકાવી રાખવાની છે. ઉચ્ચ માધ્યમિકમાં જીઇઆર માત્ર ૫૮.૪ ટકા છે, માધ્યમિકમાં ડ્રોપઆઉટ રેટ ૧૧.૫ ટકા છે અને સરકારી શાળાઓમાં નોંધણી ૨૦૦૫માં ૭૧ ટકાથી ઘટીને ૨૦૨૪-૨૫માં માત્ર ૪૯.૨૪ ટકા રહી છે. રાજ્યની શાળાઓમાં છતમાંથી પાણી ટપકતું હોય, લેબોરેટરીની સુવિધા ન હોય અને ટોઇલેટો બિનકાર્યક્ષમ, વિદ્યાર્થીઓને ક્લાસ ૬,૯ અને ૧૧ પછી સ્થળાંતર અથવા ડ્રોપ આઉટ તરફ ધકેલે છે. રાજ્યમાં ખાનગીકરણ વધી રહ્યું છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચરની અછત છે.

દેશમાં સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓનું માળખુ સતત તોડવામાં આવી રહ્યું છે. સમગ્ર દેશમાં ૯૩,૦૦૦થી વધુ શાળાઓને તાળા મારવામાં આવ્યા છે, જ્યારે એકલા ગુજરાતમાં ૫૬૧૨ શાળાઓને તાળા મારવાની પ્રક્રિયા ભાજપ સરકાર દ્વારા કરવામાં આવી છે. નીતિ આયોગ અહેવાલમાં રાષ્ટ્રીસ્તરે ૧ લાખથી વધુ શાળાઓનો જેમાં એક જ શિક્ષક છે જે શાળાઓમાં ૩૩ લાખ બાળકો નોંધાયેલ છે. ગુજરાતની શિક્ષણની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે.

ગુજરાતમાં ૧,૦૫,૧૩૪ ભણતા વિદ્યાર્થી ઓની સંખ્યા ધરાવતી ૨૯૩૬ શાળાઓમાં માત્ર ૧ શિક્ષક છે. આ નાનકડા ગામડાઓ નથી તેઓ અનેક ધોરણોના ડઝનબંધ બાળકો છે. પ્રાથમિક શિક્ષણમાં ગુજરાતમાં ૨૪ વિદ્યાર્થીએ ૧ જ્યારે રાષ્ટ્રીયસ્તરે ૨૦ વિદ્યાર્થી ઓએ ૧ શિક્ષક છે. ઉચ્ચ પ્રાથમિકમાં ૨૪ વિદ્યાર્થીએ ૧ શિક્ષક જ્યારે રાષ્ટ્રીય સ્તરે ૧૭ વિદ્યાર્થીએ ૧ શિક્ષક છે. માધ્યમિક શિક્ષણએ ગુજરાતમાં ૨૭ વિદ્યાર્થીએ ૧ જ્યારે રાષ્ટ્રીય સ્તરે ૧૫ વિદ્યાર્થીએ ૧ શિક્ષક છે. ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં રાજ્યમાં ૨૫ વિદ્યાર્થી એ ૧ શિક્ષક જ્યારે રાષ્ટ્રીય સ્તરે ૨૩ વિદ્યાર્થી એ એક શિક્ષક છે જે દર્શાવે છે જે રાજ્યમાં વિદ્યાર્થી દીઠ શિક્ષકની સંખ્યા રાષ્ટ્રીય સેરરાશ કરતાં પણ ઓછી છે.

થોડા સમય પૂર્વે જ રાજ્ય સરકાર અને ખાસ તો શિક્ષણ વિભાગ દ્વારા ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓને શિક્ષણના મુખ્ય પ્રવાહોમાં જોડવા માટે તમામ જિલ્લા શિક્ષણ અધિકારીઓને હાકલ કરી છે અને જાગૃતતા કેળવી વાલીઓને મનાવવા માટેનું કાર્ય પણ હાથ ધરવામાં આવ્યું છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# થોડા વધારે ઉંડા ઉતરો

## નશાખોરીના કેસના મૂળ સુધી જય તો તંત્રના ખુદના પગે રેલો આવે



રાજકોટમાં દેશી દારૂ પીધા પછી બે દારૂડિયાના મોતની ઘટનાએ સમગ્ર વહીવટી તંત્રની પોલ ખોલી નાખી છે. દર વખતની જેમ, આ દારૂના મોતનો ગંભીર સમાચાર મીડિયામાં ગાજતા જ સ્થાનિક પોલીસ માત્ર ફરજિયાતપણે હરકતમાં આવી હોય તેવો દેખાવ કરવા લાગી છે. જનતાના આક્રોશથી બચવા અને પોતાની ચામડી બચાવવા માટે પોલીસે તાત્કાલિક ધોરણે તપાસ શરૂ કરીને બે ફાલતુ સ્થાનિક બુટલેગરોને ઉઠાવી લીધા છે. મીડિયા સમક્ષ આ નાની કક્ષાના ગુનેગારોને એવી રીતે રજૂ કરાયા જાણે પોલીસે કોઈ બહુ મોટો મીર માર્યો હોય. આ હાસ્યાસ્પદ દેખાવ પોલીસની નબળાઈ અને નકામાપણાને છતી કરે છે. જીવલેણ બનેલા આ નશાખોરીના કેસમાં પોલીસે ખરેખર વધારે ઉંડા ઉતરવાની ખાસ જરૂર છે.

નાના પ્યાદાઓને પકડીને સંતોષ માનતી પોલીસ આ કેસના મૂળ સુધી જવાની સહેજ પણ હિંમત દાખવતી નથી. સવાલ એ છે કે આવા લુખ્ખા અને ફાલતુ તત્વો આખા શહેરમાં ખુલ્લેઆમ પ્રતિબંધિત ઝેર વેચે છે, છતાં તંત્ર શા માટે અંધ બનીને બેઠું રહે છે? કોના આશીર્વાદથી આ ધંધા ચાલે છે? દર મહિને લાખો રૂપિયાના હપ્તા ખાઈને નશાના કારોબારને લીલી ઝંડી આપનાર અસલી ગુનેગારો કોણ છે? પોલીસ આ સવાલોના જવાબ આપવાથી હંમેશા ભાગે છે. સમગ્ર રાજકોટમાં દેશી દારૂ ગલીએ-ગલીએ વેચાય છે, જે વાત નાના બાળકને પણ ખબર છે. જો પોલીસ પ્રામાણિકતાથી આ કેસોના મૂળ સુધી જાય, તો ભ્રષ્ટ તંત્રએ ખુદનો જ પર્દાફાશ કરવો પડે તેમ છે. કાયદા રક્ષકો જ જ્યારે ભ્રષ્ટાચારમાં ડૂબેલા હોય ત્યારે ગુનેગારો બેફામ બને જ. જ્યારે પણ કોઈ મોટો કાંડ કે દુર્ઘટના બને, ત્યારે જ પોલીસ માત્ર તપાસ અને સસ્પેન્શનના નાટક કરે છે. રાજકોટવાસીઓ અત્યાર સુધી બધું જ મૂંગા મોઢે સહન કરતા આવ્યા છે, એટલે જ ભ્રષ્ટ પોલીસ અને બુટલેગરોના આવા જીવલેણ ખેલ અવિરત ચાલતા રહે છે. વરદીના જોરે હપ્તા ઉઘરાવતું તંત્ર એ ભૂલી ગયું છે કે પ્રજાની સહનશીલતાની પણ એક મર્યાદા હોય છે. જો રાજકોટની જનતા જાગૃત થઈને આ અન્યાય સામે સહન કરવાનું સદંતર બંધ કરી દે, તો પોલીસ અને ગુનેગારોના આ પાપના સામ્રાજ્યનો અંત આવતા વાર નહીં લાગે. હવે નાટકો બંધ કરી અસલી ગુનેગારોને જેલ ભેગા કરો.

# યોગી કેબિનેટે ગ્રામીણ પંચાયતોમાં OBC અનામત માટે વિશેષ આયોગની રચનાને મંજૂરી

## ઉત્તર પ્રદેશ કેબિનેટે પંચાયત ચૂંટણીઓમાં અન્ય પછાત વર્ગોને પ્રમાણસર અનામત સુનિશ્ચિત કરવા માટે એક સમર્પિત કમિશનની રચનાને મંજૂરી આપી છે



નવીદિલ્હી, તા.૧૮

સોમવારે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની અધ્યક્ષતામાં મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન ૧૨ મહત્વપૂર્ણ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી. સૌથી મહત્વપૂર્ણ નિર્ણય પંચાયત ચૂંટણીમાં અન્ય પછાત વર્ગો (ઓબીસી) માટે અનામત સંબંધિત હતો. સરકારે ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ (ત્રણ-સ્તરીય પંચાયતો) માં ઓબીસી માટે પ્રમાણસર અનામત સુનિશ્ચિત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. મંત્રીમંડળે ઉત્તર પ્રદેશ રાજ્ય સ્થાનિક સંસ્થાઓ સમર્પિત પછાત વર્ગ આયોગની રચનાને મંજૂરી આપી. આ નિર્ણય કોર્ટના આદેશોનું પાલન કરીને લેવામાં આવ્યો હતો. આ કમિશનનો પ્રાથમિક ઉદ્દેશ્ય પછાતપણાની પ્રકૃતિ, તેની સામાજિક-આર્થિક અસર અને રાજ્યની ત્રિ-સ્તરીય પંચાયત વ્યવસ્થા (ગ્રામ પંચાયત, ક્ષેત્ર પંચાયત અને જિલ્લા પંચાયત) માં વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ કરવાનો છે. તેના આધારે, ઓબીસીને શારીરિક ધોરણે પ્રમાણસર અનામત આપવા માટે ભલામણો કરવામાં આવશે.

માહિતી અનુસાર, કમિશનમાં પાંચ સભ્યો હશે, જેની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા પછાત વર્ગો સંબંધિત મુદ્દાઓનું વિશેષ જ્ઞાન ધરાવતા વ્યક્તિઓમાંથી કરવામાં આવશે. આ સભ્યોમાંથી એક નિવૃત્ત હાઈકોર્ટના ન્યાયાધીશ હશે, જેમને કમિશનના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવશે. કમિશનના અધ્યક્ષ અને સભ્યોનો કાર્યકાળ સામાન્ય રીતે નિમણૂકની તારીખથી છ મહિનાનો રહેશે. હાલમાં, રાજ્યમાં, ઉત્તર પ્રદેશ પંચાયતી રાજ અધિનિયમ, ૧૯૪૭ અને ઉત્તર પ્રદેશ ક્ષેત્ર પંચાયત અને જિલ્લા પંચાયત અધિનિયમ, ૧૯૬૧ હેઠળ ત્રિ-સ્તરીય પંચાયતોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાત વર્ગો માટે અનામત આપવામાં આવે છે. અલગ નિયમો લાગુ પડે છે.

બંધારણના અનુચ્છેદ ૨૪૩ઉ અનુસાર, રાજ્ય સરકાર વસ્તી ગુણોત્તરના આધારે આ અનામત નક્કી કરે છે. પછાત વર્ગો માટે મહત્તમ ૨૭ ટકા અનામત આપવામાં આવે છે. જો કે, સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્ણયોના પ્રકાશમાં, વધુ સચોટ, ડેટા-આધારિત અને કમિશન-ભલામણ કરેલ અનામત પ્રણાલી લાગુ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. ઉત્તર પ્રદેશ ઘઈઈ કમિશન તમામ ૭૫ જિલ્લાઓમાં બેઠક કરીને અને જાતિ-વાર ડેટાની સમીક્ષા કર્યા પછી જ ત્રિ-સ્તરીય પંચાયત ચૂંટણીઓ માટે અનામત અંગેનો પોતાનો અહેવાલ રજૂ કરશે. આમાં છ મહિનાનો સમય લાગશે. ઘઈઈ કમિશનના રિપોર્ટના આધારે, પંચાયત ચૂંટણી અનામત ભલામણો પર રાજકીય પક્ષો અને અન્ય હિસ્સેદારો પાસેથી વાંધાઓ મંગાવવામાં આવશે, જેને ઉકેલવામાં પણ એક મહિનાનો સમય લાગી શકે છે.

આ રિપોર્ટ સપ્ટેમ્બર અથવા ઓક્ટોબરમાં આવવાનો છે. જોકે, આવતા વર્ષે માર્ચમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને, પંચાયત ચૂંટણીઓ ચાર મહિના વહેલા યોજવી એ સરકાર માટે રાજકીય રીતે જોખમી નિર્ણય હોઈ શકે છે. એવી શક્યતા છે કે ચૂંટણીઓ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પછી યોજાશે, જ્યારે પંચાયત ચૂંટણીનો કાર્યકાળ મે મહિનામાં સમાપ્ત થશે. આવી સ્થિતિમાં, સરકાર ગામના વડા અથવા અઉઘ પંચાયતને વહીવટકર્તા તરીકે નિયુક્ત કરી શકે છે.

# કેજરીવાલ-સિસોદિયા કેસ

## જસ્ટિસ સ્વર્ણ કાંતાએ પોતાને અલગ કર્યા, જસ્ટિસ મનોજ જૈનની બેન્ચ આજે કેસની સુનાવણી કરશે





નવીદિલ્હી, તા. ૧૮

સીબીઆઈએ દિલ્હી હાઈકોર્ટમાં એક્સાઈઝ કેસમાં અરવિંદ કેજરીવાલ, સિસોદિયા અને અન્ય લોકોને મુક્ત કરવાના નિર્ણયને પડકારતી અરજી દાખલ કરી છે. આ મામલાની સુનાવણી ૧૯ મેના રોજ થશે. આ કેસની સુનાવણી જસ્ટિસ મનોજ જૈનની અધ્યક્ષતાવાળી બેન્ચ દ્વારા કરવામાં આવશે. જસ્ટિસ સ્વર્ણકાંત શર્મા પહેલા આ કેસની સુનાવણી કરી રહ્યા હતા, પરંતુ કેજરીવાલ અને અન્યો સામે ફોજદારી અવમાનનાની કાર્યવાહી શરૂ થયા બાદ તેમણે પોતાને અલગ કરી લીધા હતા. કેજરીવાલ, સિસોદિયા, સંજય સિંહ, સૌરભ ભારદ્વાજ અને વિનય મિશ્રા સામેના અવમાનના કેસની સુનાવણી હવે જસ્ટિસ નવીન ચાવલા અને જસ્ટિસ રવિન્દ્ર દુડેજાની અધ્યક્ષતાવાળી બેન્ચ દ્વારા કરવામાં આવશે. આ બેન્ચ પણ આવતીકાલે આ કેસની સુનાવણી કરશે. તેઓએ પેપર્સ લીક કર્યા, ગુપ્ત વર્ગો ચલાવ્યા અને વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયાની ખંડણી લીધી. મનીષા વાઘમારે અને ધનંજય લોખંડે મધ્યસ્થી હતા. સીબીઆઈએ બેંક ખાતાઓ અને કોલ ડિટેલ્સની તપાસ કરીને આ રેકેટનો પર્દાફાશ કર્યો, જેનાથી લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાયું.

કેજરીવાલ, સિસોદિયા અને પાઠકે અગાઉ જસ્ટિસ શર્માને કેસમાંથી અલગ રહેવાની વિનંતી કરી હતી. જોકે, જસ્ટિસ શર્માએ ૨૦ એપ્રિલે તેમની અરજી ફગાવી દીધી હતી. તે આદેશમાં, ન્યાયાધીશે જણાવ્યું હતું કે કોઈપણ રાજકારણીને અવિશ્વાસ ફેલાવવાની મંજૂરી આપી શકાતી નથી, અને તેમના પદ છોડવાની માંગ કરતી અરજીઓ ન્યાયતંત્રને જ કઠેડામાં મૂકવા માટે છે. ન્યાયાધીશ શર્મા વિરુદ્ધ તેમના આદેશ પહેલા અને પછી સોશિયલ મીડિયા પર ઘણી પોસ્ટ્સ સામે આવી હતી, જેના કારણે તેમણે આજે કોર્ટના તિરસ્કારની કાર્યવાહી શરૂ કરી હતી. કાર્યવાહી શરૂ કરવાના તેમના આદેશમાં, ન્યાયાધીશ શર્માએ કેજરીવાલ, સિસોદિયા અને દુર્ગેશ પાઠક દ્વારા લખાયેલા પત્રોનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં તેઓએ કાર્યવાહીનો બહિષ્કાર કરવાનો પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. તેમણે કેજરીવાલના તે વીડિયોનો પણ ઉલ્લેખ કર્યો હતો જેમાં તેમણે ન્યાયાધીશ શર્માની કોર્ટમાં કેસનો બહિષ્કાર કરવાના કારણો વિગતવાર જણાવ્યા હતા. સીબીઆઈએ એક્સાઈઝ કેસમાં કેજરીવાલ અને સિસોદિયા વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. આ કેસની સુનાવણી ૧૯ મેના રોજ થશે. ન્યાયાધીશ મનોજ જૈનની આગેવાની હેઠળની બેન્ચ આ કેસની સુનાવણી કરશે. આ અવમાનના કેસની સુનાવણી ન્યાયાધીશ નવીન ચાવલા અને ન્યાયાધીશ રવિન્દ્ર દુડેજાની બેન્ચ કરશે.

# પંજાબના અમૃતસરમાં વિદેશી ડ્રગ તસ્કરનો પર્દાફાશ

## ૨.૧ કિલો હેરોઈન અને ૭ પિસ્તોલ જપ્ત : ધરપકડ કરાયેલ આરોપી વર્ચ્યુઅલ નંબરો દ્વારા વિદેશમાં એક દાણચોરના સંપર્કમાં હતો



નવીદિલ્હી, તા. ૧૮

પંજાબના અમૃતસર પોલીસ કમિશનરેટને મોટી સફળતા મળી છે. પોલીસે ડ્રગ્સ અને ગેરકાયદેસર હથિયારોના દાણચોરની ધરપકડ કરી છે અને તેના રેકેટનો પર્દાફાશ કર્યો છે. આરોપી પાસેથી સાત પિસ્તોલ અને ૨.૧ કિલોગ્રામ હેરોઈન જપ્ત કરવામાં આવ્યું છે. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે ધરપકડ કરાયેલ આરોપી વર્ચ્યુઅલ નંબરો દ્વારા વિદેશમાં એક દાણચોરના સંપર્કમાં હતો. ત્યારબાદ તે ડ્રગ્સ અને હથિયારોના કન્સાઈનમેન્ટ પંજાબ લાવતો હતો અને રાજ્યભરમાં તેનું વિતરણ કરતો હતો. અમૃતસરના સી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. આ નેટવર્કની બધી આગળ અને પાછળની કડીઓને જોડવા અને તેમાં સામેલ અન્ય સાથીદારોને ઓળખવા માટે વધુ તપાસ ચાલી રહી છે. પંજાબ પોલીસે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું છે કે પંજાબ ડ્રગ્સ, ગેરકાયદેસર હથિયારો અને સંગઠિત ગુનાઓ સામે શૂન્ય-સહિષ્ણુતા નીતિ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. પંજાબ પોલીસે ૨૨૩ સ્થળોએ દરોડા પાડ્યા અને ૬૫ ડ્રગ તસ્કરોની ધરપકડ કરી, હેરોઈન, નાર્કોટિક ગોળીઓ અને ડ્રગ મની જપ્ત કરી.

પંજાબ પોલીસ અને બોર્ડર સિક્યુરિટી ફોર્સે સંયુક્ત કાર્યવાહી હાથ ધરી, અંદાજે ૨૦ કિલો હેરોઈન જપ્ત કર્યું અને એક સગીર સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી. રાજ્યભરમાં એક મોટા ઓપરેશન દરમિયાન, ૯૮ ડ્રગ તસ્કરોની ધરપકડ કરવામાં આવી. પોલીસે હેરોઈન, ગાંજા, ખસખસ અને હજારો માદક દ્રવ્યોની ગોળીઓ જપ્ત કરી. કાઉન્ટર ઈન્ટેલિજન્સ વિંગે ચાર દાણચોરોની ધરપકડ કરી. પોલીસે આ દાણચોરો પાસેથી ૪૦.૧ કિલો હેરોઈન પણ જપ્ત કર્યું. આ કેસની તપાસમાં પાકિસ્તાન સાથેના સંબંધો હોવાનું બહાર આવ્યું.

પંજાબ પોલીસે અમૃતસરમાં ૫૧.૫ કિલો હેરોઈન જપ્ત કર્યું અને ત્યાં બે મોટા દાણચોરોની ધરપકડ કરી. પોલીસના જણાવ્યા અનુસાર, આ નેટવર્કના પાકિસ્તાનમાં હેન્ડલર્સ સાથે સંબંધો હતા. ફિરોઝપુર પોલીસે એક મહિલા અને તેના સગીર પુત્ર સહિત ચાર લોકોની ધરપકડ કરી. પોલીસે કુલ ૭.૮ કિલો હેરોઈન જપ્ત કર્યું અને પાકિસ્તાની દાણચોરો સાથેના તેમના જોડાણની તપાસ શરૂ કરી. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અને પંજાબ પોલીસે ૧૦ થી વધુ સ્થળોએ દરોડા પાડીને હેરોઈન સાથે પાંચ દાણચોરોની ધરપકડ કરી. પંજાબ પોલીસે અમૃતસરમાં એક મોટા ડ્રગ અને ગેરકાયદેસર હથિયારોના દાણચોરની ધરપકડ કરી છે. પોલીસે તેની પાસેથી ૨.૧ કિલોગ્રામ હેરોઈન અને સાત પિસ્તોલ જપ્ત કરી છે. આ કાર્યવાહી ડ્રગ્સ અને સંગઠિત ગુનાઓ સામે પોલીસની શૂન્ય-સહિષ્ણુતા નીતિનો એક ભાગ છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## યથા દીપો નિવાતસ્થો.. એ શ્લોકમાં ભગવાને યોગીની કક્ષા માટે દીવાની ઉપમા શું કામ આપી?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આંબુડુ જાંબુડુ કેરીને કોઠીમડું ... ભક્તો એ રીતે વિષ્ણુનાં અનન્ય સ્વરૂપ એવાં ભગવાન પરષોત્તમનું ગુણગાન ગાઈ રહ્યાં છે, ભગવાન શ્રીકૃષ્ણ પણ વિષ્ણુનું જ સ્વરૂપ છે, અને એમણે અર્જુન રુપી ભોગી અને સંસારી જીવને સંબોધીને કેટલાય ઉપદેશ આપ્યા! અને એમનું કહેવું છે કે, આપણે એ રીતે આત્મબોધ પ્રાપ્ત કરીને ભોગી માંથી યોગી થઈ શકીએ છીએ! પરંતુ થવું હોય તો... ! આ નસ્ત્રજો અને તોસ્ત્રસ્ત્ર નું ત્રાજવું એવું છે કે એ બેલેન્સ થતું જ નથી! કારણ કે જો આપણે તપ ત્યાગ કરીએ તો! પણ સંયમ એ રીતે આવતો નથી! અને એટલે જ આખો આખો મહિનો હવે ભક્તિ કરીને સંયમનું પલ્લું ભારે કરવાનું છે! પરંતુ જો સ્વાદ છોડી શકીએ નહીં, તો આપણાં માથી ભાગ પાડવાનું વ્રત પણ અસરકારક છે! આમપણ સ્વાદ શોધવા વાળી વૃત્તિ ઉપવાસમાં શું ખાઈ શકાય એ શોધશે! એની કરતાં હું જે ખાઉં તે પરિવાર સિવાયની ઓછામાં ઓછી એક વ્યક્તિને આપીને ખાઉં! આવો નિયમ ઝડપથી કારગત નીવડે! કારણ કે તૈત્તિરીય ઉપનિષદ મુજબ અન્નં બ્રહ્મેતિ વ્યજાનાત્સ્ત્રસ્ત્ર અન્ન જ બ્રહ્મ છે, અને કોઈની આંતરડી ઠારવાથી અન્ન રુપે રહેલ બ્રહ્મ તૃપ્ત થાય છે. ખેર છોડો આપણો આજનો વિષય એ નથી! યેનકેન પ્રકારે સંયમ બહુ જરૂરી છે, કારણ કે સંયમિત ચિત્ત જ પરમાત્માનું યોગ દ્વારાં અનુસંધાન કરી, એની સાથે જોડાય શકે છે. મન સંયમી, બુદ્ધિ નિર્મળ, ચિત્ત પારદર્શક બને અને અહંકાર સુષુપ્ત અવસ્થામાં રહે!; ત્યારે સાધક યોગી બની એકાગ્રતાથી ઈશ્વરને પોકારી શકે! એની આ પોકારમાં કોઈ માંગ નથી હોતી! માત્રને માત્ર મિલનની તીવ્રતા હોય છે, અને ત્યારે અસ્તિત્વ પણ મદદગાર બને છે. તો ભગવત ગીતાનાં છઠ્ઠા અધ્યાયનાં ૧૯ શ્લોકમાં યોગીની સ્થિતિનું હજી એક વધુ ઉદાહરણ આપીને ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવી રહ્યાં છે.

**યથા દીપો નિવાતસ્થો નેઙ્ગ્તે સોપમા સ્મૃતા.

યોગિનો યતચિત્તસ્ય યુઞ્જતો યોગમાત્મનઃ ૫૧૯૫

જેમ પવનરહિત સ્થાને રાખેલો દીવો જરાય હલતો નથી, તેમ આત્મયોગમાં લીન અને મનને સંપૂર્ણ નિયંત્રિત કરનાર યોગીનું ચિત્ત પણ સ્થિર રહે છે.

યથા દીપો નિવાતસ્થો, પવન રહિત સ્થાનમાં રહેલો દીવો.

નેઙ્ગ્તે, હલતો ડોલતો નથી.

સોપમા સ્મૃતા, તેવી ઉપમા કહેવાય છે.

યોગિનો, યોગીનાં

યતચિત્સ્ય = નિયંત્રિત ચિત્તવાળા

યુઞ્જત, યોગમાં તલ્લીન થયેલ.

યોગમ્, યોગ.

આત્મન, આત્મ સાધનાનો.

** સંધિ છૂટી પાડ્યાં પછી એમાં કોઈ વિશેષ ટિપ્પણીની જરુર નથી! સ્થૂળ અર્થ આસાનીથી સમજી શકાય એવો છે! પરંતુ ભગવાને યોગીનાં ચિત્તને દીવાની ઉપમા શું કામ આપી ! બીજું કોઈ ઉદાહરણ પણ આપી શક્યાં હોત! સાવ સીધાસાદા શબ્દોમાં કહીએ તો દીવાનો પ્રકાશ મેળવવાં માટે એને પ્રજ્વલિત કરવો પડે!: અને આ પ્રકાશ નિરંતર મેળવવા માટે એમાં ઈંધણ પૂરવું પડે! આ એક બિલકુલ સરળતાથી સમજી શકાય એવું સત્ય છે! જો દીવો પ્રગટાવવો હોય તો આમ કરવું પડે! દીવાનાં પાત્ર પણ ઘણી પ્રકારના હોય, વાટ પણ રૂ, સૂતર એમ હોય શકે, અને ઈંધણ પણ ઘણી પ્રકારના હોય! પરંતુ જ્યારે એને સંસારની આંધીથી બચાવવો હોય, અને એમાં પણ નિશ્ચિત જ્યોત રુપે અજવાળું મેળવવું હોય ત્યારે, એને પવન રહિત સ્થાન પર રાખવો પડે!

**ભગવાને અહીં યોગીની લૌકિક ચેતના એટલે કે મન ને દીવા સાથે સરખાવ્યું છે! અને સાધક કંઈ પ્રકારનું ઈંધણ નાખે તો આ દીવો સ્થિર જ્યોતથી અજવાળે? અથવા તો વાટ કોને કહીશું? ઈચ્છા, વિષય, વાસના, રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, જેવાં ભાવ આ બધું જ જ્યારે બળીને ભસ્મ થાય! જ્ઞાન નામનાં પરમ પવિત્ર જ્ઞેય પદાર્થનું ઈંધણ પૂરીએ, ત્યારે ચિત્તની જે પારદર્શક સ્થિત છે, એમાં આબેહૂબ પરમાત્માનું ચિત્ર ઝીલાય છે! અને ત્યારે સાધક એ રૂપ સ્વરૂપમાં તલ્લીન થઈ જાય છે, અને એવાં સાધકને ભગવાન શ્રીકૃષ્ણ યોગી કહે છે.


**દીવાની સ્થિર જ્યોત માટેનો સ્થૂળ અને સૂક્ષ્મ એ બે અર્થ થયાં, પરંતુ કારણ શરીરનો અર્થ કંઈક જુદો જ છે!; એટલે કે ભગવાને દીવાનું ઉદાહરણ એટલે આપ્યું, કારણ કે સ્થૂળ પ્રકાશથી જ દિવ્ય પ્રકાશ સુધી પહોંચવાનું છે. સાકાર સ્વરૂપનું ધ્યાન પણ, ધ્યાન યોગીની પરાકાષ્ટાની અનૂભૂતિ એ પ્રકાશ સ્વપન ધારણ કરે છે! એવી વાત સ્પષ્ટ કહેવાઈ છે. જેવી રીતે આપણાં ઈષ્ટની આજુબાજુ રહેલ પ્રકાશ વર્તુળ છે! એ દિવ્ય પ્રકાશ છે, જેને આભા વલય કે નસ્ત્રઓરાસ્ત્રસ્ત્ર કહેવામાં આવે છે! સાધકનાં ધ્યાનમાં પછી ઈષ્ટનું રૂપ નાનું થતું જાય, અને સ્વભાવગત સ્વરૂપ મોટું થતું જાય છે, અને એમનો ઓરા નો દિવ્ય પ્રકાશ જ એની તરફ ખેંચે છે. હજી વધુ સુક્ષ્મ ચિંતન કરીએ તો પીળા પ્રકાશ માંથી તેજસ્વી જાંબલી પ્રકાશ સુધી પહોંચવાનું છે, કારણ કે જાંબલી પ્રકાશ કલ્યાણકારી છે. બિલકુલ સહસ્ત્રાર પરનાં પ્રકાશપુંજ જેમ! પરંતુ દરેક અગ્નિ પ્રેરક પ્રકાશ પણ ધ્યાન કરવા યોગ્ય નથી, જેમ કે પ્રાયમસ, ફાનસ, વગેરેમાં કેરોસીન પૂરીએ, અને એ તાપ દાહ આપે, છતાં રસોઈ કરવાં પ્રાયમસમાં ઘી પૂરાય નહીં, રસોઈમાં ઘી નાખી શકાય! પણ રસોઈમાં કેરોસીન વપરાય નહીં! નહીં તો બંને પ્રકાશ ઉત્પન્ન કરતાં પદાર્થ જ છે! આ ઉદાહરણ બતાવે છે કે તત્વતઃ જે કલ્યાણકારી ઈશ્વર છે, એનું જ ધ્યાન ધરવાનું હોય, ભોગ પ્રેરક કે વિષય પ્રેરક પદાર્થનું નહીં! જીતેન્દ્રિય એ સ્થિતિને ભગવાને યોગી કહી છે, પરંતુ શબ્દનાં અર્થ તરીકે એને સમજાવી શકાય, કે જેણે પોતાની ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કર્યો છે એ, પણ સ્થૂળ ઈન્દ્રિયો મન નામની અદ્રશ્ય ઈન્દ્રિયથી પ્રભાવિત થઈ કાર્યશીલ બને છે, અને આવાં સંજોગોમાં સ્થૂળ ઈન્દ્રિયની પોતાની કોઈ ઈચ્છા ન્હોય, છતાં એ ક્રિયા કરે છે! દાખલા તરીકે ચોર ચોરી કરે, સીધી રીતે હાથથી જ ચોરી કરે! પણ એ મનનાં કહ્યાં પ્રમાણે અનુસરે! એટલે મનની નિર્મળતા હોય તો જ જીતેન્દ્રિય બનવું શક્ય છે! અને આજુબાજુ સર્વત્ર જ્યારે ભોગ અને વિષયોની ભરમાર હોય ત્યાં એવો વિચાર પણ શક્ય નથી, એટલે કે મન જ્યાં સુધી ભોગ પ્રધાન હોય ત્યાં સુધી યોગ શક્ય જ નથી. માટે આપણી ભોગી પ્રકૃતિને વિષય વાસનાનાં પવન રહિત રાખવી હોય તો સંયમ બહુ જરૂરી છે, અને એ બલાત શક્ય નથી, એની માટે એકાંતમાં આપણી દિનચર્યાનો અભ્યાસ કરવો પડે. અંતઃકરણ ચતુષ્કોણનો ચોથો ખૂણો એટલે કે અહંકાર! એને સુષુપ્ત કંઈ રીતે બનાવીશું! હું કંઈ નથી!, અને હું કંઈક છું! આ બંને ભાવ ખોટાં છે, એટલે કે એક લઘુતાગ્રંથી પ્રેરક અર્થ અને બીજો ગુરુતા ગ્રંથી પ્રેરક અર્થ! પરંતુ હું કંઈ જ નથી! પણ મારાં મા કોઈક એવું છે! જે મને દિવ્ય પ્રકાશ તરફ દોરે છે, આ ભાવ યોગ્ય છે! હું ને પ્રબળ બનાવવાનો નથી,પણ સ્વયંનો આત્મપ્રકાશ પણ એક દીવાનું કામ કરી શકે, એ માટે એની પરથી હું પણાનું આવરણ હટાવવું પડશે! મોટેભાગે સંયમી માં સંયમી તપસ્વી પણ અહમ્ છોડી શકતાં નથી! અને સિદ્ધ હોવાનો દાવો કરીને ધાર્યું પરિણામ મેળવી શકતાં નથી. આપણાં દીવાની જ્યોતને સ્થિર રાખવા માટેનાં શરીર ક્ષેત્રને પવન રહિત એટલે કે વિષય વાસના રહિત બનાવી શકીએ! અને સત્ય પ્રેમ અને કરુણાનું ઈંધણ નાખી તેજસ્વી પ્રકાશ મેળવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### કથાના ત્રીજા દિવસે ચતુર્શ્લોકી ભાગવત કથાનું કરાયું વર્ણન

# પ્રત્યેક માણસ વિષ્ણુના અંશના નાતે વૈષ્ણવ : શાસ્ત્રીજી

## આજે કથામાં નૃસિંહજી અવતાર, વામન અવતાર, રામ અવતાર, હનુમાનજી અવતાર અને શ્રી કૃષ્ણ જન્મ સહિતના પ્રસંગો ધામધુમથી ઉજવાશે






રાજકોટ, તા. ૧૮

દેવભૂમિ હરિદ્વાર ખાતે ચાલી રહેલી આધ્યાત્મિકતા અને સ્વાસ્થ્યના સંગમ સમાન નશ્રીમદ યોગ ભાગવત સપ્તાહથ આગળ વધીને ત્રીજા દિવસમાં પ્રવેશી હતી.

લકુલીશ યોગ આશ્રમ (કાંગરી, ગાંજીવલી, ચંડીદેવી રોડ, નજીબાબાદ - હરિદ્વાર) ખાતે શરુ થયેલી કથાના વ્યાસપીઠ પર ઈશ્વરીયા (ભાવનગર) ના જાણીતા શાસ્ત્રી, આધ્યાત્મિક યોગ ગુરુ અને ભાગવતાચાર્ય ડો. અનિલ કુમાર મહેતા બિરાજીને શ્રદ્ધાળુઓને કથામૃતનું રસપાન કરાવી રહ્યા છે.

કથાના ત્રીજા દિવસે ચતુર્શ્લોકી ભાગવત પર કથા યોજાઈ હતી. કે જે ખાસ કરીને ૧૮ હજાર શ્લોકનો સાર, ચાર શ્લોક પર ભાગવત પર વિશેષ કથા વર્ણવાઈ હતી. શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે, ભગવાન, પરમાત્મા નારાયણ ભગવાન બ્રહ્માજીને કહે છે કે, મારાથી જુદું આ જગતમાં કાઈ છે જ નહિ, જગત નહોતું ત્યારે હું હતો, જગત નહિ હોય ત્યારે હું હોઈશ અને જગતના રૂપમાં હું જ છું. ભગવાન શ્રીકૃષ્ણએ પણ આ કહ્યું અને મહાપુરુષોએ પણ આ વાત કહી. આ વાત માત્ર બ્રહ્માજીને નહિ સંસારના તમામ જીવોને લાગુ પડે છે. આ વાત જીવમાત્રને લાગે છે અને એક જ ભાવ માણસના જીવનમાં આવી જાય કે પરમાત્મા મારાથી જુદા નથી કે હું પરમાત્માથી જુદો નથી ત્યારે માણસને પરબ્રહ્મની અનુભૂતિ થઇ જાય છે.





અગાઉની લોકવાયકાઓ અને માન્યતાઓનો છેદ ઉડાડતા શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે, આપણે વાનરમાંથી નથી જનમ્યા કે આપણા પૂર્વજો પણ વાનર નહોતા, આપણે બ્રહ્માના પુત્રો છીએ , બ્રહ્માનું પ્રાગટય પણ નારાયણથી હોવાથી આપણે બધા જન્મથી જ વૈષ્ણવ છીએ. ભગવાન વિષ્ણુના અંશ છીએ. અને વિષ્ણુનો જ આખો વિસ્તાર છે. આપણે વૈષ્ણવ જ છીએ, વૈષ્ણવની દીક્ષા લેવાની જરૂર જ નથી. અને તે જ વ્યાપક તત્વ છે તેને આપણે આકાશ તત્વ કહીએ છીએ. અને તેમાંથી જ વાયુ બન્યો, અગ્નિ બન્યો, અગ્નિમાંથી જળ બન્યું અને જળમાંથી પૃથ્વી બની, પૃથ્વીમાંથી જ બધું મળે અન્ન બને, રસ બંને, રક્ત, મજ્જા બને અસ્થી,માંસ બને, શુક્ર ધાતુ બને. અને શુક્રથી આકાશ તત્વ સુધી તેમજ આકાશની ઉત્પતિ આત્માને આધારે છે. એટલે આખી શ્રુષ્ટિ એક જ સ્વરૂપ છે.

વિષ્ણુ ભગવાન એક જ તત્વ છે જો તેવું માણસને સમજાઈ જાય તો તે આશુરી શક્તિઓમાંથી મુક્ત થઇ જાય. દૈવી શરીર પ્રાપ્ત કરીને માણસ દિવ્ય પુરુષ બની જાય છે. સાથે આ કથા મહાપુરુષોએ કરી રીતે સમજાવી તે માટે ગંગા સતીના ભજનો કર્યા કે નસ્ત્રભક્તિ કરવી તો રાખ થઈને રહેવુંનસ્ત્ર , વીજળીના ચમકારે મોતીડા પરોવો પાનબાઈ જેવા ભક્તિ ગીતો દ્વારા સ્વને જાણવાની લેવાની જરૂર હોવાની વાત પર ભાર મૂકાયો હતો. સુખદેવજી મહારાજે કહ્યું કે એક આસન ઉપર બેસો, શ્વાસોશ્વસમાં જુઓ અને શ્વાસને જીતવાની વાત કરી, સોહમનો અનુભવ કરો.. જય-પરાજય અને માન -અપમાન જિતેન્દ્રિયનો અનુભવ કરો. અંતે ભગવાનને સ્થૂળ સ્વરૂપને પરમાત્મા જોવાની જરૂર ગણાવી હતી.

**જન્મથી જ વૈષ્ણવ હોવાથી વૈષ્ણવની દીક્ષા લેવાની જરૂર નથી : આપણે કે આપના પૂર્વજો વાનર નહોતા, માણસો બ્રહ્માના પુત્રો : ભાગવતાચાર્ય ડો. અનિલ કુમાર મહેતા**

જગદીશ જ જગતના રૂપમાં પ્રગટ થયા છે. વસુદેવ કુટુંબમકમ - પરમાત્માની શક્તિ થી જ બધું છે. ચતુર્શ્લોકી ભાગવત કથા દ્વારા આ બધી વાતોનું વર્ણન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રીજીએ કહ્યું હતું કે તું તેનાથી છે. તું તેનો છો, તું તે જ છો જેવા સુત્રો સમજાવ્યા હતા. સૃષ્ટિનું સર્જન થયું તે અંગે કથામાં વર્ણન કરાયું હતું કે વિષ્ણુમાંથી જ આખું જગત ઉત્પન્ન થયું છે.

આપણા ભારત દેશ માટે ગૌરવરૂપ વાત ગણાવતા શાસ્ત્રીએ જણાવ્યું હતું કે આપણા ભાગવતમાં વિસ્તૃત વર્ણન છે કે વિષ્ણુ ભગવાને જ આખી પૃથ્વી આપણા ભારતના, બ્રહ્માંડમાં સ્થિર કરી છે. પૃથ્વી વરાહ ભગવાન જ પોતાના દાંત દ્વારા સાગરમાંથી બહાર લાવ્યા છે. અને બ્રહ્માંડમાં સ્થિર કરી અને એ કારણે આપણે રાત દિવસ અને ઋતુનો અનુભવ કરી શકીયે છીએ. ભારતને જ કર્મભૂમિ ગણી. કે જ્યાં જૈવિક જીવન અનુભવી શકાય છે. ભારતની ભૂમિનો ઉલ્લેખ બીજા કોઈ ધર્મ પાસે નથી જયારે આપણી પાસે વરાહ ભગવાનનું ગ્રંથોમાં હજારો વર્ષો પહેલા વેદ વ્યાસ દ્વારા લખાયું છે. પૃથ્વી પર પહેલો હક ભારતનો અને તેના લોકોનો છે. ભારતે રહેવા માટે જગ્યા આપી છે. ભારતે બધાને પોતાના માન્યા છે. આક્રમણ કર્યું નથી. ભારત પાસે વિશ્વ બંધુત્વની ભાવના છે. વિગેરે સાર કથામાં શાસ્ત્રીજીએ વર્ણવ્યો હતો. અત્રે એ નોંધનીય છે કે, કથાની સાથે સાથે આધ્યાત્મિક યોગ પ્રશિક્ષણ શિબિરનું પણ આયોજન થઇ રહ્યું છે. ડો. આર. જે. જાડેજા સાહેબના માર્ગદર્શન હેઠળ શિબિરનું આયોજન કરાઈ રહ્યું છે. જેમાં ભક્તો માનસિક શાંતિની સાથે શારીરિક સ્વાસ્થ્યની કેળવણી પણ મેળવી રહ્યા છે. ધાર્મિક અને આરોગ્યપ્રદ કાર્યક્રમનો લાભ લેવા માટે આયોજકો દ્વારા અનુરોધ બાદ અહી ધર્મપ્રેમી જનતા કથા શ્રવણ માટે જોડાઈ રહ્યા છે તેવું યજમાનો જણાવી રહ્યાં છે.

### યોગ ભાગવત કથાના આયોજકો અને યજમાનોની સરાહનીય સેવા

શ્રીમદ યોગ ભાગવત સપ્તાહનું આવું ભવ્ય આયોજન ભાવનગરના ડો. આર. જે. જાડેજા (મો. ૯૪૨૬૪ ૫૦૬૧૫) તેમજ લકુલીશ યોગ આશ્રમ – હરિદ્વારના સ્વામી નિખિલાનંદજી (મો. ૯૯૨૫૧ ૯૯૭૯૬) દ્વારા કરવામાં આવ્યું છે. તેમજ કથાના મુખ્ય યજમાનો તરીકે નરેન્દ્રસિંહ એ. જાડેજા (સાપર–મોરબી) તેમજ જેઠવા પરિવાર (કાટવાણા) તેમજ તેમજ સહ યજમાન તરીકે ગં.સ્વ. બાશ્રી સજનબા સોઢા, મીનાક્ષીબા ખુમાનસિંહ પરમાર તેમજ જીતેશભાઈ કોઠારી સેવા–પૂજાનો લાભ લઈ રહ્યા છે. અત્રે એ પણ નોંધનીય છે કે, સંગીતમય યોગ ભાગવત કથામાં શ્રોતાઓને રસતરબોળ કરવા માટે ભાવનગરના રાધે કલા વૃન્દના સ્વાતિબેન ધાપા, કી–બોર્ડને વિનોદભાઈ ધાપા સંભાળી રહ્યા છે તો ઉસ્તાદ બ્રિજેશ સોની સાથી કલાકારોને સંગીન સહયોગઆપીને શ્રોતાઓને કથા શ્રવણમાં લીન કરી રહ્યા છે. આજે મંગળવારે ચોથા દિવસે કપિલ ગીતા, સાંખ્ય યોગ, નૃસિંહજી અવતાર, વામન અવતાર, રામ અવતાર, હનુમાનજી અવતાર અને શ્રી કૃષ્ણ જન્મ સહિતના પ્રસંગો ધામધુમથી ઉજવવામાં આવશે તેવું શાસ્ત્રી ડો. અનિલ કુમાર મહેતાએ ટેલિફોનિક મુલાકાત દરમિયાન નસ્ત્રરાજકોટ મિરરસ્ત્રસ્ત્રને જણાવ્યું હતું.

---

### સોશિયલ મિડીયાથી મિત્રતા કેળવી શિકાર કરી લેવામાં સાયબર માફીયા વધુ એક વખત સફળ

# અધિકારીએ નિધીને ફ્રેન્ડ બનાવી અને ગુમાવ્યા ૧૭ લાખ

## ફેસબૂકમાં એ લિંક જોવા મળતાં પીજીવીસીએલના અધિકારીએ તેમાં રિક્વેસ્ટ મોકલી: જે સ્વીકારી લઇ નિધીએ શરૂઆતમાં વાતો કરી પછી ક્રિપ્ટોમાં રોકાણ પર નફાની લાલચ દીધી: શરૂઆતમાં જ ત્રણ હજાર કમાઇ જતાં વધુ રોકાણ કર્યુ અને છેતરાયા

રાજકોટ:,તા.૧૮

સાયબર ક્રાઇમની ઘટનાઓ એક ભુલો ત્યાં બીજી ચાર-પાંચ સામે આવી જાય છે. અત્ર તત્ર સર્વત્ર સાયબર ગઠીયાઓ શિકાર કરી રહ્યા છે. વધુ એક વખત સોશિયલ મિડીયાનો ઉપયોગ કરીને એક અધિકારીને લાખોમાં નવડાવી દીધા છે. રાજકોટના પીજીવીસીએલના અધિકારીએ ફેસબૂક જોતી વખતે એક નિધી મિશ્રા નામની લિંક દેખાતા જ તેમાં સામેથી ફ્રેન્ડ રીક્વેસ્ટ મોકલી હતી. તેની આ રીક્વેસ્ટ સ્વીકારી લઇ કહેવાતી નિધીએ શરૂઆતમાં વાતો કરી હતી. પછી અધિકારીને ક્રિપ્ટોમાં રોકાણ કરવા લલચાવી પહેલા જ રોકાણ પર ત્રણ હજારનો નફો આપી દઇ બાદમાં વધુ રોકાણ કરવા લલચાવી ખંખેરી લીધા હતાં. ચોંકાવનારી વાત એ છે કે અમુક રકમ ગુભાવી ત્યારે જ અધિકારીઅને સાયબર ક્રાઇમ પોલીસે ચેતવી દીધા હતાં. પરંતુ તે ફરીથી વોલેટમાં નફો દેખાતો હોઇ તે લેવા જતાં બીજી રકમ પણ ખોઇ બેઠા હતાં.

વિગતે વાત કરીએ તો ઘટના રાજકોટની છે. શહેરમાં સાયબર ગઠિયાઓએ વધુ એક શિક્ષિત નાગરિકને પોતાનો શિકાર બનાવી લાખો ખંખેરી લીધા છે. પીજીવીસીએલ ઓફિસમાં ક્લાસ-૧ અધિકારી તરીકે ફરજ બજાવતા અધિક્ષક હિસાબનીશ સાથે ફેસબુક ફ્રેન્ડ રિક્વેસ્ટથી શરૂ થયેલી વાતચીતમાં પાર્ટ ટાઈમ ટ્રેડિંગના નામે બાઈનાન્સ એપ્લીકેશનમાં ક્રિપ્ટો કરન્સીના નામે રોકણ કરી નફો અપાવવાની લાલચ દઇ રૂપિયા સોળ લાખ બાણુ હજાર બસ્સોની ઓનલાઈન છેતરપિંડી આચરવામાં આવી છે. નિધી મિશ્રા નામથી ફેસબૂકમાં ફ્રન્ડ રિક્વેસ્ટ મોકલીને આ ઠગાઇ કરવામાં આવી હતી. આ બનાવમાં સાયબર ક્રાઇમ પોલીસે રૈયાધાર ડ્રીમ સીટી સામે સોપાન હાઇટ એ-૧૧૦૧માં રહેતાં અને નાના મવા રોડ પર પીજીવીસીએલમાં અધિક્ષક હિસાબનીશ તરીકે ફરજ બજાવતાં કલ્પેશભાઇ ચંદ્રકાંતભાઇ પારેખ ની ફરિયાદ પરથી ફેસબૂક આઇડી ધારક, વ્હોટ્સએપ એકાઉન્ટ ધારક અને તપાસમાં ખુલે તેની સામે ગુનો દાખલ કર્યો છે.

ભોગ બનનાર ફરિયાદી પચાસ વર્ષની વયના છે. વિગતો અનુસાર કલ્પેશભાઇ પારેખ નવેમ્બર ૨૦૨૫ માં ફેસબૂક વાપરતા હતા. તે દરમિયાન તેમને નિધી મિશ્રા નામની એક અજાણી ફેસબૂક પ્રબોફાઈલ લિંક જોવા મળતા




**ચોંકાવનારી વાત એ છે કે અમુક રકમ ગુમાવી ત્યારે સાયબર ક્રાઇમ પોલીસે સ્પષ્ટ સમજાવેલુ કે આ ફ્રોડ છેઃ આમ છતાં વોલેટમાં નફો દેખાડતો હોઇ તે લેવાની લ્હાયમાં બીજા લાખો રૂપિયા પણ ગુમાવ્યા**

તેમણે ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. સામેવાળી વ્યક્તિએ રિક્વેસ્ટ એક્સેપ્ટ કર્યા બાદ ફેસબુક મેસેન્જર પર અવારનવાર વાતચીત શરૂ થઈ હતી. થોડા દિવસો બાદ અજાણી યુવતીએ પોતે મેસેન્જરનો ઓછો ઉપયોગ કરે છે તેમ કહી પોતાનો વોટ્સએપ નંબર આપી ત્યાં મેસેજ કરવા જણાવ્યું હતું.

વોટ્સએપ પર વાતચીત દરમિયાન નિધિ મિશ્રાએ કલ્પેશભાઈને વિશ્વાસમાં લઈ જણાવ્યું કે તે નોકરીની સાથે બાઈનાન્સ એપ્લિકેશનમાં ટ્રેડિંગ કરીને મોટો નફો કમાય છે. વધુ પ્રોફિટ મેળવવાની લાલચમાં આવીને કલ્પેશભાઈએ પ્લે સ્ટોર પરથી બાઈનાન્સ એપ ડાઉનલોડ કરી પોતાનું વોલેટ બનાવ્યું હતું. ત્યારબાદ ગત ત્રેવીસ નવેમ્બર-૨૦૨૫ના રોજ નિધિ મિશ્રાએ ટ્રેડિંગના બહાને એક ક્યુઆર કોડ મોકલ્યો હતો. કલ્પેશભાઈએ પોતાના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી જી-પે દ્વારા રૂપિયા ૧૦,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ તેમના વોલેટમાં સારો નફો બતાવતા સામાવાળાના કહેવાથી તેમણે રૂપિયા ૧૩,૦૦૦ વિડ્રો કરી લીધા હતા.

પ્રથમ પ્રયાસમાં જ નફા સાથે રૂપિયા બેંક ખાતામાં જમા થઈ જતાં કલ્પેશભાઈને આ સિસ્ટમ પર સંપૂર્ણ વિશ્વાસ બેસી ગયો હતો. વિશ્વાસ જીત્યા બાદ નિધિ મિશ્રાએ કલ્પેશભાઈને ટ્રેડિંગ ટિપ્સ આપવા માટે ડ્રીમ્સ ૧૦૬૩૮૭ નામના એક વોટ્સએપ ગ્રૂપની લિંક મોકલી તેમાં જોઈન કર્યા હતા. આ ગ્રૂપનો એડમિન કોઇ સુરેશ સર હતો. જે રોકાણ અંગેની ટિપ્સ આપતો હતો. નિધિએ શરત રાખી હતી કે નફાના ૩૦ ટકા કમિશન તરીકે આપવાના રહેશે અને એજન્ટ થકી રોકાણ કરવાથી વધુ નફો મળશે. ત્યારબાદ સાયબર ગઠિયાઓએ એક અજાણી લિંક મોકલી કલ્પેશભાઈનું નવું ટ્રેડિંગ વોલેટ બનાવડાવ્યું હતું. ટોળકીના કહેવા મુજબ કલ્પેશભાઈએ અલગ-અલગ તારીખોમાં નિધિ મિશ્રા દ્વારા મોકલવામાં આવેલા જુદા-જુદા બેંક એકાઉન્ટ્સ અને ક્યુઆર કોડમાં પોતાના એસબીઆઇ અને એક્સિસ બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે રૂપિયા ૫,૭૨,૮૦૦નું રોકાણ કરી દીધું હતું.

ત્યારબાદ જ્યારે કલ્પેશભાઈએ પોતાના નફાના રૂપિયા વિડ્રો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે સામાવાળાએ લિંક બ્લોક કરી દીધી અને વધુ રૂપિયા ડિપોઝિટ કરવા દબાણ કર્યું હતું. છેતરાયા હોવાનો અહેસાસ થતાં કલ્પેશભાઈએ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર કોલ કરી ઓનલાઈન અરજી નોંધાવી હતી. અરજીના આધારે સાયબર ક્રાઈમ પોલીસે ગત તા. ૦૬/૧૨/૨૦૨૫ ના રોજ કલ્પેશભાઈને રૂબરૂ બોલાવી તેમનું નિવેદન નોંધ્યું હતું. પોલીસે તેમને વિગતવાર સમજાવ્યું હતું કે આ એક ડિજિટલ ફ્રોડ છે, ગઠિયાઓ લોભ-લાલચ આપી વધુ નાણાં પડાવશે એટલે હવે પછી સામાવાળાને એક પણ રૂપિયો ટ્રાન્સફર કરવો નહીં. પરંતુ ડિજિટલ વોલેટમાં લાખો રૂપિયાનો નફો ઓનલાઈન દેખાતો હોવાથી તે રૂપિયા પરત મેળવવાની લાલચમાં કલ્પેશભાઈ ફરી સાયબર ગઠિયાઓના સંપર્કમાં આવ્યા હતા. ગઠિયાઓએ નવા વોટ્સએપ નંબર પરથી સંપર્ક કરી વેરિફિકેશન ફી અને પેનલ્ટીના નામે રૂપિયા ભરવા પડશે તો જ જૂના રૂપિયા છૂટા થશે તેવું જૂઠાણું ચલાવ્યું હતું.

કલ્પેશભાઈએ ફરીથી વિશ્વાસ કરીને પોતાના એસબીઆઇ, એક્સિસ અને એચડીએફસી બેંક ખાતામાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા વધુ રૂપિયા ૧૧,૧૯,૪૦૦ સાયબર ચોરોના ખાતામાં જમા કરાવી દીધા હતા. બીજી વખત પણ મોટી રકમ ટ્રાન્સફર કરવા છતાં સાયબર ગઠિયાઓએ વધુ સિક્યોરિટી ફીના બહાના હેઠળ નાણાં વિડ્રો આપવાનો ઈનકાર કરી દીધો હતો. આથી આખરે કલ્પેશભાઈએ ફરીથી ૧૯૩૦ પર અરજી કરી હતી. સરકારી કર્મચારી હોવાના કારણે અને જિલ્લા બહાર તાલીમમાં વ્યસ્ત હોવાથી તેઓ અગાઉ રૂબરૂ ફરિયાદ નોંધાવી શક્યા ન હતા. હવે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે હાજર થઈ તેમણે ફેસબુક આઈડી નિધી ીમશ્રા, વોટ્સએપ ધારકો અને ફ્રોડના નાણાં જે બેંક ખાતાઓમાં જમા થયા છે તે તમામ શંકાસ્પદ ખાતાધારકો વિરૂધ્ધ કુલ રૂપિયા ૧૬,૯૨,૨૦૦ની છેતરપિંડીની એફઆઇઆર દાખલ કરાવતાં પીએસઆઇ જી. કે. રાઠોડે ગુનો દાખલ કરતાં આગળની તપાસ પોલીસ ઈન્સપેક્ટર બી. બી. જાડેજાએ વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

---

### ત્રણ ભાષાના સૂત્ર અંગેનો વિવાદ શું છે? આ ત્રણ ભાષાનું સૂત્ર ભૂતપૂર્વ DMK સરકાર અને કેન્દ્ર વચ્ચે રાજકીય વિવાદનું કેન્દ્ર રહ્યું છે

# ધોરણ ૯માટે CBSEનું ત્રણ ભાષાનું સૂત્ર બદલાશે?

નવી દિલ્હી, તા.૧૮

રાજ્ય ઐતિહાસિક રીતે ત્રણ ભાષાના સૂત્રનો વિરોધ કરે છે. ૧૯૩૭ માં, સી રાજગોપાલાચારીના નેતૃત્વ હેઠળની તત્કાલીન મદ્રાસ સરકારે શાળાઓમાં ફરજિયાત હિન્દી રજૂ કરી હતી. આ પગલાથી જસ્ટિસ પાર્ટી અને પેરિયાર જેવા દ્રવિડ નેતાઓ દ્વારા વ્યાપક વિરોધ થયો. ૧૯૪૦ માં આ નીતિ રદ કરવામાં આવી હતી, પરંતુ હિન્દી વિરોધી લાગણીઓ ચાલુ રહી હતી. જ્યારે ૧૯૬૮ માં ત્રણ ભાષાનું સૂત્ર રજૂ કરવામાં આવ્યું હતું, ત્યારે તમિલનાડુએ તેનો વિરોધ કર્યો હતો, તેને હિન્દી લાદવાના પ્રયાસ તરીકે ગણાવ્યો હતો. મુખ્યમંત્રી સી.એન. અન્નાદુરાઈના નેતૃત્વ હેઠળ, રાજ્યએ બે ભાષાની નીતિ અપનાવી હતી, જેમાં ફક્ત તમિલ અને અંગ્રેજી શીખવવામાં આવતું હતું.

તમિલનાડુ એકમાત્ર રાજ્ય રહ્યું છે જેણે ક્યારેય ત્રણ ભાષાના સૂત્રનો અમલ કર્યો નથી, હિન્દી અને અન્ય પ્રાદેશિક ભાષાઓ સહિત ભારતીય ભાષાઓ કરતાં અંગ્રેજી પસંદ કર્યું છે.૨૦૨૬-૨૭ શૈક્ષણિક સત્રના બે મહિના પછી, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ ૧ જુલાઈ, ૨૦૨૬ થી અમલમાં આવતા ધોરણ ૯ માટે ત્રણ ભાષાના સૂત્રના અમલીકરણની સૂચના આપી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ માં ત્રણ ભાષા સૂત્રની ભલામણ કરે છે કે વિદ્યાર્થીઓ ત્રણ ભાષાઓ શીખે, જેમાંથી ઓછામાં ઓછી બે ભારતની મૂળ હોવી જોઈએ. આ સૂત્ર સરકારી અને ખાનગી બંને શાળાઓને લાગુ પડે છે, જે રાજ્યોને કોઈપણ લાદ્યા વિના ભાષાઓ પસંદ કરવાની સુગમતા આપે છે.

આ સૂત્ર સૌપ્રથમ શિક્ષણ પંચ (૧૯૬૪-૬૬) દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યું હતું, જે સત્તાવાર રીતે કોઠારી કમિશન તરીકે ઓળખાય છે. તે ઔપચારિક રીતે તત્કાલીન વડા પ્રધાન ઇન્દિરા ગાંધીના શાસનકાળમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NPE) ૧૯૬૮ માં અપનાવવામાં આવ્યું હતું. ગાંધી. ભાષાકીય વિવિધતા અને રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવા માટે ૧૯૮૬ માં ગડઊ માં નીતિને ફરીથી સમર્થન આપવામાં આવ્યું હતું અને ૧૯૯૨ માં નરસિંહ રાવની કોંગ્રેસ સરકાર દ્વારા ભાષાકીય વિવિધતા અને રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવા માટે તેમાં સુધારો કરવામાં આવ્યો હતો.

આ સૂત્રમાં ત્રણ ભાષાઓનો સમાવેશ થતો હતોઃ માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષા, સત્તાવાર ભાષા અને આધુનિક ભારતીય અથવા યુરોપિયન ભાષા.

NEP શાળા સ્તરેથી નસ્ત્રબહુભાષીવાદને પ્રોત્સાહન આપવા માટે ત્રણ ભાષાના સૂત્રનો વહેલા અમલસ્ત્રસ્ત્ર કરવાનો પ્રસ્તાવ મૂકે છે. દસ્તાવેજમાં જણાવાયું છે કે બંધારણીય જોગવાઈઓ, લોકો, પ્રદેશો અને સંઘની આકાંક્ષાઓ અને બહુભાષીવાદને પ્રોત્સાહન આપવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ત્રણ ભાષાનું સૂત્ર અમલમાં મૂકવામાં આવશે. જોકે, NEP એ પણ જણાવે છે કે ત્રણ ભાષાના સૂત્રમાં વધુ સુગમતા હશે, અને કોઈપણ રાજ્ય પર કોઈ ભાષા લાદવામાં આવશે નહીં.

આ નીતિમાં જણાવાયું છે કે બાળકો દ્વારા શીખવામાં આવતી ત્રણ ભાષાઓ રાજ્યો, પ્રદેશો અને અલબત્ત, વિદ્યાર્થીઓની પસંદગી હશે, જ્યાં સુધી ત્રણમાંથી ઓછામાં ઓછી બે ભાષાઓ ભારતીય મૂળની હોય.

NEP ૨૦૨૦ મુજબ, ભારતીય ભાષાઓ અને અંગ્રેજી ઉપરાંત, માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓ કોરિયન, જાપાનીઝ, ફ્રેન્ચ, જર્મન અને સ્પેનિશ, અન્ય વિદેશી ભાષાઓ પણ શીખી શકે છે. જોકે, આ અભ્યાસક્રમમાં એક મુખ્ય પરિવર્તન એ છે કે અંગ્રેજીને વિદેશી ભાષા તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે, જેમાં બોર્ડ ત્રણ-ભાષાના માળખામાં ફક્ત એક જ વિદેશી ભાષાને મંજૂરી આપે છે. આ વિદ્યાર્થીઓને અંગ્રેજી અને બીજી વિદેશી ભાષા બંનેને તેમની બીજી અને ત્રીજી ભાષા તરીકે પસંદ કરવાથી પ્રતિબંધિત કરી શકે છે. બોર્ડે કહ્યું છે કે જ્યાં સુધી સમર્પિત R3 પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી, ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ પસંદ કરેલી ભાષાના ધોરણ ૬ R3 પાઠ્યપુસ્તકો (૨૦૨૬-૨૭ આવૃત્તિ) નો ઉપયોગ કરશે. બોર્ડે કહ્યું છે કે જે શાળાઓ પર્યાપ્ત લાયકાત ધરાવતા મૂળ ભારતીય ભાષાના શિક્ષકોની અછતનો સામનો કરી રહી છે, તેઓ વચગાળાની વ્યવસ્થા તરીકે, અન્ય વિષયોના હાલના શિક્ષકોને રાખી શકે છે જેમને સંબંધિત ભાષામાં કાર્યાત્મક નિપુણતા હોય. ત્રણ-ભાષા સૂત્ર ભૂતપૂર્વ ઉખઊં-નેતૃત્વ હેઠળની તમિલનાડુ સરકાર અને કેન્દ્ર વચ્ચેના રાજકીય વિવાદના કેન્દ્રમાં રહ્યું છે. આ રાજ્યએ ઐતિહાસિક રીતે ત્રણ-ભાષાનો વિરોધ કર્યો છે ફોર્મ્યુલા. ૧૯૩૭માં, સી રાજગોપાલાચારીના નેતૃત્વ હેઠળની તત્કાલીન મદ્રાસ સરકારે શાળાઓમાં ફરજિયાત હિન્દી લાગુ કરી. આ પગલાથી જસ્ટિસ પાર્ટી અને પેરિયાર જેવા દ્રવિડ નેતાઓ દ્વારા વ્યાપક વિરોધ શરૂ થયો. ૧૯૪૦માં આ નીતિ રદ કરવામાં આવી, પરંતુ હિન્દી વિરોધી લાગણીઓ યથાવત રહી હતી. ૧૯૬૮માં જ્યારે ત્રણ ભાષાનું ફોર્મ્યુલા રજૂ કરવામાં આવ્યું, ત્યારે તમિલનાડુએ તેનો વિરોધ કર્યો, તેને હિન્દી લાદવાના પ્રયાસ તરીકે જોયું. મુખ્યમંત્રી સી.એન. અન્નાદુરાઈના નેતૃત્વ હેઠળ, રાજ્યએ બે ભાષાની નીતિ અપનાવી, જેમાં ફક્ત તમિલ અને અંગ્રેજી શીખવવામાં આવ્યું હતું. તમિલનાડુ એકમાત્ર રાજ્ય રહ્યું છે જેણે ક્યારેય ત્રણ ભાષાના સૂત્રનો અમલ કર્યો નથી, હિન્દી અને અન્ય પ્રાદેશિક ભાષાઓ સહિત ભારતીય ભાષાઓ કરતાં અંગ્રેજી પસંદ કર્યું છે.

### વિદેશી દારૂની હેરાફેરીના નેટવર્કને ભેદવા પોલીસ વધુને વધુ સક્રિય

# વ્હીસ્કી-વોડકા ભરેલી કાર પકડાઇ ગઇ: અંદર બેઠેલા બે ભાગ્યા

## માધાપર ચોકડીથી બેડી ચોકડી વચ્ચેના રસ્તે પીસીબીની કાર્યવાહી: અન્ય કામગીરીમાં શ્રમિકોના મોબાઇલ ફોન ચોરી લેનારો ઝડપાયો: છ ફોન બી-ડિવીઝન પોલીસે જપ્ત કર્યા

રાજકોટ,તા.૧૮

પોલીસ વિદેશી દારૂના નેટવર્કને તોડી પાડવા સતત કાર્યવાહી કરી રહી છે. વધુ એક દરોડામાં પોલીસે વ્હીસ્કી-વોડકાનો જથ્થો ભરેલી કાર પકડી લીધી હતી. જો કે બે શખ્સ ભાગી ગયા હતાં. શહેર પીસીબીની ટીમે વધુ એક વખત દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરી બેડી ચોકડીથી માધાપર ચોકડીના રસ્તે એડીબી હોટેલ સામેથી દારૂનો જથ્થો ભરેલી કાર પકડી લીધી હતી.

દારૂ જૂગારની પ્રવૃતિને ડામવા પીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. કુલદિપસિંહ જાડેજા તથા કોન્સ. યુવરાજસિંહ રાણાને બાતમી મળી હતી કે જામનગર બાયપાસ રોડ ઉપર, બેડી ચોકડીથી માધાપર ચોકડી તરફ જતા રોડ પર આવેલી એડીબી હોટેલ સામેથી દારૂનો મોટો જથ્થો પસાર થવાનો છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે તુરંત જ ઘટનાસ્થળે વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન ત્યાંથી પસાર થતી એક ફીઆટ કંપનીની લીનીયા કાર નંબર જી.જે.૧૮.બી.સી.૦૮૬૭ ને અટકાવતા જ બે શખસ કાર મુકી ભાગી ગયા હતાં.

પોલીસને કારમાંથી મેજિક મોમેન્ટ્સ રેમિક્સ પ્રીમિયમ લેવર્ડ વોડકાની ૧૮૦ એમએલના ચપાલ ૪૮ કિંમત રૂ. ૧૩,૧૦૪ના તથા લંડન પ્રાઈડ વ્હીસ્કીના ૧૮૦ એમએલના ચપલા નંગ ૪૩૨ રૂા. ૧,૦૭,૧૩૬ના મળી આવ્યા હતાં. તેમજ રૂપિયા એક લાખની કિંમતની ફીઆટ લીનીયા કાર સહિત કુલ રૂ. ૨,૨૦,૨૪૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તપાસમાં ભાગી ગયેલા બે શખસના નામ મહેન્દ્ર હિંમતભાઇ નડીયાપરા તથા જય અતુલભાઇ મકવાણા હોવાનું ખુલતાં શોધખોળ થઇ



રહી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીકની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા તથા આર.કે. જાડેજા, એએસાઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ અને ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદિપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા અને રાહુલગીરી ગૌસ્વામી, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે તથા ડ્રા. હેડકોન્સ. જયેશભાઇ ગઢવી સહિતે આ કામગીરી કરી હતી.

બીજી તરફ મોબાઇલ ફોનની ચોરીઓ કરનારા તસ્કરને ઝડપી લેવામાં બી-ડિવીઝન પોલીસને સફળતા મળી હતી. અમદાવાદ હાઇવે પર કુવાડવા ગામ પાસે ચાલતા બ્રિજના કામના સ્થળેથી શ્રમિકોના આરામ કરવાના સ્થાનેથી ત્રણ મોબાઈલ ફોનની ચોરી થઇ જતાં ફરિયાદ થઇ છે. રાત્રિના સમયે ગાઢ નિદ્રામાં સુતેલા પરપ્રાંતીય શ્રમિકોની નજર ચુકવી તસ્કર ચોરી કરી ગયો હતો. આ ગુનો બી-ડિવીઝન પોલીસે ઉકેલી નાંખ્યો હતો અને એકને પકડી લીધો હતો.

વિગતો જોઇએ તો મુળ બિહાર કઠીયાલના અને હાલ કુવાડવા ગામ વાંકાનેર ચોકડીએ બાલગોપાલ હોટેલ નજીક ઝૂપડામાં રહેતાં સંજય શંકરભાઈ ઋષીની ફરિયાદ પરથી રૂા. ૨૩ હજારના ત્રણ મોબાઇલ ફોન ચોરાઇ ગયાની ફરિયાદ નોંધી છે. સંજય રાજકોટ-અમદાવાદ હાઇવે પર કુવાડવા ગામ વાંકાનેર ચોકડી ખાતે ચાલતા હાઇવે રોડના પુલના કામમાં મજૂરી કરે છે. તે અન્ય સાથી મજૂરો સાથે ત્યાં સાઈટ પર પતરાની આડશ કરીને બનાવેલી નાની ખુલ્લી ઓરડીઓમાં રહે છે. ગત સોળમીએ રાત્રિના સાડા અગિયારેક વાગ્યે સંજય અને તેમની સાથે કામ કરતા અન્ય બે શ્રમિક મિત્રો મોનાઝીર મનઝર શેખ તથા શનીદેવ પાસવાન પોતાની ઓરડીમાં સૂઈ ગયા હતા.

તેમણે પોતાના મોબાઈલ ફોન પોતાની બાજુમાં જ રાખ્યા હતા. ત્યારબાદ વહેલી સવારે પાંચ વાગ્યે જ્યારે ત્રણેય મિત્રો જાગ્યા, ત્યારે બાજુમાં રાખેલા ત્રણેય મોબાઈલ ફોન ગાયબ હતા. શ્રમિકોએ આજુબાજુના વિસ્તારમાં અને સાઈટ પર તપાસ કરી તેમજ ગુમ થયેલા નંબરો પર ફોન લગાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તમામ ફોન સ્વિચ ઓફ આવતા હતા. હેડકોન્સ. એમ. કે. રબારીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. દરમિયાન બી-ડિવીઝન પોલીસે આ ગુનાનો ભેદ ઉકેલી મિલન ઉર્ફે ગંજેરી ઉર્ફે બાવલીયો બાલશ નામના શખ્સને પકડી લઇ છ મોબાઈલ ફોન કબ્જે કર્યા હતાં. આ શખ્સની વિશેષ પુછપરછ હાથ ધરવામાં આવી છે.

---

### સગીરાઓ પછી હવે સગીર ગૂમ થઇ જવાની ઘટનાને પગલે દોડધામ

# રૈયા ગામમાંથી ૧૩ વર્ષનો રામ નામનો ટાબરીયો થયો ગૂમ

## યુનિવર્સિટી પોલીસે અપહરણનો ગુનો નોંધ્યો: બાળક જોવા મળે તો તુરંત પોલીસને જાણ કરવી

રાજકોટ,તા.૧૮

બાળક ગૂમ થઇ જવાની વધુ એક ઘટના બની છે. પોલીસે નિયમ અનુસાર અપહરણનો ગુનો દાખલ કર્યો છે. રૈયા ગામ વિસ્તારમાંથી એક તેર વર્ષ અને પાંચ માસની વયનો સગીર બાળક ગૂમ થતાં પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રૈયા ગામમાં હુશેની ચોક પચાસ વારીયા પ્લોટમાં રહેતાં પુંજીબેન ઉકાભાઈ જીતીયા નામના સાંઇઠ વર્ષના વૃધ્ધાની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ વિરૂધ્ધ અપહરણનો ગુનો દાખલ કરી બાળકની શોધખોળ શરૂ કરી હતી.

વધુ માહિતી અનુસાર પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ પંદરમી તારીખના રોજ રાત્રે અગિયારેક વાગ્યાની આસપાસ પરિવારના તમામ સભ્યો જમીને અગાશી ઉપર સુવા ગયા હતા, જ્યારે દાદી પુંજીબેન નીચે સુતા હતા. બીજા દિવસે સવારે બધા નીચે આવ્યા ત્યારે ૧૩ વર્ષનો



પૌત્ર રામ અનિલભાઈ જીતીયા ક્યાંય જોવા મળ્યો ન હતો. શરૂઆતમાં પરિવારને એમ લાગ્યું કે તે તેના મિત્રો સાથે બહાર ગયો હશે. પરંતુ મોડી સાંજ સુધી રામ ઘરે પરત ન ફરતા તેના પિતા અનિલભાઈએ રામના મોબાઈલ નંબર પર ફોન કર્યો હતો, જે સ્વીચ ઓફ આવતો હતો. ત્યારબાદ પરિવારે સગા-સંબંધીઓ અને મિત્રોના ઘરે તમામ જગ્યાએ શોધખોળ કરી હતી, પરંતુ તેની કોઈ ભાળ મળી શકી ન હતી.

બે દિવસ સુધી સતત શોધખોળ કરવા છતાં સગીર પૌત્રનો કોઈ પતો ન લાગતાં આખરે પોલીસને જાણ કરતાં સગીર ગૂમ થવાના કિસ્સામાં પીઆઇ સી. એન. દવેએ તુરત જ અપહરણનો ગુનો દાખલ કરાવ્યો હતો. ગૂમ થનાર રામ ધોરણ-૭માં અભ્યાસ કરે છે. તે પાતળા બાંધનો અને ઘઉંવર્ણો છે. તેને ગુજરાતી હિન્દી ભાષા આવડે છે. જમણા હાથના પંજામાં અંગ્રેજીમાં આર અને ૯ ત્રોફાવેલા છે. એએસઆઇ એમ.પી. ચરમટાએ ગુનો દાખલ કરતાં આગળની તપાસ પીએસઆઇ આઇ. એ. બેલીમે હાથ ધરી છે. તસ્વીરમાં દેખાતો રામ કોઇને જોવા મળે તો યુનિવર્સિટી પોલીસને ૬૩૫૯૬ ૨૭૩૩૫ અથવા ૭૦૪૬૬ ૩૭૨૬૨ ઉપર જાણ કરવા જણાવાયું હતું. બનાવને પગલે પરિવારજનો ચિંતામાં મુકાઇ ગયા છે. પોલીસ પણ બાળકને શોધવા સતત મહેનત કરી રહી છે.

---

### લેભાગુઓએ વધુ બે લોકોને બનાવી લીધા શિકાર: ગઠીયાગીરી અટકતી જ નથી

# ફીના દસ લાખ ઉઘરાવી સંચાલક છનનન...

રાજકોટ,તા.૧૮

ગઠીયાગીરીની ઘટના એક દિવસ પણ ન બને તેવું કદી બનતું નથી. દરરોજ ગઠીયાઓ પોતપોતાની રીતે ગામને છેતરી લેવામાં સફળ થઇ જાય છે. વધુ એક કિસ્સામાં લાખોની ઠગાઇ થઇ છે. જેમાં કોમ્પ્યુટર ઇન્સટીટ્યુટનો માર્કેટીંગ એજન્ટ એડમીશનના નામે ઉઘરાવેલા નવ લાખ એંસી હજાર લઇ ગાયબ થઇ ગયો છે. પોલીસે એફઆઇઆર દાખલ કરી આ શખ્સને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો વલસાડમાં ગૌરવ પથ ઉપર આવેલી એક કોમ્પ્યુટર ઈન્સ્ટિટયુટના માર્કેટિંગ એજન્ટે વિદ્યાર્થીઓના એડમિશનની રૂ.૯.૮૦ લાખની ફીની રકમ ચાઉં કરી ફરાર થઇ ગયો હતો. ઈન્સ્ટિટ્યુટના માલિકે તેમની સંસ્થાના એજન્ટ વિરૂધ્ધ છેતરપિંડીની એફઆઇઆર નોંધાવતાં ખાનગી કોમ્પ્યુટર કલાસિસ વર્તુળમાં ભારે ચકચાર જાગી હતી. વલસાડના અબ્રામા સોના સરિતા સોસાયટીમાં રહેતાં એકાવન વર્ષીય રાકેશ કરણસિંહ ચૌહાણ શહેરના ગૌરવપથ ઉપર આવેલા કળશ એપાર્ટમેન્ટના ત્રીજા માળે ૨૦૧૪થી સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટિટયુટ ચલાવે છે. આ ઈન્સ્ટીટયુટમાં કોમ્પ્યુટર શિક્ષણ આપવામાં આવે છે. ૨૦૧૫ની સાલમાં અબ્રામા મણિબાગમાં રહેતો મૂળ મહારાષ્ટ્રના ભંડારા જિલ્લાના લખની તાલૂકાનો રહીશ વિજેયન્દ્ર તુલસીરામ ગૌનાન્ડે સંસ્થામાં ૩ મહિના નોકરી કરીને ચાલી ગયો હતો. ત્યારબાદ તે ફરી આવીને વિદ્યાર્થીઓના એડમિશનના માર્કેટિંગના કામકાજ માટે પુછપરછ કરતાં રાકેશ ચૌહાણે તેની માર્કેટિંગ એજન્ટ તરીકે એપોઇન્ટમેન્ટ કરી હતી. આ કામગીરી માટે વિજયેન્દ્રએ હા પાડી હતી અને બીજા સ્ટાફ તરીકે ત્રણ છોકરીને નોકરી પર રાખી હતી અને તેમને પગાર વિજયેન્દ્ર જાતે જ આપતો હતો.

આ રીતે વિજયેન્દ્ર એડમિશન ફીની રકમ જમા કરાવતો હતો અને પગાર ચૂકવી દેવાતો હતો.દરમિયાન રાકેશભાઇની તબિયત ઓક્ટબર ૨૦૨૫માં બગડી જતાં તેઓ ઓફિસમાં આવી શક્યા ન હતા અને વિજેયન્દ્રને વિદ્યાર્થીઓના એડમિશનના પૈસા આવે તે તેમને ઘરે પહોંચતા કરવા અથવા ઓફિસમાં જમા કરવા કહ્યું હતુ. તેને વારંવાર ફોન કરવા છતાં મોબાઇલ બંધ આવતો હતો.

એજન્ટ વિજયેન્દ્ર ૨૪ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સંસ્થા છોડીને ભાગી ગયો હતો. છેવટે રાકેશ ચૌહાણે રૂ.૯.૮૦ લાખની ઠગાઇ મામલે માર્કેટિંગ એજન્ટ વિજયેન્દ્ર તુલસીરામ ગોનાન્ડ વિરૂધ્ધ સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. ઠગાઇની બીજી ઘટનામાં વડોદરા શહેરમાં કાર ભાડે આપવાના બહાને વાહન પડાવી લઈ છેતરપિંડી આચરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ખોડિયારનગર વિસ્તારમાં રહેતા અને કપડાનો વ્યવસાય કરતા વેપારીની કિંમતી મહિન્દ્રા થાર ગાડી ભાડે મેળવ્યા બાદ એક શખ્સ કાર પરત ન કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી ફરાર થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, વડોદરાના ન્યુ વી.આઈ.પી. રોડ પર આવેલા રાજીવનગરમાં રહેતા ધર્મેશભાઈ ક્રિષ્નારામ પ્રજાપતિ ખોડિયારનગર ખાતે રેડીમેડ કપડાની દુકાન ચલાવે છે. તેમના પિતાએ પરિવારના વપરાશ માટે મહિન્દ્રા થાર રોક્સ ગાડી ખરીદી હતી. આ ગાડી મોટાભાગે ઘરે જ પડી રહેતી હોવાથી ધર્મેશભાઈએ તેમના મિત્ર કરણભાઈ તડવીને જણાવ્યું હતું કે, જો કોઈ સેલ્ફ-ડ્રાઈવ માટે ભાડે ગાડી માંગે તો આપણી થાર ગાડી ભાડે આપીશું. આથી કરણભાઈએ પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડી પર આ થાર ગાડી ભાડે આપવાની જાહેરાત મૂકી હતી. આ જાહેરાત જોઈને જયેશભાઈ પરમાર નામના એક શખ્સે કરણભાઈનો સંપર્ક કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે તેને દમણ ફરવા જવા માટે ગાડીની જરૂર છે. વ્હોટ્સએપ પર ફોટા જોયા બાદ ગાડી પસંદ આવતા, દૈનિક ૬૫૦૦ લેખે બે દિવસનું ભાડું નક્કી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જયેશ પરમાર ફતેહગંજ બ્રિજ નીચે આવેલી એસ.બી.આઈ. બેંક પાસે આવ્યો હતો.




કોમ્પ્યુટર ઇન્સ્ટીટ્યુટમાં એડમીશન લેનારા અનેક છેતરાયા: બીજી ઘટનામાં લાખેણી કાર ભાડે લઇ ગયા પછી પાછી જ ન દીધી

ત્યાં તેણે પોતાની લાઈસન્સની નકલ, આધારકાર્ડની નકલ, આઈ.ડી.એફ.સી. બેંકનો ચેક અને કોન્ટ્રાક્ટ પર સહી કરી ધર્મેશભાઈના મિત્ર કરણને આપી હતી અને વિશ્વાસ અપાવ્યો હતો કે તે બે દિવસમાં ગાડી પરત કરી દેશે. જો કે, નક્કી કરાયેલી સમયમર્યાદા બાદ ગાડી પરત ન આવતા ધર્મેશભાઈ અને તેમના મિત્રને શંકા ગઈ હતી. તેમણે જયેશ પરમારના મોબાઈલ નંબર પર સંપર્ક કરવાનો -યાસ કર્યો હતો, પરંતુ તેનો ફોન સતત બંધ આવી રહ્યો હતો. આજ દિન સુધી આ શખ્સે ગાડી પરત ન કરી કોઈ સંપર્ક ન રાખતા, આખરે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

---

### ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની આગેવાની હેઠળની ક્રાઇમ બ્રાંચે વધુ એક ગેંગને ખોખરી કરી

# બૂટલેગર અલ્તાફ ઉર્ફે છ આંગળી ગેંગ સામે ગુજસીટોક

## છ શખ્સોની ગેંગ સામે આકરી કાર્યવાહી: ધાક ઉભી કરવા પ્રાણઘાતક હથિયારો વડે ખુન, ખુનની કોશીશ, ધમકી, લુંટ જેવા ગુના આચરતી સંગઠીત ટોળકી સામે કાયદાની તલવારથી વાર કરાયો: નવ વર્ષમાં આચરી લીધા હતાં છેતાલીસ ગુના: પાંચ પકડાયા: ગેંગના સુત્રધારની શોધખોળ

રાજકોટ,તા.૧૮

રાજકોટમાં શેરીએ ગલીએ અને અલગ અલગ મહોલ્લામાં ગેંગ બનાવીને ગુંડાગીરી આચરનારા તત્વોને અને તેમની ગેંગને તીતરભીતર કરી નાંખવાની નેમ લઇને બેઠેલા ક્રાઇમ બ્રાંચના ડીસીપી જગદીશ બાંગરવા અને એસીપી ભરત બી. બસીયાની આગેવાની હેઠળની ક્રાઇમ બ્રાંચે વધુ એક ગેંગના છોતરા કાઢી નાંખ્યા છે.

નામીચા બુટલેગર અલ્તાફ ઉર્ફે છ આંગળી ગેંગ સામે હવે ગુજસીટોકનો ગાળીયો વિંઝાયો છે. આ ગેંગના છ શખ્સોએ અત્યાર સુધીમાં ૪૬થી વધુ નાના મોટા ગુનાઓને અંજામ આપી દીધો હતો. ગેંગના પાંચને ઝડપી લેવાયા છે. સુત્રધાર ફરાર હોઇ તેની શોધખોળ થઇ રહી છે.

વિગતો પર જર કરીએ તો ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝ ક્રાઇમ (ગુજસીટોક)નો કાયદો ગુજરાત રાજયમાં અમલમાં છે જેનો ઉદ્દેશ સંગઠીત ગુના આચરતી ટોળકીના સભ્યો સામે કડક કાયદાકીય પગલાનો છે. આ અંતર્ગત આજે રાજકોટમાં સક્રીય અલ્તાફ ઉર્ફે છ આંગળી ગેંગના ૬ સભ્યો સામે ગુનો નોંધી જેલમાં ધકેલવાની કાર્યવાહી રાજકોટ ક્રાઇમબ્રાંચ દ્વારા કરવામાં આવી હતી. આ અંગે ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાએ પ્રેસ કોન્ફરન્સમાં માહિતી આપતા જણાવ્યુ હતું કે, શહેરના ''અલ્તાફ ૬ આંગળી'' ગેંગના સાગરીતો દ્વારા ખૂન, ખુનની કોશિશ, ધમકીઓ, લુંટ કરવી, બગાડ કરવો, ગે,કા, મંડળી રચી હુમલા કરવા તેમજ સરકારી અધિકારીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હુમલો કરવા, ગે.કા. હથીયાર તેમજ દારૂ જેવા ગંભીર ગુનાઓ આચરી આમ નાગરીકોમાં ભયનું વાતાવરણ ઉભું કરવાનો બદઇરાદો અવાર-નવાર પાર પાડતા હોય આ ગેંગને નિયંત્રણમાં લેવા શહેર પોલીસ કમિશનર શ્રી બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશનર શ્રી ચૈતન્ય મંડલીક દ્વારા સુચના આપવામાં આવી હતી. જે અન્વયે નાયબ પોલીસ કમિશનરશ્રી (ક્રાઇમ) જગદીશ બાંગરવા સાહેબની સુચના અને માર્ગદર્શન મુજબ મદદનીશ પોલીસ કમિશનરશ્રી (ક્રાઇમ) ભરત.બી.બસીયા તથા ડી.સી.બી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.આર.ગોંડલીયા એમ.એલ.ડામોર સી.એચ.જાદવ તથા પો.સબ.ઈન્સ સી.બી.જાડેજાએ ડી.સી.બી પોલીસ સ્ટેશનના કર્મચારીઓ મારફતે અતિ ગુપ્ત





રાહે આવા ગુના આચરતી ટોળી બાબતે માહિતી મેળવી તેઓ વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓની વિગત મેળવવામા આવી હતી.

વધુ માહિતી અનુસાર શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી અલ્તાફ ઉર્ફે છ આગળી હનીફભાઇ થઇમ રહે. અનમોલ પાર્ક શેરી નં. ૨ તુકીબાપુની દર્ગાની બાજુમા આજીડેમ ચોકડી પાસે રાજકોટ શહેર વાળો રાજકોટ શહેર વિસ્તારમાં તથા રાજકોટની આજુબાજુમાં આવેલ જીલ્લાઓમાં પોતાની ગુનાહીત પ્રવૃતિ ચલાવવા માટે પોતાના ગુનેગાર સાગરીતો સાથે મળીને ગુનાઓ આચરવા માટે સંગઠીત ગુના આચરતી ટોળી બનાવેલ. જે ''અલ્તાફ ૬ આંગળી ગેંગ'' તરીકે ઓળખાય છે. આ ગેંગ દ્વારા સને ૨૦૧૬ થી સને ૨૦૨૬ દરમ્યાન રાજકોટ શહેરમાં ૪૬ ગુના આચરવામાં આવ્યા હતા.

આ ટોળકીના આરોપીઓમાં તોસીફ ઉર્ફે બાધો અસીમભાઇ ઉમરેઠીયા રહે. રહે,સાગર સોસાયટી શે.નં.૨, વારીસ મકાન, ઉર્દુમાં લખાણ વાળુ, જંગ્લેશ્વર, કોઠારીયા રોડ રાજકોટ, ઇમરાન ગુલાબભાઇ બેલીમ રહે. જંગલેશ્વર શેરી નં.૨૬ મુન્નાભાઇના મકાનમાં ભાડેથી રાજકોટ શહેર, અશોક ગોવિંદભાઇ સીંધવ રહે. મહાત્મા ગાંધી સોસાયટી શેરી નં ૧ દેવપરા પાસે નીલકંઠ પાર્ક મેઇન રોડ, રાજકોટ શહેર તથા આંબેડકર નગર આસ્થાના ગેઇટની સામે ૧૫૦ ફૂટ રીંગ રોડ રાજકોટ શહેર, ભરત માધાવજી વાસુર રહે. નવા થોરાળા વિજયનગર શેરી નં. ૯ હાલ તથાગતનગર વાવડી રાજકોટ, ઇકબાલભાઇ કરીમભાઇ વડાવરીયા (રહે મોરબી ભારતપરા મ.પરા એચ.પી.ના પેટ્રોલપંપ સામે ઘરના મકાનમાં મોરબી)ને આજે ઝડપી લેવાયા હતા જયારે છઠ્ઠો મુખ્ય આરોપી અલ્તાફ ઉર્ફે છ આંગળીને ફરાર હોઇ તેની શોધખોળ યથાવત રખાઇ હતી.

આ કામગીરી ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાની સુચના હેઠળ રાજકોટ શહેરના મદદનીશ પોલીસ કમિશનર ભરત.બી. બસીયા સાહેબ તથા ડી.સી.બી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ. આર. ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ. જાદવ, તથા પીએસઆઇ સી.બી. જાડેજા, તથા એ.એસ.આઇ જનકભાઇ ફુગસીયા પોલીસ હેડ કોન્સ પ્રતિકસિંહ રાઠોડ તથા ટીમ દ્વારા કરવામાં આવી હતી. આરોપીઓને પકડવા માટે રાજકોટ શહેર, ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પો.સબ ઇન્સ. વી.ડી.ડોડીયા, એ.એન.પરમાર, આર.કે.ગોહિલ, ડી.પી.ઝાલા, એસ.વી. ચુડાસમા તથા ડીસીબી પોલીસની ટીમોએ કામગીરી કરી હતી. અગાઉ પણ છ જેટલી ગેંગો સામે ક્રાઇમ બ્રાંચ દ્વારા ગુજસીટોક હેઠળ કાર્યવાહી થઇ ચુકી હતી.

મકાન રીનોવેશનના સ્થળે પ્રૌઢ અને તેના મિત્રએ સાથે દારૂ પીધા બાદ ઢળી પડ્યા

# બે મિત્રના દેશી પીધા બાદ મોતઃ ઝેરી દારૂ પાઈ દીધાનો આક્ષેપ

## સંત કબીર રોડની ભગીરથ સોસાયટીના બનાવમાં પોલીસ તપાસનો ધમધમાટઃ જેણે દારૂ પાઇ દીધાનો આક્ષેપ થયો તેના સહિત ત્રણની પોલીસે પુછતાછ શરૂ કરીઃ બનાવને પગલે પરિવારજનોમાં શોકઃ એક તબક્કે મૃતદેહ સ્વીકારવાનો કર્યો ઈન્કાર

રાજકોટ,તા.૧૮

શહેરના સામા કાંઠે ભગીરથ સોસાયટીમાં મકાનના રીનોવેશનના કામના સ્થળે એક પચાસ વર્ષના પ્રૌઢ અને તેના તેતાલીસ વર્ષના મિત્રના દેશી દારૂ પીધા બાદ મોત થતાં પરિવારોમાં અરેરાટી વ્યાપી ગઇ છે. જો કે આ બંનેને ઝેર કે કેમિકલ મિશ્રીત દારૂ પાઇને હત્યા કરવામાં આવ્યાનો આક્ષેપ મૃતકોના પરિવારજનોએ કરતાં મૃતદેહોનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયું હતું. જો કે પોસ્ટમોર્ટમ બાદ કોઝ ઓફ ડેથ હાલ પેન્ડીંગ રખાયું હોઇ મૃત્યુનું કારણ અઠવાડીયા પછી બહાર આવશે. પોલીસે જેની સામે આક્ષેપો થયા હતાં તે શખ્સ સહિત ત્રણને ઉઠાવી લઇ પુછતાછ શરૂ કરી હતી. બીજી તરફ મૃતકોના પરિવારજનોએ તત્કાળ ગુનો નોંધવાની કાર્યવાહીની માંગણી કરી મૃતદેહો સ્વીકારવાનો ઇન્કાર કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો નવાગામ રહેતાં મનસુખભાઇ રણછોડભાઇ ડાભી-કોળી નામના પચાસ વર્ષના પ્રૌઢ રાતે પોણા નવેક વાગ્યે સંત કબીર રોડ૫ ૨ ભગીરથ સોસાયટી-૧૦માં આવેલા પોતાના વડીલોપાર્જીત જુના મકાને હતાં ત્યારે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત જાહેર કરાયા હતાં. તેની સાથે જ આ સ્થળે તેના મિત્ર અલ્પેશભાઇ રાઘવજીભાઇ સાબરીયા-કોળી કે જેની ઉમર તેતાલીસ વર્ષની છે તે પણ બેભાન મળ્યા હોઇ તેને પણ હોસ્પિટલે ખસેડાયેલ. પરંતુ તેનું પણ મોત થયું હતું. મનસુખભાઇ ડાભીના વડીલોપાર્જીત જુના મકાનને પાડીને નવુ બનાવવાનું કામ ચાલુ કરવાનું હોઇ જેથી તે આ મકાને હતાં. બંને મિત્રો બાજુ બાજુમાંથી બેભાન મળ્યા બાદ હોસ્પિટલમાં મોત થયા હતાં. પરિવારજનોએ પ્રાથમિક તપાસ કરતાં દેશી દારૂની એક ખાલી કોથળી અને એક કોથળીમાં થોડો દારૂ વધ્યો હતો તે મળી આવતાં પોલીસને જાણ કરતાં બી-ડિવીઝન પીઆઇ જી. આર. ચૌહાણ, પીએસઆઇ જે. આર. સોલંકી સહિતની ટીમે હોસ્પિટલે અને ઘટના સ્થળે પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.



દેશી દારૂ પીધા બાદ બંનેની તબીયત બગડતાં બંને ઢળી પડ્યા હતાં અને હોસ્પિટલમાં ખસેડાયા બાદ તેમને મૃત જાહેર કરવામાં આવતાં બંનેના પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર મનસુખભાઇ ડાભી બે બહેનના એકના એક મોટા ભાઇ હતાં. તેને સંતાનમાં પાંચ દિકરા છે. પત્નિનું નામ ગનુબેન છે. મનસુખભાઇ યાર્ડમાં તેમજ ઇમિટેશનની છુટક મજૂરી કરતાં હતાં. જ્યારે તેની સાથે મૃત્યુ પામનાર અલ્પેશભાઇ રાઘવજીભાઇ સાબરીયા ચાર ભાઇમાં નાનો અને કુંવારો હતો. તે છુટક મજુરી કરતો હતો અને ભગીરથ સોસાયટીમાં જ્યાં ઘટના બની તેની પાછલી શેરીમાં જ રહેતાં અને દારૂ-જૂગારની પ્રવૃતિમાં સામેલ જીણા ભગત સગરની સાથે તેના માણસ તરીકે કામ કરતો હતો. દરમિયાન મૃતક મનસુખભાઇના મોટા દિકરા વિનય ડાભીએ આક્ષેપો સાથે જણાવ્યું હતું કે-મારા પિતા મનસુખભાઇ અને તેના મિત્ર અલ્પેશભાઇને દેશી દારૂમાં કોઇ ઝેરી કેમિકલ ભેળવીને તે પીવડાવીને મોતને ઘાટ ઉતારાયા છે. હાલમાં અમારા જે ઘરનું રીનોવનેશ કરવાનું છે ત્યાં મારા પિતા કેટલાક દિવસથી રહેતાં હતાં. રાતે ૯ઃ૧૦ કલાકે મને તેમણે ફોન કરીને કડીયા ક્યારથી આવવાના છે? એવુ પુછતાં મેં તેમને કાલથી જ આવી જશે અને કામ ચાલુ થઇ જશે તેમ વાત કરી હતી. આ પછી રાતે ૯ઃ૩૮ કલાકે મારો નાનો ભાઇ નિલેષ મારા પિતાને સંત કબીર રોડ ભગીરથ સોસાયટીના અમારા આ જુના મકાને ટીફીન આપવા ગયો ત્યારે મારા પિતાને તેણે બેભાન જોયા હતાં અને તેમનો મિત્ર અલ્પેશભાઇ પણ તેમનાથી દસેક ડગલા દૂર બેભાન પડેલો જોવા મળતાં તુરત જ નિલેષે મને જાણ કરતાં અમે બધા તાત્કાલીક ત્યાં પહોંચ્યા હતાં.

અમે તપાસ કરતાં ત્યાંથી દેશી દારૂની એક ખાલી કોથળી અને એક થોડો દારૂ ભરેલી કોથળી મળી આવતાં અમે પોલીસને જાણ કરી હતી અને ૧૦૮ બોલાવી હતી. તાકીદે અમે મારા પિતા અને અલ્પેશભાઇને સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ અહિ તેમને તબિબે મૃત જાહેર કર્યા હતા.

વનય ડાભીએ વધુમાં જણાવ્યું હતું કે ઘટના બની ત્યાં અમારા ઘરની પાછળની શેરીમાં જીણા ભગત કરીને સગર શખ્સ રહે છે તે દેશી દારૂ વેંચે છે અને વરલીના આંકડા પણ રમાડે છે. થોડા મહિના પહેલા કોઇ પોલીસે મારા પિતાને આવીને પુછેલુ કે વરલીનો જુગાર કોણ રમાડે છે ત્યારે મારા પિતાએ પોતાને ખબર નથી પણ પાછળની શેરીમાં કોઇ રમાડે છે તેવી વાત કરી હોઇ આ કારણે જીણાને મારા પિતા સાથે મનદુઃખ સર્જાયુ હતું. વળી અમારુ આ મકાન પણ જીણાને લેવુ હોઇ અમે હાલમાં રિનોવેશન કરાવતાં હતાં તે જીણાને ગમ્યું નહોતું. જેથી તેણે પોતાના જ માણસ એવા અલ્પેશભાઇ કે જે મારા પિતાના પણ મિત્ર હતાં તેની સાથે દેશી દારૂની કોથળીઓ મોકલી હતી. જે બંનેએ પીધા બાદ બંનેના મોત થયા હતાં.

આ દારૂ સાથે કોઇ જલદ ઝેરી પ્રવાહી ભેળવેલુ હોવાની અમને પુરી શંકા છે. વિનયએ તો એવો પણ આક્ષેપ કર્યો હતો કે અગાઉ પણ આ રીતે શંકાસ્પદ મૃત્યુ થયા હતાં પણ તેમાં હાર્ટએટેકના તારણ નીકળ્યા હતાં. વિનયના આક્ષેપોને પગલે તુરત જ પોલીસે જેના વિરૂધ્ધ આક્ષેપો થયા તે જીણા સહિત ત્રણને પોલીસે પુછતાછ માટે ઉઠાવી લીધા હતાં.

જો કે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ પોલીસ આગળ કાર્યવાહી કરશે. આ બનાવે સામા કાંઠે અને કોળી પરિવારોમાં અરેરાટી ફેલાવી દીધી છે. ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ, એસીપી વી. બી. જાડેજાની રાહબરીમાં પીઆઇ જી. આર. ચૌહાણ, પીએસઆઇ જે. આર. સોલંકી અને ટીમ વધુ તપાસ કરે છે. જો કે પોસ્ટમોર્ટમ બાદ કોઝ ઓફ ડેથ પેન્ડીંગ રખાયું હોઇ એફએસએલનો રિપોર્ટ આવ્યા બાદ મોતનું ચોક્કસ કારણ બહાર આવશે. ત્યારબાદ પોલીસ આગળ કાર્યવાહી કરશે. ત્યારે ખરેખર કોઇ કેમીકલ કે ઝેર ભેળવાયુ હતુ કે પછી લઠ્ઠાકાંડ થયો? તે તપાસ થઇ રહી છે. મૃતકોના સગાએ એક તબક્કે મૃતદેહ સંભાળવાની ના પાડી દીધી હતી.

રૂપિયાની લેતીદેતીના મનદુઃખમાં આચરાયો હતો ગુનો

# છાત્રને ગોંધી રાખી લૂંટ ચલાવનારા પાંચ ઝડપાયા

રાજકોટ,તા.૧૮

શહેરમાં એક યુવાનને રૂપિયાની લેતી દેતી મામલે ગોંધી રાખી રૂપિયા તેમજ ટેબલેટ લૂંટી લેવાના ગુનાનો ભક્તિનગર પોલીસે ભેદ ઉકેલી પાંચ શખ્સોને પકડી લીધા હતાં.

વિગતો જોઇએ તો ભાવનગરનાં તળાજા તાલુકાના દેવલી ગામે રહેતાં અને મારવાડી યુનિવર્સિટીમાં બીસીએ સુધી અભ્યાસ કરનાર ત્રેવીસ વર્ષના પાર્થિવ નાથુભાઇ ઝીંઝાડા નામના યુવાનને રાજકોટના જંગલેશ્વર વિસ્તારના મકાનમાં લઈ જઈ છરી બતાવી ધાકધમકી આપી રૂ.૧.૨૫ લાખની માલમત્તા લૂંટી લેવાના બનાવમાં ભક્તિનગર પોલીસે ગુનો નોંધી કલાકોમાં જ પાંચ આરોપીઓને ઝડપી લઇ વિશેષ તપાસ હાથ ધરી હતી. પાર્થિવ ઝીંઝાળાએ ફરિયાદમાં જણાવ્યુ હતું કે છેલ્લા ચાર વર્ષથી રાજકોટ રહીં અભ્યાસ કરતો હતો. દોઢેક વર્ષ પહેલાં અભ્યાસની સાથે શિતલ પાર્ક પાસે આવેલા આરકે



ભક્તિનગરના પોલીસ ઈન્સપેકટર જે. ડી. પરમાર અને ટીમે કાર્યવાહી કરી

આઇકોનીક બિલ્ડિંગમાં આઈએમએસ નામની કંપનીમાં નોકરી કરતો હતો. જે કંપની રોકાણકારોને સારુ વળતર આપવાની જાહેરાત કરતી હતી.

તેની સાથે કામ કરતી કોઈ યુવતીનો ભાઈ અરમાન પણ નોકરીએ લાગ્યો હતો. જે ઓફિસ ભાડે રાખી હતી તેનો ભાડા કરાર તેના નામનો હતો. કંપનીનો માલિક રાજીવ ચૌબે રોકાણકારોના પૈસા લઈ ઓફિસ બંધ કરી જતો રહેતા ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જેમા તેની પણ ધરપકડ થઈ હતી. કંપનીમાં કામ કરતાં અરમાને પણ રોકાણ કર્યું હતું. દરમિયાન ગઈ તા. ૯ના રોજ તેની પરીક્ષા હોવાથી તા.૮મીએ રાજકોટ આવવા નીકળ્યો હતો. આજી ડેમ ચોકડીએ અરમાન સ્વીટ કાર લઈને તેને લેવા આવ્યો હતો. તેને બેડી ચોકડીએ મુકી જવાને બદલે જંગલેશ્વરમાં ત્રણ-ચાર માળીયા ક્વાર્ટરમાં લઈ ગયો હતો. જ્યાં તેના બીજા મિત્રો પણ હાજર હતા. તે વખતે અરમાને તેણે કંપનીમાં રોકેલા રૂ.૧.૫૦ લાખની ઘરાણી કરી હતી. તે વખતે રકમ કંપનીનો માલિક લઇ ભાગી ગયાનું કહેતાં બધાએ ભેગા મળી તેને મારકુટ કરી હતી.

તેમજ છરી બતાવી પૈસા નહીં આપ તો મારી નાંખીશું તેવી ધમકી આપી હતી. જેને કારણે ડરી જતાં તેના પિતા પાસેથી રૂ. ૯૦ હજાર ઓનલાઈન મંગાવ્યા હતા. જે આપી દીધા બાદ તેની પાસેથી રૂ.૫ હજાર અને ટેબલેટ પડાવી લીધું હતું. તેમજ બીજા પૈસા નહીં મળે તો જીવતાં નહીં જવા દેવાની ધમકી પણ આપી હતી. આખરે તેના પિતા અને સગાસંબંધીઓ તેની શોધખોળ કરતાં-કરતાં પહોંચી ગયા હતા. ત્યાં સુધીમાં આરોપીઓ ભાગી ગયા હતાં. ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઇ જે. ડી. પરમાર, પીએસઆઇ જે. જે. ગોહિલ, એએસઆઇ નિલેષભાઇ મકવાણા સહિતે ગુનો નોંધી પાંચ આરોપીઓ અરમાન હનીફભાઇ ખોખર (ઉ.વ.૧૯, રહે. ચુનારાવાડ શેરી નં.૧૧), મોહીન મજીભાઇ સોલંકી (ઉ.વ. ૧૯, રહે. જંગલેશ્વર શેરી નં.૫), અકીબ અસલમભાઇ સોલંકી (ઉ.વ. ૧૯, રહે. જંગલેશ્વર શેરી નં.૫), સોહિલ વાહીદભાઇ ચૌહાણ (ઉ.વ. ૧૯, રહે. નાણાવટી ચોક આરએમસી કવાર્ટર) તથા વિશાખ ગોપાલભાઇ સોલંકી (ઉ.વ.૨૧, રહે. રાધાકૃષ્ણ સોસાયટી શેરી નં.૪)ની ધરપકડ કરી આકરી પુછપરછ હાથ ધરી હતી.

# બાકાઝીકીની ત્રણ ઘટનાઃ ભત્રીજાના લવલફરાને કારણે કાકા થયા લોહીલુહાણ

## અન્ય બનાવમાં પાણીપુરી ખાતી વખતે સામે જોવા મામલે હુમલોઃ ત્રીજી ઘટનામાં જુના મનદુઃખમાં યુવાનને લાકડીથી ફટકારાયો

રાજકોટ,તા.૧૮

અલગ અલગ વિસ્તારમાં અલગ અલગ કારણોસર મારામારીના ત્રણ બનાવ બન્યા હતાં. આજીડેમ ચોકડીથી આગળ માંડા ડુંગર નજીક દેવકીનંદન સોસાયટી શેરી નં. ૪માં રહેતાં પાંત્રીસ વર્ષના સંતોષ સુરજભાઇ શાહુ નામના યુવાન પર રાતે તેના ઘર નજીક અભિનંદન અને મોનુ તથા અજાણ્યા શખ્સોએ સળીયાથી હુમલો કરી માર મારતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. સંતોષ શાહુ મુળ બિહારનો વતની છે અને કારખાનામાં કામ કરે છે. તે ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં નાનો છે તથા સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. સંતોષે કહ્યું હતું કે મારા ભત્રીજા વિકાસને એક અમારા જ વતનની છોકરી સાથે પ્રેમપ્રકરણ છે. આ બાબતનો ખાર રાખી બિહારના અભિનંદન, મોનુ સહિતે આ છોકરીના પરિવારજનોનું ઉપરાણું લઇ મારી સાથે ઝઘડો કરી લોખંડના સળીયાથી માર માર્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં મોરબી રોડ પર ગાંધી વસાહતમાં રહેતાં નયનભાઇ પ્રેમજીભાઇ મકવાણા નામના ત્રીસ વર્ષના યુવાન પર રાતે પારેવડી ચોક મહાત્મા ગાંધી પ્લોટમાં હતો ત્યારે આ વિસ્તારના જયેશ નામના શખ્સે લાકડીથી હુમલો કરી માર મારતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં બી-ડિવીઝન પોલીસને જાણ કરવામાં આવી હતી. નયનભાઇ કેટરર્સનું કામ કરે છે. તેના કહેવા મુજબ જુની બોલાચાલીનો ખાર રાખી અચાનક જયેશ આવ્યો હતો અને તને તો મુકવો જ નથી તેમ કહી લાકડીથી તૂટી પડ્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ત્રીજી ઘટનામાં વાવડીના ન્યુ ભારતનગર-૨માં રહેતાં અને કંપનીમાં કામ કરતાં રાહુલભાઇ ચંદુભાઇ મકવાણા નામના આડત્રીસ વર્ષના યુવાન પર ઘર નજીક તે પાણી પુરી ખાવા પોતાના ભાઇ સાથે ઉભો હતો ત્યારે આ વિસ્તારનો જ એક શખ્સ કે જેને પોતે જોયે ઓળખે છે તે ત્યાં આવતાં તેણે સામુ જોવા મામલે ગાળો દેતાં ગાળો દેવાની ના પાડતાં તેણે ઉશ્કેરાઇ જઇ પાણીપુરીવાળાને ત્યાં રાખેલો સ્ટીલનો ગ્લાસ ઉપાડીને માથામાં મારતાં ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી.

કંપનીમાંથી ચાલીને મિત્રો સાથે નાસ્તો લેવા જતો હતો અને રસ્તામાં કાળ ભેટ્યો

# હીટ એન્ડ રનઃ પરિવારના એકના એક આધારસ્તંભનું મોત

## બાવીસ વર્ષના યુવાનને બોલેરોવાળો ઠોકરે લઇ ભાગી જતાં જીવ ગયોઃ બીજી ઘટનામાં એસીનો પાઇપ ફીટ કરતી વખતે બીજા માળેથી પડી જતાં ઓગણીસ વર્ષના યુવાનનું મોતઃ ત્રીજી ઘટનામાં સગર્ભાએ ગળાફાંસો ખાઇ મોત મેળવ્યુઃ ચોથી ઘટનામાં સગર્ભાનું બેભાન હાલતમાં મોત થયું

રાજકોટ,તા.૧૮

અપમૃત્યુની ઘટનાઓનો કરૂણ સિલસિલો યથાવત રહ્યો હતો. વધુ ત્રણ લોકોના અલગ અલગ કારણોસર મૃત્યુ થયા હતાં. જેમાં હિટ એન્ડ રનના બનાવમાં એક પરિવારના એકના એક આધારસ્તંભ યુવાન દિકરાનો જીવ ગયો હતો. કંપનીમાંથી તે મિત્રો સાથે નાસ્તો લેવા પગપાળા જતો હતો ત્યારે બોલેરો પીકઅપનો ચાલક ઉલાળીને ભાગી ગયો હતો. બીજી ઘટનામાં એક યુવાનનું એસીનો પાઇપ ફીટ કરતી વખતે બીજા માળેથી પટકાઇ જવાને કારણે મોત થયું હતું. તો ત્રીજી ઘટનામાં એક સગર્ભા પરિણીતાએ ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દીધી હતી. ચોથી ઘટનામાં એક સગર્ભાનું બેભાન હાલતમાં મૃત્યુ થતાં પરિવારમાં શોકની કાલીમા વ્યાપી ગઇ હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો લોધીકામાં હિટ એન્ડ રનના બનાવમાં મુળ બિહારના યુવાનનું બોલેરો પીકઅપની ઠોકરે ચડી જતાં મોત થયું હતું. અકસ્માત બાદ આ વાહનનો ચાલક ભાગી ગયો હતો. યુવાન સાંજે કંપનીમાંથી બીજા ત્રણ મિત્રો સાથે ચાલીને નાસ્તો લેવા માટે જતો હતો ત્યારે બંબાટ ઝડપે નીકળેલી બોલેરોની ઠોકરે ચડી જતાં આ બનાવ બન્યો હતો. લોધીકાના ચીભડા ગામે રહેતો અને કંપનીમાં ઇલેક્ટ્રીશીયન તરીકે કામ કરતો અખિલેશકુમાર દુલારભાઇ પંડીત નામનો બાવીસ વર્ષનો યુવાન સાંજે સાડા સાતેક વાગ્યે સ્પીડવેલ કંપની નજીક ચાલીને જતો હતો ત્યારે એક બોલેરો પીકઅપની ઠોકરે આવી જતાં ગંભીર ઇજા થઇ હતી.

તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં લોધીકા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર અખિલેશકુમાર એક બહેનથી નાનો અને અપરિણીત હતો. બિહારમાં રહેતાં માતા-પિતાનો તે એક જ આધાર હતો. તે લોધીકાના ચીભડામાં કુટુંબી ભાઇ સાથે રહી કંપનીમાં કામ કરતો હતો. સાંજે ત્રણ



મિત્રો સાથે કંપનીમાંથી છુટીને નાસ્તો લેવા જવા માટે ચાલીને જતો હતો ત્યારે અજાણી બોલેરો પીકઅપની ઠોકરે આવી ગયાનું જણાવાયું હતું. પોલીસે આ બોલેરો ચાલક અંગે તપાસ હાથ ધરી હતી.

બીજી ઘટનામાં ઉપલેટાના મોટી પાનેલી ગામે રહેતાં ઓગણીસ વર્ષના યુવાનનું ગોડલના ગોમટા પાસે એસી પાઇપ ફીટીંગ વખતે બીજા માળેથી પડી જતાં મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મોટી પાનેલી રહેતો ધ્રુવ ભીખુભાઇ પરેશા નામનો ઓગણીસ વર્ષનો યુવાન ગત આઠમી તારીખના તા. ગોંડલના ગોમટા ગામે એસી ફીટીંગનું કામ કરવા ગયો ત્યારે બીજા માળે પાઇપ ફીટીંગ વખતે અકસ્માતે પડી જતાં માથામાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. તેનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ધ્રુવ જોડીયા ભાઇ અને બે બહેનમાં નાનો હતો. તેના લગ્ન થયા નહોતાં. હાલ તે શાપર વેરાવળની ક્રિએટીવ એર સિસ્ટમ કંપનીમાં નોકરી કરતો હતો. કંપની કામનો ઓર્ડર મળ્યો હોઇ તે ગોમટા કામ કરવા ગયો ત્યારે આ બનાવ બન્યો હતો. યુવાન અને આશાસ્પદ દિકરાના મૃત્યુથી પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

ત્રીજી કરૂણ ઘટના જોઇએ તો શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં લાખના બંગલા પાસે રહેતી સગર્ભાએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે.પાંચ માસની ગર્ભવતી પરિણીતાએ ઘરે ગળાફાંસો ખાઇ જીવન ટુંકાવી લેતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. તેણીને ભાઇના ઘરે જવાનું હોઇ પતિ તેના માટે બસની ટિકીટ બૂક કરાવવા ગયો ત્યારે પાછળથી આ પગલુ ભરી લીધુ હતું. લાખના બંગલા નજીક અક્ષરનગર-૩માં રહેતી અઠ્ઠાવીસ વર્ષની કવિબેન હેમંતભાઇ ચેતરીયા નામની પરિણીતાએ ઘરે પંખામાં કપડા સુકવવાની દોરી બાંધી દેહ લટકાવી દેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

પરંતુ અહિ સારવારમાં દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફ મારફત થતાં ગાંધીગ્રામના પીએસઆઇ પી. બી. પટેલે જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારા કવિબેનના લગ્ન નવ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક દિકરી છે અને હાલમાં પાંચ માસનો ગર્ભ હતો. તેમના પતિ હેમંતભાઈ ખાનગી બેંકમાં નોકરી કરે છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ કવિબેનને પોતાના ભાઈના ઘરે આણંદ જવું હોવાથી પતિ બસની ટિકિટ બુક કરાવવા બહાર ગયા હતા. થોડા સમય બાદ તેઓ ઘરે પરત ફર્યા ત્યારે રસોડામાં પત્નિને લટકતી હાલતમાં જોઈ હચમચી ગયા હતા. આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

ચોથી ઘટના જોઇએ તો સુરેન્દ્રનગરમાં આંબાવાડી વિસ્તારમાં રહેતી બીન્દુકુમારી મયારામ પાસવાન નામની ત્રીસ વર્ષની સગર્ભા બેભાન થઇ જતાં સુરેન્દ્રનગર હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ તેણીનું મૃત્યુ થયું હતું. બાળક પેટમાં ઉંધુ હોવાનું નિદાન થયા બાદ તેણીનું મૃત્યુ થયું હતું. તેને સંતાનમાં એક દિકરો અને એક દિકરી હતાં. ત્રીજુ બાળક પેટમાં હતું. પતિ છુટક મજૂરી કરે છે. મુળ યુપીની આ પરિણીતાના મોતનું કારણ જાણવા મૃતદેહ સુરેન્દ્રનગર પોલીસે રાજકોટ ખસેડ્યો હતો. આમ ચાર ઘટનામાં અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં.

## ૨૮મીએ જનરલ બોર્ડ યોજાઈ તેવી શકયતા

# મનપાના હોદ્દેદારો માટેનું સસ્પેન્શ સીધુ જ જનરલ બોર્ડમાં જ ખુલશે



## આજે રાજકોટ સુધરાઈ હોદ્દેદારોના નામોની થઈ શકે છે જાહેરાત

રાજકોટ,તા.૧૮

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો ઘણા સમયથી આવી ગયા છે અને ભાજપની પાર્લામેન્ટરી બોર્ડ બેઠક પણ પૂર્ણ થઈ ચુકી છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે રાજકોટ મહાનગરપાલિકાના હોદ્દેદારોના નામોની જે વરણી થઈ જવી જોઈએ તે હજુ સુધી થઈ નથી. જેની પાછળના અનેકવિધ તર્કવિર્તકો થઈ રહ્યાં છે છેત્યારે ભાજપના સુત્રો દ્વારા જે માહિતી મળી રહી છે તે મુજબ આજે સુધરાઈના હોદ્દેદારોના નામોની જાહેરાત થઈ શકે છે. ત્યારબાદ ૨૨મીએ તાલુકા પંચાયત અને ૨૫મીએ જિલ્લા પંચાયતના હોદ્દેદારોની વરણી બાદ ૨૮મીએ મનપાના હોદ્દેદારોના નામો જનરલ બોર્ડમાં જ નક્કી થશે અને કવર ખુલશે તેવું હાલ ચર્ચાઈ રહ્યું છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ અનેકવિધ નામો પાંચ હોદ્દાઓ માટે ચર્ચાઈ રહ્યાં છે પરંતુ ભાજપ હરહંમેશ સરપ્રાઈઝ આપવામાં જ માન્યું છે ત્યારે આ વખતે પણ રાજકોટ મહાનગરપાલિકાના હોદ્દેદારો માટે આ જ સીસ્ટમ લાગુ થાય તો નવાઈ નહીં અનેક હરીફ જુથો એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે કે લાગતા વળગતા નામો હોદ્દેદારો તરીકે ન આવે.

રાજકોટ મહાનગરના નામો નક્કી કરવામાં અગાઉ પણ અનેકવિધ પ્રયત્નો અને પ્રયાસો વિવિધ હોદ્દેદારો તથા આગેવાનો દ્વારા હાથ ધરવામાં આવ્યા હતાં. પરંતુ સત્ય હકીકત શું છે તે તો આવનારો સમય જ જણાવશે. કયાંક એવી પણ ચર્ચાએ જોર પકડયું છે કે જિલ્લા પંચાયતમાં નો-રિપીટ થિયરીયર અપનાવવામાં આવે અને જો ખરા અર્થમાં આ વાત સત્ય સાબિત થાય તો મહાનગરપાલિકામાં પણ નો-રિપીટ થિયરી લાગુ પડી શકે તેમ છે. જેથી હાલ જે નામો ચર્ચાઈ રહ્યાં તેમના પર પૂર્ણ વિરામ મુકી દેવામાં આવશે. બ્રાહ્મણ, રઘુવંશી, ક્ષત્રિય, કડવા પટેલ તથા લેઉવા પટેલ સમાજ મહાનગરપાલિકાના પાંચ મહત્વના હોદ્દા માટે લોબીંગ કરી રહ્યું છે ત્યારે હજુ પણ પ્રદેશ ભાજપ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના હોદ્દેદારોના નામ નક્કી કરવામાં આવ્યા નથી જેનો સીધો જ મતલબ એ થઈ શકે છે કે હાલ પાર્ટી આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઈ હાલની પ્રર્વતમાન પરિસ્થિતિને ધ્યાને લઈને અત્યંત ગંભીરતા પૂર્વક નામો પર વિચાર વિમર્શ થઈ રહ્યો છે. ત્યારે ૨૮મીએ ડાયરેકટ જનરલ બોર્ડમાં જ મહાનગરપાલિકાના હોદ્દેદારોના નામોનું સસ્પેન્શન ખુલશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

પાર્લામેન્ટરી બોર્ડમાં અનેકવિધ નામોની ચર્ચા થઈ ચુકી છે ત્યારબાદ કેન્દ્રીય ગૃહમંત્રી પણ ગુજરાત આવી પહોંચ્યાહ તાં જ્યાં વિવિધ નામો અંગે ચર્ચા કરી હોવાનું રાજકીય વર્તુળોમાં જાણવા મળ્યું હતું. છતાં પણ રાજકોટ મહાનગરપાલિકાના હોદ્દેદારોના નામો અંગે કોઈ સ્પષ્ટતા ન થતાં ઘણા પ્રશ્નો ઉભા થઈ રહ્યાં છે. જેનો જવાબ આગામી ૨૮મીએ યોજાનારી જનરલ બોર્ડમાં જ મળશે.

### જીએસટી ચોરીનું રેકેટ પકડાયું : અનેકવિધ ખુલાસાઓની શક્યતા

# SGST કરશે ચાંદીની દાણચોરીની તપાસ

રાજકોટ, તા. ૧૮

રાજ્યમાં ચાંદીની દાણચોરીનો પર્દાફાશ થયો છે જેમાંથી ૧૮૧ કિલો ચાંદી બિન હિસાબી હોવાનું પણ માલુમ પડ્યું છે હાલ આશ્ચર્યની વાત એ છે કે હજુ સુધી કોઈ મોટી પેઢીનું નામ ખુલ્યું નથી અને સમગ્ર તપાસ હાલ સ્ટેટ જીએસટી ન સોંપી દેવામાં આવી છે. એટલું જ નહીં સેન્ટ્રલ જીએસટી અને એટીએસ દ્વારા જે એરપોર્ટથી ચાંદી પકડવામાં આવી હતી તેનો કબજો પણ સ્ટેટ જીએસટીને સોંપી દેવામાં આવ્યો હોવાનું હાલ જાણકાર સૂત્રો જણાવી રહ્યા છે. જીએસટી દ્વારા હવે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી દીધી છે અને પ્રાથમિક કારણ એ સામે આવ્યું છે કે હાલ જે પાર્ટીનું નામ ચર્ચાઈ રહ્યું છે તેની સાથે અવારનવાર ચાંદીના વેપાર કરવામાં આવેલા છે અને જુના વ્યવહારો અંગે પણ હાલ તપાસ ધમધમે છે.

હાલ સ્ટેટ જીએસટીએ ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી દીધી છે ત્યારે આવનારા દિવસોમાં સત્ય હકીકત સામે આવશે અને અનેકવિધ ચોકાવનારા ખુલાસાઓ પણ થઈ શકે છે હાલ જીએસટી ચોરીનું મોટું રેકેટ પકડાયું હોવાનું પણ જાણકાર વર્તુળો કહી રહ્યા છે. અગાઉ ૨૦૨૪ માં વાઘ બારસના દિવસે રાજકોટ સ્ટેટ જીએસટી એ મોટું ઓપરેશન પાર પાડ્યું હતું.

સ્ટેજ જીએસટી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર છેલ્લા ઘણા સમયથી ટેક્સ ચોરીનું કાવતરું ચાલતું હતું. તો બીજી તરફ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યુરો ની બાદમીના આધારે સેન્ટ્રલ

**ઉપલા કાંઠાની સૂર્યા ટ્રેડિંગ પેઢી પર તોળાતી તપાસ : સનરાઈઝ પેઢી જેના મારફતે ચાંદી મોકલવામાં આવ્યું તે રાજકોટથી અનેકવિધ પેઢીઓ સાથે વેપાર કરતી'તી : રાજકીય પ્રેશર શરૂ થયું હોવાની ચર્ચાએ પકડ્યું જોર**

જીએસટીને જે સફળતા મળી છે તેમાંથી ૧૮૧ કિલો ચાંદી હિસાબી હોવાનું માલુમ પડતા હાલ સ્ટેટ જીએસટી ન સમગ્ર કેસ સોંપી દેવામાં આવ્યો છે હવે આવા પહેલા વિભાગ પણ સ્ટેજ જીએસટી સાથે મળીને તપાસ હાથ ધરશે.

રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ગત દિવસોમાં ઝડપાયેલા ૪૦૦ કિલો ચાંદીના જથ્થા મામલે અત્યંત ચોંકાવનારો ખુલાસો થયો છે. સત્તાવાર તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આ વિશાળ જથ્થામાંથી ૧૮૧ કિલો ચાંદી સંપૂર્ણપણે બિનહિસાબી છે. આ ઘટસ્ફોટ બાદ હવે કેન્દ્રીય એજન્સીઓ હરકતમાં આવી છે અને ટેક્સ ચોરીના એક મોટા રેકેટનો પર્દાફાશ થવાની પૂરેપૂરી શક્યતા છે. રાજકોટ એરપોર્ટ પર કાર્ગો સુવિધા દ્વારા મંગાવવામાં આવેલા ૪૦૦ કિલો ચાંદીના જથ્થાની જ્યારે ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવી, ત્યારે જાણવા મળ્યું કે તેમાંથી માત્ર ૨૧૯ કિલો ચાંદીના જ માન્ય દસ્તાવેજો ઉપલબ્ધ હતા. બાકીની ૧૮૧ કિલો ચાંદીનો કોઈ હિસાબ કે બિલ ન મળતા વિભાગ દ્વારા તેને જપ્ત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

જો આ મામલે યોગ્ય તપાસ થશે તો ગુજરાતમાં ચાલતા ટેક્સ ચોરીના મોટા નેટવર્કનો પર્દાફાશ થઈ શકે તેમ છે. હાલમાં સેન્ટ્રલ ઋજ્ઞ્ળ વિભાગ આ મામલે તપાસ ચલાવી રહ્યું છે, પરંતુ બિનહિસાબી જથ્થાની કિંમત અને તેની પાછળના શંકાસ્પદ વ્યવહારોને જોતા આગામી સમયમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને પણ આ કેસ સોંપવામાં આવી શકે છે. તપાસ એજન્સીઓ હવે એ દિશામાં પણ કામ કરી રહી છે કે આ પહેલા આ રીતે કેટલા કન્સાઈનમેન્ટ રાજકોટ આવ્યા હતા અને તેમાં કેટલું બિનહિસાબી ચાંદી લાવવામાં આવ્યું હતું. સૌથી મોટો સવાલ એ ઉઠી રહ્યો છે કે રાજકોટની કઈ પેઢી આ જથ્થો મંગાવી રહી હતી અને આટલી મોટી માત્રામાં બિનહિસાબી કિંમતી ધાતુ લાવવાનો હેતુ શું હતો?

# રાજકોટ જિલ્લા પંચાયતમાં 'નો-રિપીટ' થિયરીની ફોર્મુલા ?

રાજકોટ,તા.૧૮

રાજકોટ મહાનગરપાલિકાની સાથોસાથ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના હોદ્દેદારોની વરણી હજુ સુધી શકય બની નથી ત્યારે ૨૨મીએ તાલુકા પંચાયત અને ૨૫મીએ જિલ્લા પંચાયતના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવશે તેવું હાલ જાણવા મળી રહ્યું છે. તો બીજી તરફ જિલ્લા પંચાયતમાં નો રિપીટ થિયરી આવે તેવી ચર્ચાએ જોર પકડયું છે અને જો આ વાત સાર્થક થાય તો મહાનગરપાલિકામાં પણ નો રિપીટ થીયરી લાગુ કરવામાં આવી શકે તો નવાઈ નહીં.બીજી તરફ રાજકીય વર્તુળોમાં એક એવી પણ ચર્ચા જાગી છે કે છેલ્લી ઘડીએ જેમના મેન્ડેટ બદલાયા છે એ લોકોને હોદ્દાઓથી બાકાત રાખવા એક હરિફજૂથ લોબીંગ કરી રહ્યું હોવાની



**જિલ્લા પંચાયતમાં નો રિપીટ થિયરી લાગુ થાય તો મહાનગરપાલિકામાં પણ થઈ શકે છે અમલવારી**

ચર્ચા છે. ત્યારે આ પરિસ્થિતિ અંગે જો વિગતવાર ચર્ચા હાથ ધરાઈ તો અર્જુન ખાટરીયા હોદ્દાથી વંચિત રહે તેવી પણ સંભાવના છે અને છેલ્લી ઘડીએ મેન્ડેટ બદલાણા હોય તેવા હોદ્દેદારોમાં મહાનગરપાલિકાના નેહલ શુકલનું પણ પત્તુ કાપવા માટે હરિફ જૂથના પ્રયાસો સફળ બને તેવી ચર્ચાએ જોર પકડયું છે.

એક વાત એવી પણ સામે આવી રહી છે કે રાજકોટ શહેરની જ્યારે પાર્લામેન્ટરી બોર્ડ બેઠક મળી ત્યારે એક બુર્ઝુગ ભાજપના સક્રિય નેતાએ ચુંટાયેલા સભ્યોન ઉપસ્થિતિમાં ટિકીટમાં રોકડી થયા અંગેનો પ્રશ્ન પુછતા જ થોડીવાર મિટીંગમાં સન્નાટો મચી ગયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે ત્યારે આ વાતને ધ્યાને લેવામાં આવે તો એ વાત તો સ્પષ્ટ છે કે મજબૂત અને હરિફ જૂથના પ્રયાસો એ છે કે હાલ જે નામો ચર્ચાઈ રહ્યાં છે તેઓને હોદ્દો ન મળે.

આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લેતાં જો પ્રદેશ ભાજપ જિલ્લા પંચાયતમાં નો રિપીટ થીયરી અપનાવે તો તેની સીધી જ અસર મહાનગરપાલિકા ઉપર જોવા મળશે અને હાલ જે નામો ચર્ચાઈ રહ્યાં છે તેમાં પણ પૂર્ણ વિરામ લાગી શકે તો નવાઈ નહીં



# નવા હોદ્દેદારોની વરણી થતા જ સાંઢીયો પુલ મુકાશે ખુલ્લો

## ૭૪ કરોડના ખર્ચે બનેલા ફોરલેન ઓવરબ્રિજથી એક લાખ વાહનચાલકોને મળશે ટ્રાફિકમાંથી મુક્તિ

રાજકોટ, તા. ૧૮

સાંઢીયા પુલનું કામ ૯૫ ટકા પૂર્ણ થઈ ચૂક્યું છે . પરંતુ તેમ છતાં હજુ રાજકોટ વાસીઓએ ખાસો સમય વાટ જોવી પડશે જેની પાછળનું મુખ્ય કારણ એ છે નવી બોડી હજી કાર્યરત થઈ નથી. સાથોસાથ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે કે નવા હોદ્દેદારોની નિમણૂક થયા બાદ જ નવા હોદ્દેદારો સાંઢીયા પુલનું લોકાર્પણ કરશે. હાલ જે સમયે ગાળામાં બ્રિજ પૂર્ણ થવાનો હતો તે પણ પૂર્ણ થયો નથી અને હજુ પણ લોકોએ ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે.

રાજકોટની જનતાની આ તે કેવી કમનસીબી? તેની જ પરસેવાની કમાણીમાંથી મળતી સુવિધા ભોગવવા માટે રાજકીય પ્રસિધ્ધિની લ્હાય જ્યા સુધી નેતાઓને પુરી ન થાય ત્યા સુધી રાહ જોવી પડે! છેલ્લાં સવા બે વર્ષથી સવા લાખથી વધુ વાહનસવાર રોજેય ૧૦ કી.મી.ની પ્રદક્ષિણા જેના કારણે વેઠી રહ્યા છે તેવા સાંઢિયા પુલનું કામ પુર્ણ થઇ ગયુ છે. રેડી ટુ પઝેશનમાં છે. હાલ માત્ર ડિવાઇડર પર સ્ટોન મારવાનું કામ અને એ પણ ચોવીસ કલાકથી ઓછા સમયમાં પુરુ થઇ જશે અને બુધવાર અથવા તો ગુરુવારે કોન્ટ્રાક્ટર આ નવો પુલ મનપાને સોંપી આપશે તેમ પ્રોજેક્ટ ઈન્ચાર્જ સિટી ઇજનેર અતુલ રાવલ સાથે થયેલી ટેલિફોનિક વાતચીતમાં તેમણે જણાવ્યુ હતુ.

શહેરના જામનગર રોડ પર ૪૬ વર્ષ જુના સાંઢિયા પુલની જર્જરિત હાલત હોવાથી રૂ. ૭૪.૩૨ કરોડના ખર્ચે તેના નવીનીકરણ સાથે ફોરલેન બ્રિજ બનાવવા માટે છબઈ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો. જેથી ૭ માર્ચ ૨૦૨૪ના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું અને આ પછી મે ૨૦૨૪થી લોકોની અવરજવર માટે આ પુલને બંધ કરી ડાયવર્ઝન જાહેર કરી બાદમાં પુલને તોડી ફોરલેન બ્રિજ બનાવવા માટે કામગીરી શરૂ કરવામાં આવી હતી. આજે બે વર્ષના અંતે સાંઢિયો પુલ ફોરલેન ઓવરબ્રિજ બનીને તૈયાર થઇ ચુક્યો છે, જેના થકી રોજબરોજ રાજકોટ શહેરના જામનગર રોડ પર રહેતા અને રાજકોટથી જામનગર તેમજ દ્વારકા, મોરબી અને કચ્છ તરફ જતા વાહન ચાલકોને ટ્રાફિકમાંથી મુક્તિ મળશે.

રાજકોટના સાંઢિયાપુલનું લોકાર્પણ મનપાની ચૂંટણી પહેલા જુના શાસકોના કાર્યકાળમાં થાય તે માટે શક્ય તેટલા તમામ ઝડપી પ્રયાસ કરવામા આવ્યા હતા પરંતુ કેટલીક ટેકનિકલ અવરોધો વચ્ચે આ શક્ય બન્યુ ન હતુ. જો કે હાલ કામ સંપૂર્ણ પુર્ણ થવાના આરે છે. તા.૨૦મીએ લોકાપર્ણ કરી શકાય તે સ્ટેજ પર કામ સંપુર્ણ કમ્પ્લિટ થઇ જશે તેમ અઠવાડિયા પહેલા જ મ્યુનિ.કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યુ હતુ. અને આજે આ પ્રોજેક્ટ સંભાળતા સિટી ઇજનેર અતુલ રાવલે સતાવાર રીતે એવુ કહ્યુ હતુ કે, કમિશનર સાહેબે જે તારીખ આપી હતી તે યથાવત જ રહેશે અને બુધવાર અથવા ગુરુવારે કોન્ટ્રાક્ટર બ્રિજનો કબજો સોંપી શકે છે.

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્ણ થયા બાદ હજુ સુધી પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવી નથી તેને કારણે જામનગર રોડ પરના સાંઢીયા પુલનું લોકાર્પણ અટક્યું છે. જો કે, હવે સાંઢીયો પુલ તૈયાર થઈ જતા ટૂંક જ સમયમાં રાજકોટ મહાનગરપાલિકાએ સાંઢીયા પુલનું ફરજિયાત પણે લોકાર્પણ કરવું જ પડશે. મેયર સહિત પદાધિકારીઓની નિમણૂક પણ ટૂંક જ સમયમાં કરવામાં આવશે. ત્યારબાદ પ્રથમ લોકાર્પણ સાંઢિયા પુલનું કરવામાં આવે તેવી પૂરી શક્યતાઓ જોવા મળી રહી છે.

### બ્રિજના ફાયદા – ખાસિયત?

- ૨ લેનમાંથી ૪ લેન કરવામાં આવ્યો
- સેન્ટ્રલ સ્પાન સહિત ૨૧ સ્પાન ઉપર ઉભો છે બ્રિજ
- સ્ટ્રોમ વોટરના નિકાલ માટે પણ ખાસ બે આર.સી.સી. બોક્ષ કલવર્ટની વ્યવસ્થા
- બ્રિજમાં આર.સી.સી. વોલની લંબાઇ અંદાજીત ૧૬૮ મીટર રાખવામાં આવી
- બ્રિજ બનવાથી રાજકોટના લાખો લોકોને ટ્રાફિક સમસ્યાથી મુક્તિ મળશે
- હોસ્પિટલ ચોકથી રેલનગર, બજરંગવાડી, શીતલપાર્ક, માધાપર, ઘંટેશ્વર, મોરબી રોડ અને ૧૫૦ ફૂટ રિંગ રોડ પર જવા માટે લોકો સરળતાથી આ બ્રિજનો ઉપયોગ કરી શકશે.
- છેલ્લા ૩ વર્ષથી એસટી બસ તેમજ ભારે વાહનો જામનગર રોડ પરના બદલે શહેરની અંદર મધ્યમાં કાલાવડ રોડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ અને રૈયા રોડ પર થઇને જામનગર, દ્વારકા, મોરબી, કચ્છ તરફ જઈ રહ્યા છે.
- ગુજરાતની પ્રથમ એઇમ્સ હોસ્પિટલને જોડતો માર્ગ પણ બંધ થતા હવે મેડિકલ ક્ષેત્રે દર્દીઓને સારવાર માટે પણ આ બ્રિજ ઝડપી અને મદદરૂપ ચોક્કસ બની શકશે.
- ત્રિકોણ બાગથી માધાપર ચોકડી હાલ પહોંચતા 30 મિનિટનો સમય લાગે છે જે ઘટી ૧૫ મિનિટ થઈ જશે.